




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. જીવનમાં ત્યાગની પ્રતિષ્ઠા | ૧ |
| ૨. પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપીશું | ૨ |
| ૩. ગોસંવર્ધન : ગોમૂત્ર-ગોમય આધારિત કુટીર ઉદ્યોગ-૧ | ૪ |
| ૪. ગીતા પ્રવચન : જીવનમાં સંઘર્ષ અનિવાર્ય | ૭ |
| ૫. ભારતીય સંસ્કૃતિ વિશ્વસંસ્કૃતિ બનશે | ૧૨ |
| ૬. સહચર જ નહીં, અભિન્ન અંગ બનો | ૧૬ |
| ૭. શિક્ષણ એવું જોઈએ જે માનવીનું નિર્માણ કરી શકે | ૨૪ |
| ૮. અહંશૂન્ય થવા માત્રથી જ મળે છે-ગુરુકૃપા | ૩૨ |
| ૯. મહાપૂર્ણાહુતિ વર્ષની અતિ મહત્ત્વપૂર્ણ પાંચ સૂત્રી યોજના | ૩૪ |
| ૧૦. એકવીસમી સદીમાં આપણાં કર્તવ્યો | ૩૭ |
| ૧૧. યુગ ગીતા-૧૨ : વ્યાવહારિક અધ્યાત્મનો મર્મ શીખવે છે ગીતાનો કર્મયોગ | ૪૦ |
| ૧૨. શિષ્યની અંતર્વેદના | ૪૪ |
| ૧૩. પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી : કલ્પસાધના સત્ર | ૪૫ |
| ૧૪. આત્મીય અનુરોધ | ૪૯ |
| ૧૫. અપનો સે અપની બાત | ૫૩ |


## વિશિષ્ટ આધ્યાત્મિક પ્રયોગ

*અછત દુષ્કાળ નિવારણ માટે દુષ્કાળ પ્રભાવીત ક્ષેત્રમાં તથા અન્ય સ્થળોએ સામૂહીક સાધના પ્રયોગ કરવામાં આવે. સામાન્ય રૂપમાં આ પ્રયોગ ૧ કલાક માં ૧૫-૨૦ મીનીટ સુધી જપની સાથે કરી શકાય છે. જપનો સમય સુવિધા અનુસાર વધારી ..કાય છે. ક્રમ નીચે પ્રમાણે છે.*

*(૧) પવિત્રિકરણ-ૐ અપવિત્રઃ પવિત્રો વા.....। (૨) તીલક-ૐ ચંદનસ્ય મહત્પુણ્યં....। (૩) કલાવા-ૐ વ્રતેન દીક્ષામાપ્નોતિ......। (૪) ગુરૂ આહવાહન-ૐ ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ.....। (૫) ગાયત્રી આહવાહન-ૐ આયાતુ વરદે દેવિ.....। (૬) સર્વદેવ નમસ્કાર-ૐ સિધ્ધિબુધ્ધિ સહિતાય.....। (૭) વરુણ આહવાહન-ૐ તત્વાયામિ બ્રહ્મણા વંદમાન.....। (૮) પંચોપચાર પૂજન-ૐ ગંધાક્ષતં પુષ્પાણિ ધૂપં દીપં નૈવેદ્યં સમર્પયામિ । ૐ કલશસ્થ વરુણદેવાય નમઃ । (૯) વરુણ પ્રાર્થના-બંને હાથ જોડી વરુણ દેવને ભાવભરી પ્રાર્થના કરીએ. પ્રાર્થના મંત્ર અને પધ્યાનુવાદના એક એક ચરણને બોલાવીએ.*

*ૐ સ નો વિશ્વાહા સુક્રતુઃ આદિત્યઃ સુપથા કરત્ । પ્રણ આયૂંષિ તારિષત્ ।*
*ૐ ઈમં મે વરુણ શ્રુધી, હવમદ્યા ચ મૃડય । ત્વામવસ્યુરા ચકે ।*
*ૐ ઉદુત્તમં મુમુગ્ધિ નો, વિપાશં મધ્યમં ચૃત । અવધામાનિ જીવસે । (ઋ૦૧-૨૫/૧૨,૧૯,૨૧)*

*દોહા-વરુણ દેવ ! હે અદિતિસુત ! સકલ શોક હર લેહુ । પ્રેરિત કર સન્માર્ગ પર, દીર્ઘ આયુ શુભ દેહુ ।।*
*વિનતી પર દેં ધ્યાન પ્રભુ ! વરુણ દેવ સુદયાલુ । શુભ, સુખ-સાધન દે હમેં, રક્ષા કરહુ કૃપાલુ ।।*
*સોરઠા-ઉચ્ચ મધ્ય અરુ નીચ, પાશ ખોલ દો સકલ પ્રભુ । લો વિપત્તિ સબ ખીંચ, ઉત્તમ જીવન દે હમેં ।।*

*(૧૦) જપ ધ્યાન-જેટલા સમય માટે જપ કરવાના હોય તેનાથી અડધો સમય વરુણ ગાયત્રી અને અડધો સમય બ્રહ્મ ગાયત્રી મંત્રના જપ કરવામાં આવે. જપના સમયે ધ્યાન ધરવામાં આવે કે આપણા બધાની જપ ઉર્જા આકાશમાં જઈ એકત્ર થઈ રહી છે અને ત્યાંથી સર્વત્ર અનુદાન વરદાનની વર્ષા થઈ રહી છે. જેનાથી વાતાવરણ સારું થઈ રહ્યું છે અને પ્રત્યેક સમસ્યાનું સમાધાન થઈ રહ્યું છે.*

*વરુણ ગાયત્રી મંત્ર-ૐ જલબિમ્બાય વિદ્મહે, નીલપુરુષાય ધીમહિ । તન્નો વરુણઃ પ્રચોદયાત્ ।।*

*(૧૧) અગ્નિ સ્થાપના-જપ યજ્ઞ પછી દિપ યજ્ઞ સંપન્ન કરવામાં આવે, વ્યક્તિગત પાંચ તથા સામૂહિક સ્તર પર ૨૪ અથવા વધારે દિપક રાખવામાં આવે અને ૐ અગ્ને નય સુપથારાયે....મંત્રથી દિપ પ્રજજ્વલિત કરવામાં આવે.*

*(૧૨) દિપ યજ્ઞ-જપના સમયે કરવામાં આવેલ. ધ્યાનની ભાવના સાથે પહેલા બાર આહુતિ ગાયત્રી મંત્રથી ચોવીસ આહુતિ વરુણ ગાયત્રી મંત્રથી અને છેલ્લે બાર આહુતિ પુનઃ ગાયત્રી મંત્રથી તથા અંતમાં ત્રણ આહુતિ મહામૃત્યુંજય મંત્રથી ભાવનાત્મક આપવામાં આવે. ગાયત્રી મંત્રની જેમ જ વરુણ ગાયત્રી મંત્રમાં પણ સ્વાહા જોડીને ઈદં વરુણાય ઈદં ન મમ બોલી આહુતિ પ્રદાન કરવામાં આવે.*

*(૧૩) પૂર્ણાહુતિ-સેવાત્મક કોઈ સંકલ્પની સાથે ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં...મંત્રથી પૂર્ણાહુતિ કરવામાં આવે.*

*(૧૪) આરતી-ૐ યં બ્રહ્મ વેદાંતવિદો વદંતી.....। (૧૫) શુભ કામના-ૐ સર્વે ભવંતુ સુખિનઃ.....।*

*(૧૬) શાંતિ અભિષિંચન-મુખ્ય કલશ જળ લઈ બધી વ્યક્તિઓ પર ૐ દ્યૌઃ શાંતિરંતરિક્ષ....મંત્ર બોલી છાંટવું. (૧૭) વિસર્જન-ૐ યાંતુ દેવગણાઃ સર્વે......। (૧૮) જય ઘોષ.....।*




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ॐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક/સંરક્ષક :

વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદૃષ્ટા

પં૦ શ્રીરામ શર્મા આચાર્ય

અને

માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :

પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :

ઘનશ્યામ પટેલ

: કાર્યાલય :

ગાયત્રી તપોભૂમિ,

મથુરા – ૨૮૧ ૦૦૩

: ટેલીફોન :

(૦૫૬૫) ૪૦૪૦૦૦, ૪૦૪૦૧૫

વાર્ષિક લવાજમ : ૪૫ રૂપિયા

આજીવન લવાજમ : ૫૦૦ રૂપિયા

વિદેશનું લવાજમ

વાર્ષિક : ૧૦ પાઉન્ડ/૧૫ ડોલર/ ૪૦૦ રૂપિયા

આજીવન : ૧૦૦ પાઉન્ડ ૧૫૦ ડોલર/૪૫૦૦ રૂપિયા

વર્ષ – ૩૧, અંક – ૭

પ્રકાશન તિથિ ૨૫–૬–૨૦૦૦

જુલાઈ – ૨૦૦૦

## જીવનમાં ત્યાગની પ્રતિષ્ઠા

મોક્ષ શું છે ? મુક્તિ શું છે ? આ પ્રશ્ન ભારતીય સંસ્કૃતિના પક્ષકાર માનવીના મનમાં સહજ જ ઉદ્‌ભવે છે. તેનું પૃથ્વી પર અવતરણ થયું તે કાળથી હંમેશ માટેનો એ પ્રશ્ન છે. કેટલીયે વ્યક્તિઓ એમ સમજે છે કે મોક્ષ મૃત્યુ થયા પછી-શરીરનું બંધન છૂટયા પછી જ મળે છે. એની પ્રાપ્તિ માટે દાન-પુણ્ય વગેરે અનેકવિધ ધર્મ કૃત્યો કરતા પણ જોવા મળે છે. પરંતુ શું વાસ્તવિક મોક્ષ એનાથી મળી જાય છે ? ઋષિઓની દૃષ્ટિથી જોઈએ તો આ એક એવી વ્યવસ્થા છે જેના અંતર્ચક્ષુઓ દ્વારા સાક્ષાત્કાર કરી શકાશે.

ઋષિ મનીષા કહે છે કે જે મોહનો ત્યાગ છે, તે જ મોક્ષ છે. આને સદેહે જીવન દરમિયાન કોઈ પણ સ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ પ્રયાસ કરવાથી મેળવી શકે છે. વાસ્તવમાં જીવનમાં ત્યાગની પ્રતિષ્ઠાનું નામ મોક્ષ છે. વાસના-તૃષ્ણા-અહંતા રૂપી ત્રિવિધ બંધનોથી મુક્તિ મેળવીને આત્મતત્ત્વની તરફ અભિમુખ થવાનો પુરુષાર્થ જ મોક્ષ છે. આ મોક્ષ આપનારું જ્ઞાનનું સ્વરૂપ ભારતીય તત્ત્વજ્ઞાનની વિવિધ વિચાર ધારાઓ મુજબ ભિન્ન-ભિન્ન હોઈ શકે છે, પરંતુ બધાનું લક્ષ્ય એક છે-જીવને બંધનોથી મુક્તિ અપાવવી. વાસ્તવમાં પ્રત્યેક વ્યક્તિને માનવ જીવન આ પરમ પુરુષાર્થ કરવા માટે મળ્યું છે, જેને નિર્વાણ મુક્તિ કે છુટકારો કંઈ પણ નામ આપીએ. તે કર્મ કરે અને પરમતત્ત્વની પ્રાપ્તિ માટે મળેલ આ સુયોગને સાર્થક બનાવે. મોક્ષ પ્રાપ્તિ માટે કરવામાં આવનાર આ કર્મને જો જીવન જીવવાની કળા કહેવામાં આવે તો તેને અતિશયોક્તિ સમજવી નહિ.

યોગેશ્વર કૃષ્ણે ગીતામાં, આ કળાનો જેમાં બંધનમુક્તિ કે મોક્ષ પ્રાપ્તિનો સંદેશ આપ્યો છે, તે ધનંજયને ઘણું સારું શિક્ષણ આપે છે. ગીતાકાર મોક્ષને જીવનના એક ક્રિયાત્મક પક્ષના રૂપમાં ગણે છે. કર્મ કરતી વેળાએ તેમાં પરમ સત્તા પ્રત્યે સમર્પણ ભાવથી જો કોઈ પુરુષાર્થ કરે છે. (मयि सन्यस्य मत्परः) તો તે આ જીવનમાં જ મોક્ષ મેળવી લે છે. કર્મ કરતી વેળાએ વ્યક્તિએ મુખ્યત્વે લોભપ્રધાન, મોહપ્રધાન અને અહંપ્રધાન બંધનોને તોડવા પડે છે. દુષ્પ્રવૃત્તિઓનું બંધન હંમેશાં અસર કરે છે. તેનાથી છુટકારો મેળવવા, જ્ઞાન દ્વારા ભવબંધનોથી મુક્તિ મેળવવી તે જ મોક્ષ છે. જો આ દૂરદર્શિતા આપણી અંદર જાગી જાય તો મોક્ષનું તત્ત્વજ્ઞાન સમજીને આપણે જીવનને સફળતાના ચરમ શિખરો સુધી પહોંચાડી શકીએ છીએ. આ માર્ગ ઋતુંભરા પ્રજ્ઞાના શરણના રૂપમાં પ્રત્યેક વ્યક્તિ માટે ખુલ્લો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## યુગનિર્માણ સંત્સકલ્પ-૧૪

# પરંપરાઓની તુલનામાં વિવેકને મહત્ત્વ આપીશું

ભગવાને મનુષ્યને યોગ્ય-અયોગ્યનો, લાભ-નુકસાનનો નિષ્કર્ષ કાઢવા તથા કયાં જવું અને કયાં ન જવું તેનો નિર્ણય કરવા માટે ઉપયોગી બુદ્ધિ આપી છે. એ આધારે જ તેની ગતિવિધિઓ ચાલે છે પણ એવું જોવા મળે છે કે રોજિંદા જીવનની સામાન્ય વાતોમાં જે વિવેક સારું કામ કરે છે એ જ વિવેક મહત્ત્વની સમસ્યા સામે આવે ત્યારે કુંઠિત થઈ જાય છે. પરંપરાઓની તુલનામાં તો કોઈ વિરલાનો જ વિવેક જાગૃત રહે છે નહિ તો આંતરિક વિરોધ રહેવા છતાં લોકો પાણીમાં વહેતા તણખલાની જેમ અનિચ્છિત દિશામાં વહેવા લાગે છે. જે તરફ ઘેટાંનું ટોળું જાય છે એ તરફ જ બધાં ઘેટાં જાય છે. એક ઘેટું કૂવામાં પડે તો પાછળથી બધાં ઘેટાં એ જ કૂવામાં પડી પોતાના પ્રાણ ગુમાવવા લાગે છે. દેખાદેખીની નકલ કરવાની પ્રવૃત્તિ વાંદરામાં જોવા મળે છે. તે બીજાઓને જેવું કરતા જુએ તેવું જ પોતે પણ કરવા લાગે છે. આ આંધળું અનુકરણ કરવાની ટેવને જ્યારે મનુષ્યનું મન પણ માની લે છે ત્યારે તે એ સિદ્ધ કરવાની કોશિશ કરે છે કે માણસ વાનરનો વંશજ છે.

સમાજમાં એવી કેટલીય પ્રથાઓ પ્રચલિત છે જેમાં રત્તીભાર પણ લાભ નથી, નુકસાન ઘણી રીતે છે પરંતુ એકની દેખાદેખીથી બીજો તેને કરવા લાગે છે. બીડી અને ચાનો પ્રચાર દિવસે-દિવસે વધી રહ્યો છે. નાનાં-નાનાં બાળકો તે શોખથી પીએ છે. આ વસ્તુઓ મોટાઈ કે સભ્યતાની નિશાની છે એવું સમજવામાં આવે છે. આ વસ્તુઓ પીવી એ પોતાને અમીર અને ધનવાન સાબિત કરવા માટે છે અને એક જાતની ફેશન કરવા જેવું છે. આવી જ કેટલીક ભ્રાંતિઓથી પ્રેરિત થઈને મોજ શોખ, ફેશન જેવાં પ્રદર્શનની ભાવનાથી એકની દેખાદેખીથી બીજો આ નશીલી વસ્તુઓને અપનાવે છે અને અંતે એક કુટેવના રૂપમાં એ લત એવી લાગી જાય છે કે છોડીએ તો પણ છૂટતી નથી.

ચા, બીડી, ભાંગ, ગાંજો, દારૂ, અફીણ વગેરે બધી નશીલી વસ્તુઓ ભયંકર દુર્વ્યસનો છે, એમના દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનો નાશ થાય છે અને આર્થિક સ્થિતિ પર ખરાબ અસર પડે છે. દરેક નશાખોર સ્વભાવની દૃષ્ટિએ દિવસે-દિવસે ખરાબ માણસ બનતો જાય છે. ક્રોધ, આવેશ, ચિંતા, નિરાશા, આળસ, નિર્દયતા, અવિશ્વાસ વગેરે કેટલાય માનસિક દુર્ગુણો ઊપજે છે. સમજાવવાથી કે પોતે વિચાર કરવાથી દરેક નશાખોર આ લતની બુરાઈનો સ્વીકાર કરે છે પણ વિવેકની પ્રખરતા અને હિંમતની સજીવતા ન હોવાથી કશું કરી શકતો નથી. એક અંધ પરંપરામાં ઘેટાંની ચાલે ચાલતો જાય છે. શું આ જ મનુષ્યની બુદ્ધિમત્તા છે ?

સામાજિક કુરીતિઓને કારણે હિંદુ સમાજ એટલો જર્જરિત થઈ રહ્યો છે કે આ વિકૃતિઓથી મધ્યમ વર્ગના લોકો માટે જીવનનિર્વાહ કરવાનું પણ મુશ્કેલ થઈ રહ્યું છે. બાળલગ્ન એક નરભક્ષી પિશાચની જેમ દરેક વાલીના માથે ખુલ્લી તલવારની જેમ નાચતો રહે છે. લગ્નના દિવસે જિંદગીભરની પરસેવાની કમાણીના પૈસા હોળીની જેમ ફૂંકી નાખવા માટે દરેકને લાચાર થવું પડે છે. હત્યારો દહેજ છૂરો લઈને આપણી દીકરીઓનું લોહી પી જવા માટે નિર્ભય થઈને વિચરણ કરતો રહે છે. મૃત્યુભોજ, અવસર-મિજલસ, વિવાહ-લગ્ન પ્રસંગે લેવડદેવડ મુંડન, જનોઈ અને બીજા એવાં કેટલાંય નકામાં કાર્યો કરવા માટે લોકો લાચાર થતા રહે છે અને જે કંઈ કમાય છે તેનો અધિકાંશ ભાગ આવા ફિજુલ ખર્ચામાં જ સ્વાહા કરતા રહે છે. આભૂષણો ઘડાવવામાં રૂપિયામાંથી આઠ આના જ હાથમાં રહે છે, જાનનું જોખમ, ઈર્ષ્યા, અહંકાર, સાચવવાની ચિંતા, વ્યાજનું નુકસાન વગેરે ઘણી આપત્તિઓ પેદા થાય છે, છતાં પરંપરા માટે કરતા હોય છે. બધા લોકો જેવું કરે છે એવું જ આપણે પણ કેમ ન કરીએ ? પરંપરાઓની તુલનામાં


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વિવેકનો પરાજય થવો એ કોઈ બકરો સિંહનું ગળું મરડી નાખે એવા જ આશ્ચર્યની વાત છે. આશ્ચર્યની વાત અવશ્ય છે પણ એવું જ થઈ રહ્યું છે.

શરીરથી રોગી, મનથી મલિન અને સમાજ કુસંસ્કારી થવાનું એક જ કારણ છે.—'અવિવેક'. આમ આપણે સ્કૂલનું શિક્ષણ ઉચ્ચસ્તર સુધીનું પ્રાપ્ત કરતા રહીએ છીએ અને પોતાની રીતે ચતુરતા પણ ઘણી હોય છે પણ જીવનની મૂળભૂત સમસ્યાઓને ઊંડાણ સુધી સમજવામાં લગભગ ઊણાં ઊતરીએ છીએ. બહારની વાતો પર ઘણો વાદવિવાદ અને વિચાર કરીએ છીએ, પરંતુ જે આધાર પર આપણા જીવનનો ઉદ્દેશ આધારિત છે, તે તરફ જરાય ધ્યાન આપતા નથી. આનું જ નામ છે 'અવિવેક'. જો વિચારશીલતાનો અભાવ ન હોય અને ગુણદોષની દૃષ્ટિએ પોતાની વ્યક્તિગત અને સામૂહિક સમસ્યાઓ પર વિચારવાનું શરૂ કરીએ તો જણાશે કે બુદ્ધિમત્તાનો દાવો કરતા હોવા છતાં પણ આપણે કેટલી વધુ મૂર્ખતાથી ઘેરાયેલા છીએ ? સીધીસાદી વિચારધારા અપનાવીને મનુષ્ય પોતાની સર્વતોમુખી સુખશાંતિ સુરક્ષિત રાખી શકતો હતો અને પૃથ્વી પર સ્વર્ગનો આનંદ પ્રાપ્ત કરી શકતો હતો પરંતુ ઊલટી, વાંકીચૂકી, અયોગ્ય અને બિનઉપયોગી ઇચ્છાઓ તથા આકાંક્ષાઓ તો એ રાખે જ છે, તેના સમીપવર્તી લોકો પણ ચંદનના વૃક્ષ નજીક રહેનારાઓની જેમ સુગંધિત થતા રહે છે. આપણાં મનનું અને દૃષ્ટિકોણનું પરિવર્તન શું આપણા માટે મુશ્કેલ છે ? બીજાઓને સુધારવા મુશ્કેલ હોઈ શકે છે પણ પોતાને કેમ સુધારી ન શકાય ? **વિચારોની મૂડીનો અભાવ જ માનસિક કઠણાઈઓનું કારણ છે.** અંતઃકરણમાં વિવેકનો ઉદય થતાં જ કુવિચાર કેવી રીતે ટકશે અને કુવિચારો હટતાં જ આપણું પશુજીવન દેવજીવનમાં પરિવર્તિત કેમ નહીં થાય ?

કેટલીક મૂઢતાઓ, અંધ પરંપરાઓ, અનૈતિકતાઓ અને સંકુચિતતાઓ આપણા સામૂહિક જીવનમાં પ્રવેશી ગઈ છે. દુર્બળ મનથી વિચાર કરતાં તે ઘણી કઠિન, બહુ મુશ્કેલ અને ઊંડે સુધી ઊતરી ગયેલી દેખાય છે પણ વાસ્તવમાં એ કાગળથી બનેલા રાવણની જેમ બિહામણી હોવા છતાં અંદરથી ખોખલી છે. દરેક વિચારશીલ એની ઘૃણા કરે છે પણ પોતાને એકલો અનુભવી આસપાસ ઘેરાયેલા લોકોની ભાવુકતાથી ડરીને કશું કરી શકતો નથી. મુશ્કેલી નાનકડી છે. થોડાક જ વિવેકશીલ લોકો જો સંગઠિત થઈને ઊભા થઈ જાય અને મક્કમતાથી વિરોધ કરવા લાગે તો આ કુરીતિઓને થોડા સંઘર્ષથી જ નેસ્તનાબૂદ કરી શકે છે. જેઓ આ અંધ-પરંપરાઓને તોડીફોડી નાખવા માટે કટિબદ્ધ સૈનિકોની જેમ કદમતાલ કરતા આગળ વધશે, તેમનું સ્વાગત ગોવાની જનતાએ જે રીતે ભારતીય ફોજનું સ્વાગત કર્યું એવું જ આ કુરીતિઓથી ત્રાસી ગયેલી જનતા કરશે.

હત્યારો દહેજ કાગળના રાવણની જેમ ખૂબ જ બીભત્સ, નૃશંસ અને બિહામણો લાગે છે. દરેક જણ અંદર ને અંદર તેની ઘૃણા કરે છે પણ પાસે જવાથી ડરે છે. કેટલાક સાહસિક લોકો એમાં પલીતો ચાંપવા માટે દોડી જાય તો એને જડમૂળથી નાબૂદ થતાં વાર નહિ લાગે. દાસીપ્રથા, દેવદાસ પ્રથા, બહુલગ્નો, જન્મતાં જ કન્યાવધ, ભૂતપૂજા, પશુબલિ, વગેરે જેવી અનેક સામાજિક કુરીતિઓ એક સમયે બહુ પ્રબળ લાગતી હતી, હવે જોતજોતામાં એમનું નામોનિશાન મટી રહ્યું છે. આજે જે કુરીતિઓ, અનૈતિકતાઓ અને સંકુચિતતાઓ મજબૂતાઈ સાથે મૂળ જામીને બેઠેલી લાગે છે તે વિવેકશીલોના સંગઠિત વિરોધ સામે લાંબો વખત ટકી શકશે નહીં. રેતીની દીવાલની જેમ તે એક જ ધક્કામાં નીચે આવી જશે. વિચારોની ક્રાંતિનું એક તોફાન આ તણખલાંના ઢગલાને ઉડાડીને જોતજોતામાં વેરવિખેર કરી નાંખશે. જે નવા સમાજની રચના આજે સ્વપ્ન જેવી લાગે છે તે વિચારશીલતા જાગૃત થતાં જ મૂર્તિમંત થઈને સામે દેખાવા લાગશે.

પૂજ્ય ગુરુદેવનું આખું જીવન જ ધર્મ અને અધ્યાત્મની વિચારધારા પ્રવાહિત કરવામાં પસાર થયું છે. યુગ નિર્માણ માટે આપણે પહેલાં જનમાનસને બદલવું પડશે, કાર્યોમાં પરિવર્તન તો એ પછી જ શક્ય બનશે. જેમ જેમ આપણી વિચારધારા પ્રબુદ્ધ બનશે અને વિવેકશીલતા જાગશે તેમ તેમ અયોગ્યને ત્યાગવાની અને યોગ્યને ગ્રહણ કરવાની પ્રવૃત્તિ સક્રિય થતી જશે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગોસંવર્ધન

# ગોમૂત્ર-ગોમય આધારિત કુટીર ઉદ્યોગ-૧

આર્ષ સાહિત્યમાં ગાયના છાણમાં લક્ષ્મીનો વાસ અને મૂત્રમાં ગંગાનો વાસ બતાવવામાં આવ્યો છે. આ અનાયાસ, સંયોગવશ કે કેવળ શ્રદ્ધાવશ કહેવામાં નથી આવ્યું પણ ગાયના છાણ અને મૂત્રમાં કાર્બોલિક એસિડ તથા મેંગનીઝ હોય છે, જેને કારણે એ કીટાણુનાશક છે, કીટાણું બનતાં રોકે છે, કીટાણુજન્ય વ્યાધિઓ નાશ પામે છે તથા સડતું નથી. એમાં સુવર્ણક્ષાર આરમ ઑક્સાઈડ હોય છે જેથી રોગાણુનાશક, જીવાણુનાશક અને વિષનાશક છે. સોડિયમ અને આયર્નને કારણે અમ્લતાનાશક અને રક્તશોધક છે. એ જ રીતે છાણ પણ તેના રાસાયણિક સંગઠનને કારણે મળશોધક, દુર્ગંધનાશક, જંતુનાશક, શોષક અને પોષક જેવા ગુણો ધરાવે છે.

ગોમૂત્ર અને ગોમયની આ વિશિષ્ટતાઓને કારણે એનો ઉપયોગ સીધો જ અનેક રોગોના શમન અને સ્વાસ્થ્ય સંવર્ધન માટે કરવામાં આવે છે. એટલું જ નહિ પણ એવાં અનેક ઉત્પાદનો બનાવી શકાય છે, જે કુટીર ઉદ્યોગ અને ગ્રામોદ્યોગના સુદૃઢ આધાર બની શકે છે, શરત એટલી જ કે ગાય દેશી હોવી જોઈએ. આજે એવાં કેટલાંય ઉત્પાદનો ઘણી સંસ્થાઓ / વૈદ્યો દ્વારા સફળતાપૂર્વક બનાવવામાં અને વેચવામાં આવી રહ્યાં છે, પરંતુ જાણકારીના અભાવે સામાન્ય જનતામાં તેનું પ્રચલન નથી. અહીં જાણકારી માટે છાણ અને તેની ઉપયોગિતા, બનાવવાની વિધિ તથા અંદાજે વેચાણ કિંમત આપવામાં આવી રહી છે.

### ૧. કામધેનુ ખાતર (સૂકું)

કાકા નેડેપ વિધિ દ્વારા ૧૦૦ કિલો છાણમાંથી ત્રણ હજાર કિલો (૩ ટન) છાણનું કંપોસ્ટ ખાતર તૈયાર કરી શકાય છે. એક ગાય / બળદ જો સરેરાશ ૭ કિલો છાણ આપતા હોય તો તેમના દ્વારા વર્ષમાં ૭૦-૭૫ ટન કંપોસ્ટ ખાતર તૈયાર થાય છે. એ પોતાના ઉપયોગ માટે લેવાની સાથે સાથે બીજા ખેડૂતોને ઉપલબ્ધતા મુજબ વેચી શકાય છે તથા કિચન ગાર્ડનિંગ માટે વેચાણ હેતુ ૨, ૫, ૧૦ કિલોનાં પેકેટ બનાવી શકાય છે.

**સામગ્રી :** છાણ ૧૦૦ કિલો, વનસ્પતિજન્ય વેસ્ટ (સૂકાં પાંદડાં, મૂળિયાં, ડાંખળી વગેરે) ૧૫૦૦ કિલો, સૂકી ચાળી લીધેલી માટી ૧૭૫૦ કિલો, પાણી - ૧૫૦૦ થી ૨૦૦૦ લિટર (ઋતુ મુજબ).

**બનાવવાની રીત :** આ ખાતરને શ્રેષ્ઠ ગુણ અને સ્તરનું બનાવવા માટે ૧૦ x ૬ x ૩ ફૂટ (લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ) ટાંકી કે પાકો હોજ બનાવવામાં આવે છે, જેમાં ૧૮૦ ઘનફૂટ ખાતર તૈયાર થાય છે. ઉપર મુજબની સામગ્રી એમાં ભરવામાં આવે છે. આ મિશ્રણને છાણ કે માટી વડે લીંપીને બંધ કરી દેવામાં આવે છે. ૯૦ થી ૧૨૦ દિવસ સુધી સામગ્રી એ ટાંકીમાં જ પડી રહે છે અને કંપોસ્ટ ખાતર તૈયાર થઈ જાય છે, જેનું વજન લગભગ ત્રણ ટન હોય છે. જો આ ખાતર કિચન ગાર્ડનિંગના ઉપયોગ માટે વેચાણ કરવાનું હોય તો ચાળીને ૨ કે ૫ કિલો અથવા જરૂરિયાત મુજબનાં પેકેટ બનાવી શકાય છે. આ ખાતર બનાવવા માટે મહેનત સિવાય બીજો કોઈ ખર્ચ નથી.

**અંદાજિત વેચાણ કિંમત :** ૨ કિલોનું પેકેટ ૧૦ થી ૧૫ રૂપિયા (વિસ્તાર મુજબ), ૩૦ થી ૪૦ કિલોનું પેકિંગ — ૧૫૦ રૂપિયા

### ૨. કામધેનુ ખાતર અને કીટનાશક (પ્રવાહી) :

**સામગ્રી :** ગોમૂત્ર ૧૦ લિટર, લીમડાનાં પાન ૨.૫ કિલો

**બનાવવાની રીત :** વૃદ્ધ ગાય, બળદ તથા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આખલાના મૂત્રમાં નાઈટ્રોજનનું પ્રમાણ વધુ હોય છે. નર જાતિનું મૂત્ર વધુ તીક્ષ્ણ હોય છે. કોઈ વાસણમાં મૂત્ર રાખી પાંદડાંને ૧૫ દિવસ સુધી સડાવી તથા છાણી લઈ કીટનાશક દવા બનાવવામાં આવે છે. આ પ્રવાહી દવાની સાથોસાથ પાંદડાંના માધ્યમથી કેટલાંય પોષક તત્ત્વોની પૂર્તિ કરવાને કારણે ખાતરનું કામ પણ કરે છે.

એક લિટર દવા ૧૦૦ લિટર પાણીમાં ભેળવીને બહુ ઓછા ખર્ચમાં છોડ પર છંટકાવ થઈ જાય છે.

**અંદાજિત વેચાણ કિંમત :** ૧૦૦ મિલિ. ના ૧૦ રૂપિયા

### ૩. એક્ઝિમા સાબુ :

**ઉપયોગ :** એક્ઝિમા, દાદર, સિરોસિસ ઓફ સ્કીન (ગંડલ કુષ્ઠ)માં સાબુને પાણીમાં ઘસી લગાડવાનો છે. જો બળતરા થાય તો ઘી કે કોપરેલ લગાવી લેવું.

- ★ આને ચહેરા અને આંખો પર લગાડવો નહીં.
- ★ આ સ્નાન માટે નથી.
- ★ જે જગ્યા પર એક્ઝિમા હોય ત્યાં જ લગાડવાનો છે. શરીરનાં બીજાં અંગો પર લગાડવો નહીં.

**સામગ્રી :** મુલતાની માટી ૧ કિલો, લાલ ગેરુ ૨૦૦ ગ્રામ, ભીનું છાણ-૧૨૫૦ ગ્રામ, તાંબાનો ક્ષાર ૩૫ ગ્રામ, લીમડાનાં પાંદડાં જરૂરિયાત મુજબ.

**બનાવવાની રીત :** તાંબાના ક્ષારને બારીક પીસીને ઉપર દર્શાવેલ સામગ્રીમાં મિલાવી લેવું. લીમડાનાં પાંદડાં લીમડાનાં પાંદડાંનો કાઢો બનાવી ગાળી લેવો લીમડાનાં કાઢાના પાણી વડે ઉપરની સામગ્રી ભીની કરી ગોટીઓ બનાવવી. ગોટી ડાઈ દ્વારા કે હાથથી બનાવી શકાય છે.

**અંદાજિત વેચાણ કિંમત :** ૧૦૦ ગ્રામના ૬ રૂપિયા.

### ૪. ગોમય સાબુ (સ્નાન માટે) :

શાસ્ત્રોમાં છાણનો મોટો મહિમા બતાવ્યો છે, સ્નાન માટે લખ્યું છે. " યન્મે રોગં, શોકં ચ - તન્મે દહતુ ગોમય" એટલે કે છાણથી કરવામાં આવેલ સ્નાન સંસ્કારિત હોય છે, જેથી બધી શારીરિક અને માનસિક વ્યાધિઓનું દહન થાય છે. ઋષિઓએ ગોમય (છાણ) અને માટી (મૃતિકા તથા ભસ્મ) વડે સ્નાન માટે કહ્યું છે. શ્રીમદ્ભાગવતના ૧૦-૬-૨૦ માં ભગવાન કૃષ્ણએ પૂતનાનું સ્તનપાન કર્યા બાદ ગોપીઓ દ્વારા ગોમૂત્રથી સ્નાન કરાવવા, ગોરજ લગાડવા તથા સમસ્ત શરીર પર છાણનો લેપ કરાવવાનો ઉલ્લેખ આવે છે.

**સામગ્રી :** છાણ (દેશી ગાયનું તાજું) ૧૨૫૦ ગ્રામ, મુલતાની માટી ૧૦૦૦ ગ્રામ, અજમાનું સત્ત્વ ૧૦ ગ્રામ, કપૂર ગાંગડાવાળું ૫૦ ગ્રામ, છાણનો રસ કાઢી તલના તેલમાં સમભાગે પકાવીને બનાવેલું તેલ ૨૫૦ ગ્રામ.

**બનાવવાની રીત :** ભીનું તાજું છાણ, ગેરુ અને મુલતાની મોટી ખૂબ પીસી ભેળવીને બે દિવસ તડકા માં સૂકવવું. પછી બારીક ચૂર્ણ કરી કપડાંથી કે ઝીણી ચાળણીથી છાણી લેવું. કપૂરના ગાંગડાને ખૂબ પીસી એમાં તેલ ભેળવી ખૂબ મસળવું. પછી લીમડાના પાંદડાને પાણીમાં ઉકાળી કાઢો બનાવી છાણી લેવો તથા ગરમ કાઢો જરૂરિયાત મુજબ એમાં ભેળવી ડાઈ કે બીબામાં દબાવીને ગોટી બનાવી તડકે સૂકવી લેવી. પછી સોપ સ્ટોનમાં લપેટીને લૂછીને પેકિંગ કરી દેવું.

**અંદાજિત વેચાણ કિંમત :** ૧૦૦ ગ્રામના ૬ રૂપિયા.

### ૫. ગોમય મલમ :

<u>ઉપયોગ</u> :

- ★ ત્વચા પર દરાજ, ખાજ, એક્ઝિમા, સિરોસિસ અને દૂષિત ઘા પર લાભકારી.
- ★ આંખો પર લગાડવો નહીં.
- ★ ત્વચારોગમાં ગોમૂત્ર વડે એ જગ્યા ધોઈને દિવસમાં બે-ત્રણ વાર લગાડવો.

**સામગ્રી :** કપડાંથી છાણી લીધેલ છાણનો પાવડર ૫૦૦ ગ્રામ, ગેરુ માટી ૪૦૦ ગ્રામ, ગોમૂત્ર ક્ષાર ૧૦૦ ગ્રામ, તાંબાનો ક્ષાર ૨૦૦ ગ્રામ, પેટ્રોલિયમ જેલી ૧ કિલો.

**બનાવવાની રીત :** તાંબાના ક્ષારને પીસીને ધીમી આંચ પર નાની કઢાઈમાં થોડો શેકી લેવો. રંગ સફેદ થાય ત્યારે ઉતારી લેવું. પછી બધી સૂકી વસ્તુઓને ખૂબ ઝીણી વાટી પેટ્રોલિયમ જેલીમાં ભેળવીને ખલમાં ખૂબ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રગડવું. પછી જરૂરિયાત મુજબ શીશીમાં ભરી લેવું. ક્યારેક કોમળ ત્વચા પર લગાડવાથી બળતરા થાય તો એમાં ઘી મેળવીને હળવું કરી લેવું.

**અંદાજિત વેચાણ કિંમત :** ૧૦ મિલિગ્રામના ૮ થી ૧૦ રૂપિયા.

## ૭. કામધેનુ શેમ્પૂ (કેશ નિખાર)

**ઉપયોગ :** માથું ધોવામાં એનો ઉપયોગ થાય છે.

**સામગ્રી :** ગોમૂત્ર ૨ કિલો, અરીઠા ૫૦ ગ્રામ, કપૂર ગાંગડાવાળું ૧૫ ગ્રામ, અજમાનું સત્ત્વ ૧૦ ગ્રામ,

**બનાવવાની રીત :** અરીઠા બારીક પીસીને ગોમૂત્રમાં ઉકાળો. ૫૦૦ ગ્રામ બાકી રહે ત્યારે ગાળીને રાખવું. અજમાના સત્ત્વને એક જુદી શીશીમાં રાખીને થોડો વખત હલાવવું. પછી ગાળેલા ગોમૂત્રમાં મિક્સ કરી દેવું. જરૂર મુજબ શીશીમાં ભરીને રાખવું.

**અંદાજિત કિંમત :** ૧૦૦ મિલિના ૫ રૂપિયા

## ૮. કામધેનુ તેલ (માલિસ માટે)

**ઉપયોગ :** શરીરમાં કોઈપણ જગ્યાએ દુઃખતું હોય ત્યાં માલિસ કરીને શેક આપવો. આરામ થશે.

**સામગ્રી :** છાણનો રસ (કપડાંથી ગાળેલો) ૨૫૦ મિલિ, ગોમૂત્ર ૫૦૦ મિલિ., તલનું તેલ ૧ લિટર, અજમાનું સત્ત્વ ૧૦ ગ્રામ, કપૂર ગાંગડાવાળું ૨૫ ગ્રામ

**બનાવવાની રીત :** પહેલાં કપૂર અને અજમાના સત્ત્વને એકસાથે પીસીને શીશીમાં ભરી લેવું. પછી તેને તલના તેલમાં હલાવીને મિક્સ કરી લેવું, ત્યારબાદ એક કઢાઈમાં ગોમૂત્ર અને છાણનો રસ ખૂબ મિક્સ કરી મસળી મજબૂત કપડાંથી છાણી લેવું. આ છાણી લીધેલા રસને તેલમાં મિક્સ કરી ધીમી આંચ પર કઢાઈમાં ફક્ત તેલ રહી જાય ત્યાં સુધી પકવવું. ઠંડું કરી ગાળી લેવું અને શીશીમાં ભરી લેવું તથા એમાં કપૂરનું તેલ મિક્સ કરી ખૂબ હલાવી દેવું.

અંદાજે કિંમત - ૧૦ મિલિ - ૧૦ રૂપિયા

## ૯. દેવ અગરબત્તી (ઉપાસના માટે)

**ઉપયોગ :**

★ ઉપાસના સ્થળે દેવપૂજન કરવા માટે.

★ વાયુશુદ્ધિ, વાયુપ્રદૂષણ રોકવા માટે, દીર્ઘશ્વસન, સ્વાસ્થ્ય રક્ષણ, રોગાણુનાશક અને મનને શાંતિદાયક છે.

**સામગ્રી :** ભીનું છાણ ૧ કિલો, ખસનું કાપેલું બારીક ચૂર્ણ અથવા સો મિલનો લાકડાંનો ભૂકો ૧/૨ કિલો, ચોખા (અક્ષત) ૨૦૦ ગ્રામ, ગાયનું ઘી ૨૦૦ ગ્રામ.

**બનાવવાની રીત :** છાણ સિવાય બધી વસ્તુઓને ગાયના ઘીમાં મોહી નાંખવી (ઘી મિલાવી હાથથી મિક્સ કરવું) પછી છાણ સાથે મિક્સ કરી ખૂબ મસળવું. હાથથી બત્તી બનાવવી અથવા જેવી જાડી કે પાતળી બત્તી બનાવવી હોય એ આકારની એક નળી (પ્લાસ્ટિક, એલ્યુમિનિયમ વગેરે) લેવી. આ નળીમાં ઉપર મુજબનો તૈયાર મસાલો પાણીમાં ભીનો કરી ઠાંસી દેવો અને લાકડાની સળી વડે ધક્કો આપવાથી બત્તીઓ બની જશે. બત્તીઓને તડકામાં સૂકવવી. પછી કોઈ પણ ડબ્બામાં (ટિન / પૂઠાં) પેક કરી દેવી.

**અંદાજિત વેચાણ કિંમત :** એક પેકેટ ૧૦ નંગ - ૧૫ રૂપિયા.

## ૧૦. ગૌ ધૂપ (વાતાવરણ શુદ્ધિ માટે) :

**ઉપયોગ :**

★ ગાયના છાણાની આગ કે કોલસાની આગ પર ધૂપ કરવાથી જીવાણું - કીટાણું, મચ્છર વગેરેથી છુટકારો મળે છે. આ વાતાવરણમાં શ્વાસ લેવાથી રોગમાશ થઈ પ્રાણવાયુ મળે છે. રાત્રે પલંગ પાસે ધૂપ કરી સૂવાથી ઘેરી ઊંઘ આવે છે.

★ મચ્છરોથી બચવા માટે કછવા છાપ વગેરેનો જે ઉપયોગ થાય છે અને વાતાવરણ પ્રદૂષિત કરે છે એવાં કોઈ કેમિકલનો ઉપયોગ ન થતો હોવાથી ઉત્તમ વિકલ્પ બની શકે છે.

**સામગ્રી :** છાણનું સૂકું ચૂર્ણ ૭૫૦ ગ્રામ, લાલ ચંદન ૨૫૦ ગ્રામ, જટામાંસી – ૨૫૦ ગ્રામ, નાગરમોથ ૨૫૦ ગ્રામ, કપૂરકાંચળી – ૨૫૦ ગ્રામ.

બધી સામગ્રીને ખૂબ બારીક પીસીને પાઉડર બનાવી લેવો.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગીતા પ્રવચન

# જીવનમાં સંઘર્ષ અનિવાર્ય

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનની સમસ્યાનું સમાધાન કરી રહ્યા છે. અર્જુન સંઘર્ષથી ગભરાઈ રહ્યો છે અને તેના હાથપગ ભયથી કંપી રહ્યા છે. ભગવાન અર્જુનને સમજાવી રહ્યા છે કે સંઘર્ષ વિના ચાલવાનું નથી. શ્વાસ આવે છે અને જાય છે, સંઘર્ષ થાય છે, સંઘર્ષથી જ વ્યક્તિ બને છે અને સંઘર્ષથી જ વ્યક્તિત્વ બને છે, નિખરે છે. કોઈ વ્યક્તિ એમ વિચારે કે મુશ્કેલીઓથી ભાગી, ઝંઝટો છોડી દઈ ગંગાના કિનારે જઈને ભજન કરીશું તો શાંતિ મળશે, પરંતુ શાંતિ મળતી નથી. મનુષ્ય વિચારે છે કે જંગલમાં શાંતિ મળશે, ઘરમાં બાળકો અને ઘર-ગૃહસ્થીના ઝઘડાઓ પરેશાન કરે છે તો ચાલો જંગલમાં જઈએ. જંગલમાં જાય છે. ત્યાં પણ સિંહ, ચિત્તો, રીંછ, વાંદરા, સાપ, વીંછી વગેરે પરેશાન કરે છે, એમનાથી બચવા માટે સંઘર્ષ કરવો પડે છે. હરઘડી ગંદો શ્વાસ બહાર કાઢવો પડે છે. ગંદાં કપડાં ધોયા વિના કયાં ચેન મળે છે ? કોઈ એમ વિચારે કે બધી ઇચ્છાઓ પૂરી થઈ જાય અને કોઈ કામ પણ કરવું નહિ પડે. બધી રિદ્ધિસિદ્ધિ પણ મળી જશે, સ્વર્ગ પણ મળી જશે, બસ થોડો પૂજાપાઠ કરવાથી કામ ચાલી જશે પરંતુ એવું નથી. ભગવાન કહે છે કે એવો કોઈ ઉપાય નથી, જેથી સંઘર્ષ વિના કશું મળી જાય. હે અર્જુન ! તું સંઘર્ષ કર.

**જીવનસાથી યજ્ઞ :**

એક બીજું કામ કર. તારો એક સાથી છે જે તારી સાથે જ પેદા થયો છે, એ ખૂબ બળવાન છે, એની મદદ લે, એ સાથી તારી બધી કામનાઓ પૂરી કરી દેશે. અર્જુન કહે છે – અમે બધા ભાઈ અલગ-અલગ પેદા થયા છીએ. અમારી સાથે કોણ પેદા થયું છે ? ભગવાને કહ્યું સૃષ્ટિની સાથે જ યજ્ઞ પેદા થયો છે. યજ્ઞનો અર્થ છે સેવા, ત્યાગ અને બલિદાન. લોકમંગલ માટે ત્યાગ અને બલિદાન. ભગવાન કહે છે – તું યજ્ઞની સાથે જ પેદા થયો છે. માતાના ત્યાગને કારણે તું પેદા થયો છે. માતા તને બધું લોહી આપતી રહી, એ માતાનો ત્યાગ જ છે કે બાળક જ્યારે પેદા થાય છે ત્યારે મીઠાઈ, રોટલી ખાઈ શકતું નથી એ વખતે માતા પોતાના લોહીનું દૂધ બનાવીને પિવડાવે છે. મનુષ્યનો જન્મ માતાના ત્યાગ દ્વારા અને યજ્ઞ દ્વારા થયો. આ યજ્ઞ એવો છે કે મનુષ્ય જો એનું પાલન કરતો રહે, એને પરિપુષ્ટ બનાવતો રહે તો આ યજ્ઞ મનુષ્યની બધી કામનાઓ પૂરી કરશે. સંસારને સુંદર બનાવવા માટે ત્યાગ કરવો એ જ હવન છે, યજ્ઞ છે. આપણે હવનમાં ઘી અને સાકરની આહુતિઓ આપીએ છીએ, આપણે પોતે ખાતા નથી પણ વાયુ દ્વારા લોકમંગલ માટે બધાં પ્રાણીઓને પહોંચાડીએ છીએ. જે ત્યાગ માટે કરવામાં આવે છે તેને યજ્ઞ કહે છે. ત્યાગને જ યજ્ઞ કહે છે. જ્યારે બીજ વવાય છે ત્યારે ખેડૂત ત્યાગ કરે છે, એ મોટું થાય છે, વૃક્ષ બને છે, ફળ આપે છે. બીજ ઘણું નાનું પરંતુ વૃક્ષ કેટલાય ફૂટનું હોય છે. બીજ આટલું મહાન કેવી રીતે બન્યું ? આ બધુ ત્યાગનું જ પરિણામ છે. બીજે પોતાની કુરબાની આપી, ત્યાગ કર્યો ત્યારે વૃક્ષ બન્યું. ભગવાન કહે છે –' હે અર્જુન, ત્યાગ અને બલિદાન કરો. દિવ્ય શક્તિઓ તમારું પોષણ કરશે. આ રીતે તમે બન્ને એકબીજાની મદદ કરતા રહેશો. પહેલાં યજ્ઞ માટે ખર્ચ કરીએ છીએ, ત્યારે બાદ ભોજન કરીએ છીએ. અનાજ પાકીને જ્યારે ઘરે આવે છે ત્યારે હોળીના દિવસે અન્નનો હવન કરી ભોગ ધરીએ છીએ, પછી નવું અનાજ ખાઈએ છીએ. પહેલાં બીજા, પછી આપણે, આ દેવવૃત્તિ છે. પહેલાં આપણે, પછી બીજા આ સ્વાર્થી લોકોની વૃત્તિ છે. જેઓ પોતાના કામ માટે નોકરી, ભજન-પૂજન કરે છે તેમને માટે નથી લોક કે નથી પરલોક.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**દધીચિનું અસ્થિદાન :**

એક વાર જ્યારે દેવતાઓ પરાજય પામ્યા અને વૃત્રાસુરનો વધ કરી ન શક્યા ત્યારે વૃત્રાસુરને મારવા માટે એવા હથિયારની જરૂર પડી જે તપ, ત્યાગ અને બલિદાનની ભઠ્ઠીમાં તપ્યું હોય અને બનાવવામાં આવ્યું હોય, એ હથિયાર હતું – દધીચિનાં અસ્થિ. ઋષિ દધીચિનાં અસ્થિઓમાં એવું બળ હતું જેનું વજ્ર બનાવીને પ્રયોગ કરવાથી જ વૃત્રાસુરનો વધ થઈ શકતો હતો. ઋષિ દધીચિએ લોકમંગલ માટે પોતાનાં હાડકાઓનું વજ્ર બનાવવા માટે શરીરનો ત્યાગ કર્યો. આ છે યજ્ઞ. દધીચિએ દેવતાઓનો પ્રસ્તાવ સ્વીકાર્યો અને હાડકાંઓનું વજ્ર બનાવવામાં આવ્યું. એ જ વજ્ર દ્વારા વૃત્રાસુરને મારવામાં આવ્યો.

**પુરોહિતનું આત્મ બલિદાન :**

એક વાર રાણા પ્રતાપ અને તેમના નાના ભાઈ વચ્ચે લડાઈ થઈ રહી હતી. બન્ને એકબીજાનું માથું કાપવા માટે તૈયાર હતા. ત્યારે એમના પુરોહિતે કહ્યું તમે લડીને મરી જશો, પછી રાજ કોણ કરશે ? બન્ને ભાઈઓને તેમની ભૂલ પર ભારે પસ્તાવો થયો. પુરોહિતનો ત્યાગ પણ અમર છે. ત્યાગ અને સેવાથી જ મનુષ્ય નિરંતર ઊંચો ઊઠે છે.

**રાજપૂતાણીનું સાહસ :**

રાજા ચૂડાવતનું લગ્ન મહારાણી હાડાં સાથે થયું. રાજાને લડાઈ પર જવાનું હતુ, પરંતુ રાજા કહેતો હતો હું તમારી પાસે ઘરમાં જ રહીશ. તારો ચહેરો ઘણો સુંદર લાગે છે. રાણીએ કહ્યું – ચહેરો આપની પાસે રહેશે તો જશો ? રાણીએ તરત જ પોતાનું માથું કાપી ચૂડાવતના હાથમાં આપી દીધું અને કહ્યું જાઓ, આને લઈ જાવ અને લડો. શું હાડા રાણી મરી ગઈ ? ના, એ અમર બની ગઈ. યજ્ઞ કરનારાઓ મરતા નથી. જેઓ મોજનું જીવન ઇચ્છે છે તેઓ અમર થતા નથી.

**દેવતા મોટા કે અસુર :**

એક વાર દેવતા અને અસુરોમાં એ વાતને લીધે વિવાદ ઊભો થયો કે અમારામાંથી કોણ મોટું છે ? દેવતા કહેતા કે અમે મોટા અને અસુર કહેતા કે અમે મોટા. ત્યારે નિર્ણય કરવા માટે બન્ને બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું – બેસો ! પહેલાં ભોજન કરો, પછી નિર્ણય પણ કરીશું. દાવાનો પણ ફેંસલો કરીશું. પહેલાં અસુરોને સામસામે પંગતમાં ભોજન માટે બેસાડ્યા. બ્રહ્માજીએ કહ્યું કે એક શરત છે, આપ ભોજન તો કરો પણ ભોજન કરતી વખતે આપના હાથ કોણીમાંથી વળવા ન જોઈએ. એ સીધા જ રહે. દેવો અને અસુરોએ કહ્યું કે ઠીક છે. બ્રહ્માજીએ મંત્ર ભણી જળનો છંટકાવ કર્યો. બધાના હાથ સીધા થઈ ગયા. અસુરોએ સીધા થયેલા હાથથી ભોજન કરવા પ્રયત્ન કર્યો પણ તેઓ કરી ન શક્યા. હાથ સીધા હોવાને કારણે તેમના હાથ મોઢા સુધી પહોંચી શકતા નહોતા, તેઓ ભૂખ્યા જ રહી ગયા. એ જ રીતે બ્રહ્માજીએ દેવતાઓને પણ સામસામે બેસાડી હાથમાં જળ લઈ મંત્ર ભણી છાંટી દીધું. દેવતાઓના હાથ પણ સીધા થઈ ગયા, પરંતુ દેવતાઓની વૃત્તિ પરોપકારની હોય છે. હાથ સીધા રહ્યા તો એમણે એકબીજાના મુખમાં કોળિયો આપ્યો અને આ રીતે બધાએ એકબીજાને ભોજન કરાવી દીધું સૌએ હલવો, મીઠાઈ, કચોરી ખૂબ ખાધાં. એકબીજાને પાણી પિવડાવ્યું, એકબીજાના હાથ ધોવડાવ્યા અને એકબીજાનું મુખ પણ રુમાલથી સાફ કર્યું બ્રહ્માજીએ કહ્યુ – દેવતાઓ મોટા છે. અસુર તો પોતાના પેટની જ વાત કરે છે. જેઓ બીજાની પ્રગતિનો ખ્યાલ રાખે છે, તેઓ પોતે પણ પ્રગતિ કરે છે. જ્યારે આપણા જીવનમાં યજ્ઞીય ભાવનાઓ આવી જાય છે, પરોપકારની ભાવનાઓ આવી જાય છે ત્યારે આપણું જીવન સફળ થઈ જાય છે. ગીતા આપણને સૌને પરોપકારી બનવાની પ્રેરણા આપે છે.

**જ્યાં ધર્મ છે, ત્યાં સ્વર્ગ છે :**

એક વાર યુધિષ્ઠિરને નરકમાં જવું પડ્યું. એમને પૂછવામાં આવ્યું કે આપ નરકમાં જવા ઇચ્છો છો કે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વર્ગમાં. યુધિષ્ઠિરે કહ્યું — તમે પહેલાં નરકમાં લઈ જાવ. ત્યાં બધાં પ્રાણીઓ દુઃખ ભોગવી રહ્યાં છે, કેમ કે એમણે પાપ કર્યાં છે. હું મારું પુણ્ય એમને આપીશ, એનાથી એમનું ભલું થશે. ધર્મરાજ યુધિષ્ઠિરે બધું પુણ્ય અને તપ આપી દીધું. નરકના બધા લોકો સ્વર્ગમાં જતા રહ્યા. યુધિષ્ઠિર એકલા નરકમાં રહી ગયા. સારી વ્યક્તિ જ્યાં પણ રહે છે, ત્યાં સ્વર્ગ બની જાય છે.

**બીજાની ચિંતા પહેલાં કરીએ :**

એક વખત દુષ્કાળ પડ્યો. અત્યારે રેલગાડી માલની હેરફેર કરે છે. પરંતુ પહેલાં એવું નહોતું અનાજનો દુષ્કાળ પડ્યો અને પાણીનો. પણ પાપ વધવા લાગે છે ત્યારે જ દુષ્કાળ પડે છે. દેવદૂતો પુણ્યોની શોધ કરવા નીકળ્યા અને બધું ફરી લીધા બાદ દેવદૂતોએ ભગવાનને રિપોર્ટ સંભળાવ્યા. પહેલા દેવદૂતે કહ્યું — એક શેઠ બધાને ભોજન કરાવે છે. દેવતાઓએ કહ્યું—આ પુણ્ય નથી. ઘરમાં અનીતિથી કમાયેલું ઘણું છે તેથી થોડું આપીને ભાર ઉતારી રહ્યો છે. આ બહુ મોટું પુણ્ય નથી. બીજા દેવદૂતે કહ્યું— મેં જોયું કે એક વ્યક્તિ જે કમાય છે એમાંથી પોતાના પેટ પૂરતું રાખી વધેલું બીજાને આપી દે છે. દેવતાઓએ કહ્યું— આ પણ મોટું પુણ્ય નથી. એ પહેલાં પોતાના લાભની વાત વિચારે છે, પછી બીજાને આપે છે. ત્રીજા દેવદૂતે કહ્યું— મેં એવું જોયું કે એક વ્યક્તિ થોડી કમાણી કરી આવ્યો. એણે કહ્યું — જેઓ બહુ ભૂખ્યા છે એમને પહેલાં મળવું જોઈએ. એણે રોટલીઓ બનાવી અને જેઓ બહુ ભૂખ્યા હતા એમને પહેલાં ખવડાવી દીધી અને પોતે ભૂખ્યો સૂઈ ગયો. દેવતાઓએ કહ્યું—આ સૌથી મોટું પુણ્ય છે, કેમ કે એણે બીજાના હિતોને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. આ પુણ્યના પ્રભાવથી ત્યાં વરસાદ થયો અને દુષ્કાળ દૂર થઈ ગયો. પરોપકાર માટે કરવામાં આવેલ કાર્ય જ યજ્ઞ કહેવાય છે.

**બ્રાહ્મણે કર્યો સાચો યજ્ઞ :**

એક વાર એક નોળિયો પાંડવોએ યોજેલા રાજસૂય યજ્ઞમાં આવ્યો. આમતેમ આળોટવા લાગ્યો અને થોડા સમય બાદ રોવા લાગ્યો. એક બુદ્ધિમાન વ્યક્તિએ તેના દુઃખનું કારણ પૂછ્યું. એણે કહ્યું—હું એક યજ્ઞમાં ગયો હતો, ત્યાં બચી ગયેલા જળમાં આળોટવાથી મારું અડધું શરીર સોનાનું થઈ ગયું. મેં સાંભળ્યું કે અહીં બહુ મોટો યજ્ઞ થવાનો છે. આ સાંભળીને જ હું અહીં આવ્યો છું કે જેથી મારું આખું શરીર સોના જેવું સુંદર અને ચમકદાર બની જાય, પરંતુ મને આ સ્થળે કોઈ લાભ થયો નથી. એણે કહ્યું— એક સમયે બહુ મોટો દુષ્કાળ પડ્યો. એક બ્રાહ્મણ ચાર દિવસથી ભૂખ્યો હતો. એના ઘરમાં ચાર સભ્યો હતા. એક દિવસ એને ભિક્ષામાં ચાર રોટલી મળી ગઈ. ઘરમાં પત્ની કહી રહી હતી કે આજે ચાર દિવસ બાદ ભોજન મળી રહ્યું છે. બ્રાહ્મણે કહ્યું— અત્યારે ભોજન કરશો નહીં. આ ભોજન પર આપણાં કરતાં જે વધુ ભૂખ્યું હોય એનો હક છે. બ્રાહ્મણે સાદ કર્યો— અમે ચાર દિવસ પછી ભોજન લઈ રહ્યા છીએ, જો અમારા કરતાં પણ કોઈ વધારે ભૂખ્યું હોય તો આવી જાય. એક વૃદ્ધે કહ્યું— હું પંદર દિવસથી ભૂખ્યો છું. બ્રાહ્મણે તેના ભાગનું ભોજન એને આપી દીધું. એ ખાધા પછી તેની ભૂખ વધુ તીવ્ર બની ગઈ . પછી પત્ની અને બાળકોએ પણ એમનું ભોજન એ વૃદ્ધને આપી દીધું. વૃદ્ધે રોટલી ખાધી, પાણી પીધું અને કોગળો કર્યો. એ પાણી જ્યાં જમીન પર પડ્યું ત્યાં હું (નોળિયો) આળોટયો તો મારું અડધું શરીર સોના જેવું ચમકદાર બની ગયું. તે પછી હું ઘણી જગ્યાએ ગયો, ઘણા યજ્ઞોમાં આળોટયો પરંતુ મારું બાકીનું શરીર એવું જ રહ્યું. હું ઈચ્છતો હતો કે બાકી શરીર પણ સોના જેવું જ થઈ જાય. મેં વિચાર્યું કે અહીં મારી ઈચ્છા પૂરી થઈ જશે, પરંતુ અહીં પણ મને નિરાશા જ મળી. કોઈ કાર્યની નહીં પણ તેના પ્રયોજનની શ્રેષ્ઠતા જ શ્રેષ્ઠ ફળ આપે છે. જ્યાં ત્યાગ, સેવા અને ઉદારતા છે, ત્યાં જ યજ્ઞ છે.

**દાનવીર કર્ણ :**

રાજા કર્ણ મહાભારતની યુદ્ધભૂમિમાં ઘાયલ પડ્યા હતા. અર્જુન અને કૃષ્ણ બન્ને કર્ણ પાસે ગયા અને કહેવા લાગ્યા, અમને દાન આપો. કર્ણે વિચાર્યું કે મારા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનનો આનંદ આપવામાં જ છે, પરંતુ એ વખતે તેની પાસે આપવા માટે કશું જ નહોતું. પછી વિચાર આવ્યો કે મારા દાંતોમાં સોનું જડેલું છે. એણે એક પથ્થર ઉપાડ્યો અને પોતાના દાંતોને પથ્થરથી તોડીને આપી દીધા. લોકમંગલ માટે જે પોતાના દાંત પણ ઉખાડીને આપી શકે છે એને જ દાનવીર કર્ણ કહે છે.

**સાચા અધ્યાત્મવાદી – રાજા હરિશ્ચંદ્ર :**

આપે રાજા હરિશ્ચંદ્રનો કિસ્સો સાંભળ્યો છે ? વિશ્વામિત્રે લોકમંગલ માટે દાન માગ્યું તો રાજાએ આખું રાજપાટ, બધું જ ધન આપી દીધું. પોતે વેચાયા અને પત્ની-બાળકોને પણ વેચી નાંખ્યાં. આજે પણ હરિશ્ચંદ્ર અમર છે. સાચા અધ્યાત્મવાદી એ હોય છે જેઓ અસલી તપ કરતા હોય છે. ત્રણ વાર જપ, તીર્થમાં સ્નાન અને ભગવાનને દગો આપવાનું કામ નથી કરતા. સાચા અધ્યાત્મવાદી લોકમંગલ માટે ભગવાનના આ વિશ્વઉદ્યાનને સુંદર-સમૃદ્ધ બનાવવા માટે પોતાનું બધું જ અર્પણ કરી દે છે.

**ભગીરથની તપસ્યા :**

રાજા ભગીરથે સંન્યાસ લઈને હિમાલય પર તપ કર્યું. લોકકલ્યાણ માટે, સાઠ હજાર પૂર્વજો માટે, ખેતરો માટે, પશુઓને પાણી પીવડાવવા માટે પૃથ્વી પર ગંગા લઈ આવ્યા. આને જ યજ્ઞ કહે છે. યજ્ઞ વિના કોઈ મુક્તિ પ્રાપ્ત કરી શકતું નથી.

**વિદ્યાસાગરનું જીવન લોકકલ્યાણ માટે :**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને પાંચ સો રૂપિયા પગાર મળતો હતો. એમાંથી ફક્ત પચાસ રૂપિયામાં તેઓ પોતાનું ગુજરાત ચલાવતા અને બાકીના રૂપિયા અસહાયો અને ગરીબ બાળકોના શિક્ષણ માટે ખર્ચ કરી દેતા હતા. આ છે લોકમંગલ માટે ત્યાગ. આજે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર કોટિ-કોટિ લોકો માટે પ્રેરણાસ્રોત છે.

એક વાર દુષ્કાળ પડ્યો. લોકો તડપી તડપીને મરવા લાગ્યા. ભગવાન બુદ્ધે કહ્યું – છે કોઈ એવી વ્યક્તિ જે એમને બચાવી શકે. બધાએ એમની પાસે જે ધન હતું તેનો ભાગ આપવાનું વચન આપ્યું, પરંતુ એક છોકરી જેનું નામ સુકન્યા હતું, તે ભીડમાંથી નીકળીને આગળ આવી અને બોલી-મારી પાસે કશું જ નથી, પરંતુ હું બધાને ભોજન કરાવી શકું છું. મારી પાસે કરુણા અને ભાવ સંવેદના છે. હું ઘેર-ઘેર જઈને લોકોની ભાવના જગાડીશ અને ભીખ માગીને બધાને ભોજન કરાવીશ. ભગવાન બુદ્ધે કહ્યું કે ધનશ્રેષ્ઠીઓના વિપુલ દાન કરતાં પણ સુકન્યાની ભાવનાનું દાન વધુ મહત્ત્વપૂર્ણ છે. આજે પણ સૌની અંદર કરુણા અને ભાવસંવેદના છે, તેને જગાડવામાં આવે અને પ્રવર્તમાન સમસ્યાઓને ઉકેલવામાં આવે. દહેજપ્રથા, હરામખોરી, રુશ્વતખોરી, ભેળસેળ, ચોરબાજારી, લૂંટ, ચોરી, ધાડ જેવી દુષ્પ્રવૃત્તિઓને લોકોની કરુણા જગાડીને જ સમાપ્ત કરી શકાય છે. સમાજના હિત માટે તથા દુઃખીઓનાં દુઃખ દૂર કરવા માટે કરવામાં આવેલ પુરુષાર્થ યજ્ઞ છે. જેઓ જનતા માટે એક પણ પૈસો ખર્ચતા નથી અને ફક્ત રામાયણ, ગીતાનો પાઠ કરે છે અને સાંભળે છે તેમને ભગવાન મળવાના નથી. તંદુરસ્ત અને ખુશ રહેવા માટે પોતાની ઈમાનદારી અને મહેનતની કમાણીનો એક અંશ લોકમંગલ માટે ખર્ચવો જ જોઈએ.

**પ્રેમ મહાવિદ્યાલયની સ્થાપના :**

રાજા મહેન્દ્રપ્રતાપની ભવ્ય કહાની છે. રાજા મહેન્દ્રપ્રતાપ વૃંદાવનમાં રહેતા હતા. એમને કોઈ સંતાન નહોતું. એક વાર એમણે બધા પરિચિતોને નિમંત્રણ મોકલ્યું– કે અમારે ત્યાં બાળક જન્મ્યું છે. નામકરણ માટે મહામના મદનમોહન માલવીયજીને બોલાવવામાં આવ્યા. રાણી મહેલમાં બેસી વિચારી રહી હતી કે રાજા આ શું કરી રહ્યા છે ? રાજા દ્વારા બધાને મિજબાની ખવડાવ્યા બાદ મહામના માલવીયજીએ બાળકસહિત રાણીને બોલાવવા માટે કહ્યું. રાજા મહેલમાં ગયા અને રાણીને સાથે લાવીને બેઠા. રાજાએ કહ્યું– ભાઈઓ ! બાળક રાણીને નહીં, મને થયું છે. બધા લોકો આશ્ચર્યમા પડી ગયા. બાળક ઈચ્છે છે કે બાપની કમાણી ખાય. લોકો સંતાન માટે સંપત્તિ કમાય છે. મેં પોતાની દોલત


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખવડાવવા માટે બાળક પેદા કરી લીધું છે. મારી પાસે સો ગામ છે, એમાંથી એક ગામ હું પોતાના ખર્ચ માટે રાખું છું. બાકીનાં બધાં ગામોની આવકમાંથી એક એવું વિદ્યાલય ખોલવા માગું છું જેમાં ગરીબ અસહાયોને ભણાવી શકાય. આટલું કહી એમણે માલવીયજીને કહ્યું– અમારા આ બાળકનું નામ રાખો. માલવીયજીની આંખોમાં આંસુ આવી ગયાં. બધા ઉપસ્થિત લોકોની આંખો ભીની થઈ ગઈ. માલવીયજીએ કહ્યું– જે બાળકો પ્રત્યે આપણા આટલો પ્રેમ છે એ વિદ્યાલયનું નામ હું 'પ્રેમ મહાવિદ્યાલય' રાખું છું. આ વિદ્યાલય આજે પણ મથુરા-વૃંદાવન વચ્ચે આવેલું છે. આ વિદ્યાલયે મોટા - મોટા સ્વાધીનતા સેનાની, સમાજસેવી તથા મોટા - મોટા અધિકારીઓ આ દેશને આપ્યા છે. લોકમંગલ માટે યજ્ઞ કરનારાઓ અંગત સ્વાર્થનો ત્યાગ કરે છે.

**ભામાશાહ તથા દાનવીર :**

ભામાશાહે પોતાનું સંપૂર્ણ ધન રાણા પ્રતાપને આપી રાષ્ટ્રના રક્ષણ માટે કેટલો મહાન ત્યાગ કર્યો હતો. આજે પણ દાનવીરોમાં કર્ણની સાથે ભામાશાહનું નામ પણ લેવામાં આવે છે. આજે પણ સમાજના રક્ષણ માટે તથા રાષ્ટ્રના ઉત્થાન માટે આવા જ ભામાશાહોની આવશ્યકતા છે.

**વાસી રોટલી :**

આપણે પોતાનાં જ પુણ્યો ખાવામાં પડ્યા છીએ. એક શેઠજી હતા. એમના પુત્રનું લગ્ન થયું અને વહુ આવી. શેઠજી અંદરના રૂમમાં ભજન કરી રહ્યા હતા. એ વહુનો ભાઈ બહેનને લેવા માટે આવ્યો તો પૂછી રહ્યો હતો કે બહેન ! તમને કોઈ તકલીફ તો નથી ને ? એણે કહ્યું– ભાઈ ! હું અહીં સુખી તો છું, પણ રોજ વાસી રોટલી ખાઉં છું. શેઠજી સાંભળી રહ્યા હતા. એમણે પુત્રને બોલાવીને કહ્યું– આ વહુ અમારી બદનામી કરે છે, તું ધમકાવતો કેમ નથી ? સમજાવતો કેમ નથી ? દિવસભર ચૂલો સળગતો રહે છે છતાં કહે છે કે વાસી રોટલી ખાઉં છું. છોકરાએ વહુને કહ્યું– અમને કેમ બદનામ કરે છે. વહુએ કહ્યું–અમારા પૂર્વજન્મનાં પુણ્યો છે, એ ખાઈ રહ્યા છીએ. વાસી પુણ્ય પતી જશે ત્યારે આપણે ભીખ માગીશું. અ જીવનમાં આપે કોઈ ત્યાગ કર્યો છે ? લોકમંગલ માટે કોઈ ખર્ચ કર્યો છે ? બસ, એક જ કામ કર્યું છે– હનુમાન ચાલીસા વાંચી લીધા, તીર્થસ્નાન કરી લીધું અને માળાનો જપ કરી લીધો. આ ઢોંગ છે, આનાથી કોઈ ભલું થઈ શકતું નથી. ભગવાને આપણને વિશેષ કાર્ય માટે મોકલ્યા છે. આપણે લોકમંગલ માટે કંઈક આપીને જવું જોઈએ.

ભગવાન અર્જુનને સમજાવી રહ્યા હતા. આ યજ્ઞ તમારો સહોદર છે. જોડિયો ભાઈ છે, એનો ખ્યાલ રાખો. આ ભાઈ શક્તિશાળી બની આપને અજર-અમર બનાવશે. જીવન ખુશીથી ભરપૂર બનાવશે. ભગવાન બે સેનાઓ વચ્ચે ઉપદેશ આપી રહ્યા છે, એ જ ઉપદેશ અમે આપને પણ આપી રહ્યા છીએ. આપે આપના કર્તવ્યનો જ ત્યાગ કર્યો છે. ગાંડીવ મૂકી દીધું છે. આપણે બધાએ યજ્ઞીય જીવન જીવવા માટે ગાંડીવ ઉપાડીને દુષ્પ્રવૃત્તિઓ સાથે લડવા માટે તૈયાર થઈ જવું જોઈએ. યજ્ઞીય જીવન ત્યાગ, બલિદાન, સેવા અને પરોપકારના જીવનને કહે છે. એ વિના કલ્યાણ શક્ય નથી. ગીતા આપણને એવું જ જીવન જીવવાની પ્રેરણા આપે છે. જો આપણું સૌનું જીવન આવા જ યજ્ઞથી પરિપૂર્ણ થઈ જાય તો સાર્થક થશે.

***જે પોતે સ્વચ્છ નથી તે જો દુનિયાને ધોવા નીકળ્યો તો પોતાની જ ગંદકી ફેલાવશે. તેથી આ સેવાનું પાગલપણું છોડી દો. આ અહંકાર માત્ર છે, મોહ છે અને અમુક વખતે આપની સેવા ચાલાકી જ હોય છે. પોતાનો સ્વાર્થ સાધવા માટે જે લોકો સેવાનું નામ લે છે તેમનાથી બચવા માટે ભગવાન જ મદદ કરે.***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# ભારતીય સંસ્કૃતિ વિશ્વસંસ્કૃતિ બનશે

આપ સૌ જાણો છો કે જ્યારે રાત પૂરી થાય છે ત્યારે સૂર્ય પૂર્વ દિશામાંથી જ ઊગે છે. સૂર્યને ઊગવા માટે બીજી કોઈ દિશા જ નથી. જ્યારે ચારે તરફ અંધકાર છવાયેલો રહે છે ત્યારે દરેક મનુષ્ય અથડાતો ફરે છે. તેને નથી દિશાનું જ્ઞાન રહેતું કે નથી કોઈ વસ્તુનું જ્ઞાન રહેતું. બધી જગ્યાએ ઘોર અંધકાર છવાયેલો રહે છે. તે વખતે ઘુવડ, સાપ, વીંછી, ચોર, ભૂતપ્રેત અને નિશાચરોનું સામ્રાજ્ય છવાયેલું રહે છે. સારા લોકો ઘેર ઊંઘમાં સૂતા હોય છે. આવા અંધકારના સમયમાં જ્યારે ચારે તરફ નિઃસ્તબ્ધતા છવાયેલી રહે છે, ત્યારે બધે સૂમસામ હોય છે અને બધા પર ઊંઘની ખુમારી છવાયેલી હોય છે. ઘોર અંધકારને દૂર કરવા માટે જ્યારે પણ સૂર્ય ઊગે છે, જ્યારે પણ બ્રહ્મમુહૂર્ત આવે છે, ઉષાકાળ આવે છે ત્યારે આપણે સૂર્યની જ આશા રાખવી પડે છે. પ્રાચી તેની સાથે ઉષાકાળ લાવે છે. પ્રાતઃકાળે જ સૂર્યની લાલાશ ચમકે છે અને જે ઘોર અંધકાર કોઈ રીતે સમાપ્ત થઈ શકતો નથી, જેને મિટાવવા માટે કોઈ પણ સમર્થ થઈ શકતો નથી એ ફક્ત પ્રાચીથી ઉદય થતા સૂર્ય દ્વારા જ થઈ શકે છે.

**સંસારની ભયજનક સ્થિતિ :**

મિત્રો ! પરંતુ એક વાત એવી પણ છે કે આપને ક્યારેક જ જોવા મળે છે. સમય એવો બદલાઈ જાય છે અને ચારે બાજુ એવી પરિસ્થિતિઓ બની જાય છે, જે મનુષ્યના મગજ પર ખરાબ પ્રભાવ પાડે છે. તેને નથી સામાજિક જવાબદારીઓનું ભાન રહેતું કે નથી પોતાનાં અંગત કર્તવ્યોનું ધ્યાન રહેતું. આવી ભુલભુલામણીની સ્થિતિમાં એવી મુશ્કેલીઓ આવીને ઊભી થાય છે જે આજના સમયમાં આપ ચારે તરફ મુશ્કેલીઓનો માહોલ, ભયાનક આશંકાઓ અને ભયજનક વાતાવરણ છવાયેલું જુઓ છો. આજે ભયંકર એટમ બોંબની કેવી વિનાશિકા છવાયેલી છે. એના વિશે આપ રોજ સમાચારપત્રોમાં વાંચો છો. વાયુ ઝેરયુક્ત થઈ જવાની અને સંસારનું તાપમાન વધવાની વાત આપ રોજ વાંચો છો. આ બધી વાતો આપની જાણ બહારની નથી જ. આપને આ બધી વાતોની ખબર છે. શું આપને ખબર નથી કે એટમ બોંબને કારણે જે વિકિરણ વાયુમાં ફેલાઈ ગયું છે તેને લીધે કેવી વિનાશકારી કાળી છાયા ચારે તરફ વ્યાપી ગઈ છે.

આજની દિશાવિહીનતાએ પેદા કરેલ આ વિકિરણને કારણે તથા વાયુ પ્રદૂષણોને કારણે આપણી આવતી પેઢીઓ કેવી કમજોર અપંગ થવાની છે ? કેટલી મહામારીઓ અને બીમારીઓનો સમય આવવાનો છે ? લોકસંખ્યાની વધતી જતી સ્થિતિ વિશે આપને બધાને ખબર છે. જો આવી જ સ્થિતિ રહેશે તો થોડા દિવસોમાં જ આ પૃથ્વી પર ચાલવાફરવાની પણ જગ્યા નહિ રહે. આપ સૌ જાણો છો કે બકરાને કાપવાનો સમય જેમ જેમ નજીક આવે છે તેમ એ થોડી થોડી વારમાં થોડો ઘણો ચારો ખાય છે. થોડી થોડી સેકડોમાં એમાં ફેરફાર થતો રહે છે.

લગભગ એવી જ સ્થિતિ આજે મનુષ્યની થઈ રહી છે. એક અજ્ઞાત ભયથી એ હંમેશાં ઘેરાયેલો રહે છે. આજે મનુષ્યનું ચિંતન, ચરિત્ર અને વ્યવહાર એવી નીચેલી કક્ષાનાં થઈ ગયાં છે કે એનાથી પ્રકૃતિ પણ નારાજ થઈ ગઈ છે. રોજ કોઈ ને કોઈ પ્રકૃતિનો પ્રકોપની ઘટના જોવા અને વાંચવા મળે છે. પ્રકૃતિનો પ્રકોપ થાય છે ત્યારે અવારનવાર ભૂકંપો થાય છે. અવારનવાર મુસીબતો છવાયેલી રહે છે. આવતીકાલ વિશે કોઈ નથી જાણતું. આજની દોડધામ જે રીતે મનુષ્યને હેરાન અને પરેશાન કરી રહી છે તેનું શું પરિણામ આવશે ? આજની જ પરિસ્થિતિઓ કયાં સારી છે, પરંતુ કાલના દિવસો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આપણા માટે વધુ ખરાબ આવવાના છે.

અપરાધો બેફામ રીતે વધી રહ્યા છે. મનુષ્યનો સ્વભાવ ખૂબ નિરંકુશ અને અપરાધી થઈ રહ્યો છે. આજે કેટલીક દુર્ઘટનાઓ અને મર્યાદાભંગ થઈ રહ્યા છે. મનુષ્યને કહેવામાં આવતું હતું કે એણે મર્યાદાની અંદર રહેવું જોઈએ. સૃષ્ટિનો નિયમ બગડી રહ્યો છે. સૃષ્ટિનો એ નિયમ છે કે કરનારને ભોગવવું પડે છે. કર્મના બદલામાં મળતા પરિણામને કોઈ રોકી શકતું નથી. ઝેર પી લીધા બાદ બચવાની આશા કોણ કરી શકે ? આજે એવી જ પરિસ્થિતિઓ છે કે જેમાં બધાં જ લોકો સમૃદ્ધ, પૈસાદાર, ગરીબ, ભારતીય, વિદેશી અને પ્રવાસી તથા અન્ય લોકો પણ સામેલ છે.

### તો શું આ દુનિયાનો વિનાશ થશે ?

ના, જે સ્રષ્ટાએ આ અત્યંત સુંદર દુનિયા બનાવી છે, તેના જેવી અત્યારે એવી સુંદર દુનિયા ક્યાંય નથી. શું ભગવાન તેની આ ખૂબસુરત દુનિયાને ખતમ થવા દેશે ? ના, એને જ્યારે ખબર પડી કે લોકો આ ઉત્તમ દુનિયાને બરબાદ કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે અને આ દુનિયાને રસાતળમાં લઈ જવાની તૈયારી થઈ ગઈ છે ત્યારે ભગવાને રાષ્ટ્રપતિ શાસનની જેમ તેની લગામ પોતાના હાથોમાં સંભાળી લીધી છે અને સંભાળી લીધા બાદ આ સંસારને ફરીથી સુવ્યવસ્થિત બનાવ્યો છે. અવતારો પણ આ રીતે જ થયા છે. અવતાર ક્યાંથી થાય છે તથા કેવા હોય છે તે આપ સૌ જાણો છો. એને ભલે દસમો અવતાર કહો કે ચોવીસમો અવતાર કહો એ બધા ભારતભૂમિમાંથી પેદા થયા છે. વિનાશ ભલે કોઈપણ રીતે થયો હોય, પરંતુ જ્યાંથી એ બધું સંભાળી લેવામાં આવે છે તે બધા ઉપાયોની જગ્યા એક જ છે. આજે ફરીથી એ જ સમય આવી ગયો છે કે વિનાશની દુનિયા જે લોકોએ પેદા કરી છે એ બધાને ઠીક કરવાનું કામ ફરી એક વાર ભારતભૂમિ કરવાની છે, જે કોઈ જમાનામાં એણે કર્યું હતું. આપે સત્‌યુગની વાતો જરૂર વાંચી અને સાંભળી હશે કે આ જમીન પર કઈ રીતે સ્વર્ગનું વાતાવરણ હતું. આપે ભારતભૂમિનો ઇતિહાસ વાંચ્યો હશે, જેમ કે રામાયણ, મહાભારત, વેદ, ગીતા, પુરાણ, વગેરે. આપને આ વિશે થોડીઘણી માહિતી હોવી જોઈએ. પ્રાચીનકાળમાં ઘણા લાંબા સમય સુધી એક એવો કાળ રહ્યો જેને સત્‌યુગ કહી શકાય છે. એ સત્‌યુગ ફરીથી આવવાનો છે.

### મુશ્કેલીઓના દિવસો શું એવા ને એવા જ રહેશે ?

શું વિનાશની બરબાદી આ રીતે જ થતી રહેશે ? શું આ સુંદર દુનિયાનો સર્વનાશ આ રીતે જ થતો રહેશે ? શું સમય એવો જ રહેવાનો છે ? ના, જે કલાકારે પોતાની બધી કળા ખર્ચીને આ દુનિયા બનાવી હોય તે આ દુનિયાનો વિનાશ થવા દેશે નહીં. તેથી હવે તેનો અંતિમ અવતાર થવાનો છે. પછી સમજદારી, જવાબદારી અને ઈમાનદારીનું વાતાવરણ બનવાનું છે. એક એવો જ ભગવાન આવવાનો છે જેના દ્વારા "વસુધૈવ કુટુંબકમ્" નો સિદ્ધાંત લાગુ થવાનો છે. આ વેરવિખેરપણું ફરીથી દૂર થઈ જાય એ દિવસો બહુ દૂર નથી. હવે સંપૂર્ણ દુનિયાને એક દુનિયા બનીને રહેવું પડશે. દુનિયાને એક રાષ્ટ્રના રૂપમાં, એક ભાષા - ભાષીના રૂપમાં અને એક ધર્મ - સંસ્કૃતિના અનુયાયીના રૂપમાં રહેવું પડશે. દુનિયાને એક વ્યવસ્થા અંતર્ગત ચાલવું પડશે. આગામી દિવસોમાં એક એવી વ્યવસ્થા કાયમ કરવાની રહેશે જે ઘણી સુંદર હશે અને એમાં ચો તરફ સુખ અને શાંતિ હશે. એવી વ્યવસ્થા ફક્ત ભારતીય સંસ્કૃતિમાં છે, જેને આપણે 'દેવ સંસ્કૃતિ' કહીએ છીએ. દેવ સંસ્કૃતિની એ વિશેષતા છે કે મનુષ્યની મનઃસ્થિતિ અને તેના વ્યવહારને એ રીતે બનાવવામાં આવે કે સંપૂર્ણ દુનિયામાં સુખ અને શાંતિ આવે, કેમ કે મનઃસ્થિતિ જ સુખ અને શાંતિ અર્પે છે.

**સારી પરિસ્થિતિઓ લાવવા માટે મનઃસ્થિતિ ઠીક હોવી જરૂરી છે.** આ કાર્ય ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિનું છે. આને કઈ સંસ્કૃતિ કહીશું ? આને ભલે ઇન્સાની કહો કે માનવીય કહો, લોકો આને ભારતીય સંસકૃતિ કહે છે. એનો વિશાળ થવાનો સમય આવી ગયો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આગામી દિવસોમાં ભારતીય સંસ્કૃતિ દરેક જગ્યાએ ફેલાશે. આ સંસ્કૃતિ જ ભારતીયોના માધ્યમથી લોકોને સ્નેહ આપી સંપૂર્ણ દુનિયાના લોકોને એક રસ્તે ચાલવા માટે વિવશ કરી દેશે. હવે એ દિવસ દૂર નથી પણ નજીક આવી ગયો છે. એવું શું થયું છે ? ભારતભૂમિ પર પહેલેથી જ આ પ્રકાશ ફેલાઈ રહ્યો છે. જાણે કોઈએ પહેલેથી જ સ્કીમ બનાવીને રાખી દીધી હોય. જ્યારે ઉષાકાળ આવે છે ત્યારે કોઈ તૈયારી કરે છે ? પૂર્વમાંથી લાલ રંગનાં વાદળામાંથી સૂર્ય ઊગે છે. આ બધું સૂર્ય ભગવાનની ઊગવા માટેની તૈયારીઓ છે. ભગવાનની તૈયારીના પરિણામ સ્વરૂપે એ થાય છે કે થોડા સમયમાં જ અંધારું ગાયબ થઈ જાય છે, ઘુવડો દેખાતાં નથી, ચોરો ભાગી જાય છે, સૂતા લોકોની ખુમારી ક્યાંય જતી રહે છે, દરેક જગ્યાએ જાગૃતિની લહેર ફેલાઈ જાય છે.

**જાગૃતિની લહેર ભારતભૂમિથી શરૂ થઈ છે. શું** એ ભારતભૂમિ સુધી જ મર્યાદિત રહેશે ? સૂર્ય ક્યાં સીમિત રહે છે ? સૂર્ય પૂર્વથી જરૂર ઊગે છે, પરંતુ થોડા સમયમાં જ ઉપર આવી જાય છે. આખી દુનિયાને થોડા સમયમાં જ અંધારામાંથી બહાર કાઢીને અજવાળાનો આનંદ ચખાડે છે. ભારતીય સંસ્કૃતિના ઉદયનો સમય આવી ગયો છે. દેવસંસ્કૃતિના ઉત્થાનનો સમય નજીક આવી ગયો છે. દેવસંસ્કૃતિ દ્વારા સતયુગ પાછો લાવવાનો સમય નજીક આવી ગયો છે. માનવીની જેથી બરબાદી થઈને રહે એવી પરિસ્થિતિઓ જેમણે વિનાશકારી એટમ બોંબ બનાવ્યા, જેમણે અસમાનતાઓ ફેલાવી, જેમણે 'ક્રાઈમ'ને પ્રોત્સાહન આપ્યું, જેમણે ગંદી ફિલ્મો બનાવી અને જેમણે આ પ્રકારના રિવાજ શરૂ કર્યા કે જેથી મનુષ્ય સર્વનાશ તરફ જતો રહે એમને હવે પડકાર છે. કોના તરફથી ? ભગવાન તરફથી, પ્રજ્ઞાવતાર તરફથી, નવા યુગ તરફથી- જે હવે સાવ નજીક આવી ગયો છે.

### આપ ઋષિઓનાં સંતાન છો :

આ જવાબદારી કોની છે ? ભારતવર્ષની. એની જવાબદારી ફરીથી ભારતે સંભાળી છે, પૂર્વની સંસ્કૃતિએ સંભાળી છે અને પૂર્વની સંસ્કૃતિના સંતાન આપણે છીએ. આ બધાની જવાબદારી આપણી નહી તો કોની હશે ? સૂર્ય જ્યારે પૂર્વ દિશામાંથી ઊગે છે ત્યારે એની જવાબદારી કોણ નિભાવશે. તેનાં કિરણો જ નિભાવશે. કિરણોએ જ ફેલાવાનું છે. એ જ ગરમી ફેલાવશે. સૂર્યનાં કિરણોએ દરેક ચીજમાં પ્રકાશ અને ઉલ્લાસ ભરવાનો છે. આપણે તેનાં કિરણો છીએ. કોનાં ? પ્રાચીનાં. પ્રાચી કોણ છે ? પ્રાચી ભારતીય સંસ્કૃતિ છે. આપ ભારતીય સંસ્કૃતિનાં કિરણો છો. આપ હિંદુસ્તાનમાં રહો કે હિંદુસ્તાનથી બહાર રહો એથી શું ? એથી શું ફરક પડે છે ? આપ સૌ ભારતીય સંસ્કૃતિના અનુયાયી છો. આપ નાગરિક ગમે તે દેશના હશો, દેશની સ્થિતિ મુજબ 'સિટીઝન' ગમે ત્યાંના હશો, હું આપને શું કહું ? આપ તો ભારતીય સંસ્કૃતિના પુત્ર છો અને આપ એ જ કરશો. આપની નસોમાં ઋષિઓનું લોહી છે જે એવું ને એવું રહેશે આપ કોઈપણ દેશમાં રહો, કોઈપણ સ્થળે રહો, કોઈની પણ નાગરિકતા સ્વીકારો, કોઈપણ કામ કરો, આપના માથે મોટી જવાબદારી છે. આપે આપણી મહાન પરંપરા જીવતી રાખવાની છે.

### જવાબદારી આપના ઉપર :

આ મહાન પરંપરાને એ માટે જીવતી રાખવાની છે કે એની હવા ફક્ત હિંદુસ્તાનમાં જ નહીં, આખી દુનિયામાં પેદા કરવાની છે. એ આપની મદદથી જ કરવામાં આવશે. આ જવાબદારી આપ જ સંભાળશો. જે લોકો અમેરિકા, હોલેંડ, ઇંગ્લેન્ડ, જર્મની વગેરે દેશોમાં રહે છે એ સૌની જવાબદારી આપે સંભાળવાની છે. જે લોકો આફ્રિકાના કોઈપણ ભાગ જેમ કે યુગાન્ડા, કેન્યા કે યુરોપમાં રહે છે એટલે કે પ્રવાસી ભારતીયો છે તેઓ બધા અમારા રાજદૂતના રૂપમાં આ કાર્ય કરશે. જેઓ પણ ભારતીય સંસ્કૃતિના પક્ષધર છે એમને પણ અમે રાજદૂત કહી શકીએ છીએ. સ્વામી વિવેકાનંદ ભારતીય રાજદૂત હતા. કોના ? ભારતીય સંસ્કૃતિના. ભારત સરકારના નહીં. આપ કોઈપણ સ્થળે રહો છો ચાહે આફ્રિકા, અમેરિકા, જાપાન, ઇંગ્લેન્ડ કે અન્ય કોઈપણ સ્થળે રહો છો એનાથી કોઈ ફરક પડતો નથી. અમારા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રવાસી ભારતીયો ચુમ્મોતેર દેશોમાં રહે છે. ભારતીય સંસ્કૃતિ વિશે અને નવયુગ પુનરાગમન વિશે આપે લોકોને બતાવવાનું છે. એની ફક્ત માહિતી જ આપવાની નથી, પરંતુ દરેક વ્યક્તિને આ કાર્ય માટે પ્રોત્સાહિત પણ કરવાની છે. આ કામ આપે જ કરવાનું છે. જો આ કામ આપ નહિ કરો તો આપનો અંતરાત્મા એ માટે વિવશ કરશે.

**વસુધૈવ કુટુંબકમ્નો સંદેશ :**

આપની પણ વ્યક્તિગત જવાબદારીઓ છે, બાળકોની, એમના ભણતરની, માતાપિતાની, એમને પણ પૂરી કરો, પરંતુ આ જવાબદારીઓની સાથોસાથ ભારતીય પરંપરા તથા ભારતીય સંસ્કૃતિને અક્ષુણ્ણ બનાવી રાખવા માટે પણ એટલી જ મહેનત કરવી જોઈએ. બધાને એ સંદેશ આપવાનો છે જેને માનવીયતાનો સંદેશ કહી શકાય, ભારતમાતાનો સંદેશ કહી શકાય, વસુધૈવ કુટુંબમ્નો સંદેશ કહી શકાય, ભારતીય સંસ્કૃતિનો સંદેશ કહી શકાય. આ બધું કામ આપે કરવાનું છે.

આપ સૌને ભારતીય સંસ્કૃતિનો અને નવયુગનો સંદેશ આપો, એનો પ્રકાશ દરેક જગ્યાએ ફેલાવો. વિનાશથી પેદા થયેલી વિનાશિકાઓ વિશે લોકોને બતાવો અને વાકેફ કરાવો. લોકોને આપ બતાવો કે નવી દુનિયા લાવવા માટે, સારા દિવસો લાવવા માટે-સારા લોકોએ શું કરવું જોઈએ. આપ સૌ એકઠાં થઈ એક મોટું સંમેલન કરો, સંગઠન ઊભું કરો ત્યારે જ આ કામ થઈ શકશે. સંગઠનમાં સ્થિરતા લાવવા માટે કોઈ ગતિવિધિઓ સતત ચાલવી જોઈએ જેથી લોકોનો ઉત્સાહ ઓસરી ન જાય. અમને આશા છે કે ભારતીય સંસ્કૃતિ જે પૂર્વમાંથી નવેસરથી ઉદય પામી રહી છે તેને આપ પોતપોતાની રીતે ત્યાગપૂર્વક, ઉત્સાહપૂર્વક અને હિંમતથી ફેલાવવામાં અમને મદદ કરશો.

• • • • • • • • • • • • • • • • • • •

*જયપુરના રાજા માનસિંહ ગુજરાત તરફ આવી રહ્યા હતા. રસ્તામાં તેમણે મેવાડમાં પડાવ નાખ્યો અને ચિતોડના મહારાજના મહેમાન બન્યા. તે સમયે ચિત્તોડમાં મહારાણા પ્રાતાપ શાસન કરતા હતા. રાજા માનસિંહની સાથે ભોજન માટે તેમણે તેમના પુત્ર અમરસિંહને મોકલ્યા અને સ્વયં ન ગયા. આવું થતા માનસિંહે પૂછ્યું તો પ્રતાપે કહેવડાવ્યું કે જેને પોતાનાં ધર્મ, જાતિ, સંસ્કૃતિનું ગૌરવ રહ્યું ન હોય, જે આતતાયી સાથે મળી ગયો હોય, જેમને પોતાની ફોઈ આપી દીધી હોય એવાની સાથે હું ભોજન કરી શકતો નથી.*

*અપમાનિત માનસિંહ દિલ્હી પાછો જતો રહ્યો. બાદશાહની કાનભંભેરણી કરી, પોતાની જ જાતિના વીર મહારાણા વિરુદ્ધ મોગલોની મોટી સેના લઈને ગયો. પ્રસિદ્ધ હલ્દીઘાટીના યુદ્ધમાં મુઠ્ઠીભર રાજપૂતોએ શત્રુના દાંત ખાટા કરી નાંખ્યા. પ્રતાપે પરિસ્થિતિ અનુસાર જંગલોમા રહીને સંઘર્ષ કરવાનું સ્વીકાર્યું, પરંતુ ક્યારેય, કોઈ પણ શરતે પોતાનું સ્વાભિમાન છોડ્યું નહીં. સંધિની બધીજ શરતો નામંજૂર કરી. તેઓ આવનારી પેઢી માટે એક પ્રેરણાપુંજ બની ગયા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# સહચર જ નહીં, અભિન્ન અંગ બનો

યુગ નિર્માણની પુણ્ય પરંપરા અમારા પછી પણ પ્રગતિશીલ રાખી શકે એવા કેટલાક બુદ્ધિશાળીઓ આપણા વિશાળ પરિવારમાંથી શોધવાનો અમે ભૂતકાળમાં પ્રયત્ન કર્યો છે. પરિવારમાં એવા લોકો પણ છે જેઓ અમારી વિચારધારામાં રસ લે છે, તેને પસંદ કરે છે અને 'અખંડ જ્યોતિ' અથવા અન્ય સાહિત્ય વાંચીને સંતોષ મેળવી લે છે. કેટલાક લોકો એવા પણ છે જેઓ પૂજા-ઉપાસનાના માધ્યમથી પોતાની અમુક મુશ્કેલીઓના સમાધાનની આશા રાખે છે, એમનું મૂળ પ્રયોજન એટલું જ છે. આ દૃષ્ટિએ તેઓ સંપર્કમાં આવે છે, સંપર્કમાં આવ્યા બાદ પુસ્તકો પણ વાંચવાનું શરૂ કરે છે. આમ આ સંબંધમાં એમને કોઈ વિશેષ રસ નથી.

**સહચરો પાસેથી વધારે આશાઓ નથી.**

ઉપરના બે પ્રકારના લોકો પાસેથી અમે કોઈ વિશેષ આશા રાખતા નથી. એમના વિશે આટલું જ વિચારીએ છીએ કે પોતાની સાહિત્યિક અભિરુચિને તૃપ્ત કરવા કે ઉપાસનાત્મક માર્ગદર્શન મળવાના પ્રલોભનને કારણે તેઓ કોઈ રીતે આજે અમારી સાથે છે. કાલે એમને જરૂર ન રહે, પોતાનું પ્રયોજન પૂરું થતું ન જણાય તો તેઓ સાથે છોડી દેશે. પરિવારની સદસ્યતા ત્યાગતાં એમને વાર નહિ લાગે.આ શ્રેણીના લોકો માત્ર સહચર કહી શકાય છે. રસ્તે ચાલતાં કેટલાય લોકોનો સંગાથ થઈ જાય છે. બોલતાં - ચાલતાં રસ્તો કપાઈ જાય છે પછી જેને જ્યાં જવાનું હોય છે ત્યાં રોકાઈ જાય છે અથવા ચાલ્યા જાય છે. અમારા જીવનસંપર્કમાં એવા પણ લાખો લોકો આવ્યા છે જેઓ એક સમયે ખૂબ ઘનિષ્ઠ હતા, પરંતુ હવે એકબીજાને લગભગ ભૂલી ગયા છે. એ જ રીતે જેઓ આજે અમારા સહચર છે એમાંથી ઘણા એવા પણ હશે જેઓ આગામી દિવસોમાં અમારો સાથ છોડી દેશે.

**વારસદારોની શોધ :**

આ ભીડમાંથી અમે થોડા દિવસથી એવા લોકોની શોધ કરી રહ્યા છીએ જે અમારા સાચા આત્મીય, સાથી અને કુટુંબીના રૂપમાં પોતાની નિષ્ઠાનો પરિચય આપી શકે. વાત એમ છે કે અમારો કાર્યકાળ સમાપ્ત થવાનો છે. અમારી વર્તમાન ગતિવિધિઓ લાંબા સમય સુધી ચલાવતા રહેવાનો અવસર અમને મળશે નહીં. તેથી અમારું એ વિચારવું યોગ્ય છે કે જે મહાન જવાબદારીઓ અમારા ખભા પર છે તેનો ભાર ઉપાડવાની જવાબદારી કોના ખભે નાંખીએ ? જે મશાલ અમારા હાથમાં સોંપવામાં આવી છે તેને કોના હાથમાં સોંપીએ ? એ દૃષ્ટિએ અમને અમારા વારસદારોની શોધ કરવાની જરૂર ઊભી થઈ છે.

**વારસામાં આધ્યાત્મિક ઉપલબ્ધિઓ :**

અમારા વારસદારના રૂપમાં જે વસ્તુ મળવાની છે તે આધ્યાત્મિક છે, પ્રત્યક્ષ દેખાતી નથી. ઉપરાંત તેના બદલામાં તૃષ્ણા અને વાસનાની પૂર્તિ થતી નથી, એટલું જ નહી વ્યક્તિ પાત્રતાની કસોટી પર ખરી ઊતરે પછી જ એ મળી શકે છે. મહેનત અને માથાકૂટ ઘણી છે છતાં ગંભીરતાપૂર્વક જોતાં જણાય છે કે જે લોકો આખી જિંદગી ધન તથા ભોગ માટે અથડાતા - કુટાતા રહ્યા પછી જે મેળવે છે તેના કરતાં અમારી ઉપલબ્ધિઓ કોઈ રીતે ઓછી નથી. ઠીક છે, અમીરો જેવા ઠાઠમાઠ મળી ન શકયા પણ જે કંઈ મળ્યું છે તે એટલું વધારે છે કે તેના પર પહાડો જેવી અમીરી ન્યોછાવર કરી શકાય છે. સામાન્ય બુદ્ધિ આ ઉપલબ્ધિનું મૂલ્યાંકન કરી શકતી નથી પણ જે થોડી ગંભીરતાથી સમજી અને જોઈ શકે છે એ વિશ્વાસ કરશે જ કે અમીરીની તુલનામાં આ આધ્યાત્મિક ઉપલબ્ધિઓ ઓછા મહત્ત્વની, ઓછી કીંમતી નથી.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અમે જે મેળવ્યું છે એ જ અમારા વારસદારો માટે છોડી જવા ઇચ્છીએ છીએ. અમને પણ આ પરંપરા મુજબ જ કંઈક મળ્યું છે. દરેક પુત્રને પિતાની સંપત્તિમાંથી ભાગ મળે છે. જે અમારા અતિ નિકટના આત્મીય હશે એમને અમારી સંગ્રહ કરેલી મૂડીનો પણ લાભ મળવો જોઈએ અને મળશે. આ ખુલ્લું રહસ્ય છે કે લાખો વ્યક્તિ સાધારણ સંપર્કનો લાભ ઉઠાવીને પોતાની સ્થિતિ ચમત્કારિક રીતે બદલવામાં સફળ થઈ છે અને આ સંપર્કની પ્રશંસા કરે છે. ભવિષ્યમાં જેમને અમારો વારસો સોંપવાનો છે તેઓ હાલની સ્થિતિમાં જ એવું કંઈક મેળવી શકશે કે જેને માટે ચિરકાળ સુધી ખુશી અને સંતોષનો અનુભવ કરી શકાય.

આધ્યાત્મિક મહાનતાની સત્પાત્રતાની કસોટીના સંબંધમાં અમે એ તથ્ય અનેકવાર પ્રસ્તુત કરી ચૂક્યા છીએ કે વ્યક્તિના ગુણ, કર્મ અને સ્વભાવ ઉત્કૃષ્ટ હોવાં એ જ તેની આંતરિક મહાનતા દર્શાવે છે. આના આધારે જ સંસારમાં, આના આધારે જ પરલોકમાં અને આના આધારે જ ઇશ્વરની સમક્ષ કોઈનું વજન અને મૂલ્ય વધે છે. આપણાં દૈનિક જીવનમાં આપણે કેટલા સંયમી, સદાચારી, શાંત, મધુર, વ્યવસ્થિત, મહેનતુ, પવિત્ર, સંતુલિત, શિષ્ટ, કૃતજ્ઞ અને ઉદાર છીએ, આ સદ્‌ગુણોનો દૈનિક જીવનમાં કેટલો વધુ ઉપયોગ કરીએ છીએ આ જોઈ-સમજીને જ કોઈને કે તેની આંતરિક વસ્તુસ્થિતિને જાણી શકાય છે. જેનું રોજિંદું જીવન ફૂવડપણાથી ભરેલું છે તે ગમે તેટલા જપ, ધ્યાન, પાઠ અને સ્નાન કરતો હોય તો પણ તેને આધ્યાત્મિક સ્તરની કસોટીએ ઠોઠ કે ફૂવડ જ ગણવામાં આવશે.

**મહાનતા એટલે આત્મીય વિસ્તાર :**

મહાનતાની એક સ્પષ્ટ પરખ એ છે કે વ્યક્તિ પોતાના શરીર પરિવાર કે ક્ષેત્રની બહાર પણ તેની આત્મીયતાનો વિસ્તાર કરી શકી કે નહીં ? જે એ જ મર્યાદામાં વિચારે અને કરે છે તેને સંકુચિત, કૃપણ અને તુચ્છ કહેવામાં આવશે. મહાન આત્મા, મહાત્મા એ છે કે વિરાટ બ્રહ્મની, વિશ્વ માનવની સેવામાં પોતાની ક્ષમતા અને પ્રતિભાની શ્રદ્ધાંજલિ અર્પતા નતમસ્તક થાય છે.

અક્ષત, ચંદન, પુષ્પ, દૂપ-દીપ તો પૂજાનાં પ્રતીક માત્ર છે, સાચી પૂજા તો લોકમંગલ માટે કરવામાં આવેલ ઉદાર સત્પ્રયત્નો દ્વારા જ આંકવામાં આવે છે. જે કૃપણ પરમાર્થનું મહત્ત્વ સમજી ન શક્યો, લોકમંગલ માટે જેણે કંઈ પણ ત્યાગ કરવાની હિંમત ન બતાવી એવો અભાગી માણસ ભાવનાની દૃષ્ટિએ પાકો નાસ્તિક છે, પછી તેના તિલક અને કેશ ગમે તેટલાં લાંબાં કેમ ન હોય ? ઇશ્વરભક્ત આસ્તિક વ્યક્તિ લોકસેવી હોવી જ જોઈએ. જેના હૃદયમાં અધ્યાત્મની કરુણા જાગશે તે સેવાધર્મ અપનાવ્યા વિના રહેશે નહિ. કાર્ય થોડું મુશ્કેલ છે પરંતુ એ ધ્યાન રાખવું જોઈએ કે મોટી વસ્તુઓની કિંમત પણ વધારે હોય છે. આધ્યાત્મિક લાભ જીવનસાધનાની ઊંચી કિંમત ચૂકવીને જ પ્રાપ્ત કરી શકાય છે. ઓછા મૂલ્યે એ ખરીદી શકાતો નથી. માળા ઘુમાવવાની કિંમતે ઇશ્વર મળી શકતો કે નથી આત્મા. કર્મકાંડ તો ઉપાસનાનું બાહ્ય શરીર છે. તેના પ્રાણ તો ભાવનાત્મક ઉત્કર્ષની સાથે અભિન્ન રૂપે જોડાયેલા છે.

**પાત્રતાની કસોટી :**

વારસદારોની પાત્રતા આ કસોટી પર જ કસવામાં આવી છે. આની પરખ માટે સ્વજનો સામે બે નાના કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા અને જોવામાં આવ્યું કે કોનામાં કેટલી વાસ્તવિકતા છે. બે ખૂબ જ નાના કાર્યક્રમ હતા (૧) દરરોજ જનજાગરણ માટે એક કલાક આપવો અને (૨) જ્ઞાનયજ્ઞ માટે રોજ પચાસ પૈસા સમર્પિત કરવા. આ બન્ને એટલાં સરળ છે કે જેનામાં થોડી પણ સદ્‌ભાવના જાગેલી હશે એમને આમાં કોઈ મુશ્કેલીનો અનુભવ નહિ થાય. જેની રુચિ આ તરફ નથી એમને માટે હજાર બહાનાં ઘડવાં એ ડાબા હાથનો ખેલ છે. વારસદારોની રુચિ આત્મસમર્પણની અને ધર્મસાધનાની દિશામાં જાગી છે કે નહીં, અમારા અનુરોધની કોઈ કિંમત કરવામાં આવી છે કે નહીં તેની ઓળખ આ રીતે સહજતાથી થઈ શકે છે કે ઉપરના બે નાના પ્રયોગો શરૂ કર્યા છે કે નહીં.

સદ્‌જ્ઞાન પ્રસારનાં ઉપકરણો અને સાહિત્ય ખરીદવા માટે રોજ પચાસ પૈસા અને લોકસંપર્ક માટે


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એક કલાકનો સમય આપવાનું કાર્ય આમ તો ખૂબ જ નાનું અને સરળ છે, પરંતુ આ પ્રારંભિક પ્રયોજનને નિયમિતરૂપે કરતા રહેવાથી સેવાસાધનાનું ક્રમબદ્ધ અભિયાન શરૂ થઈ જાય છે. બીજાઓને કંઈ કહેનારને લોકલાજ માટે પોતે પણ વધુ અંશે સુધરવું પડે છે. સેવાધર્મ અપનાવનારના ગુણ, કર્મ અને સ્વભાવ આપમેળે જ ઉત્કૃષ્ટતાની દિશામાં વિકસિત થવા લાગે છે અને તેની પાત્રતાનો કોષ પણ વધતો જાય છે જે આધ્યાત્મિક પ્રગતિ માટે અનિવાર્યપણે જરૂરી છે.

**પ્રતિજ્ઞાનું પુનઃસ્મરણ :**

યુગનિર્માણ પરિવારના પરિજનોમાંથી દરેકને હવે અમે ફરીથી અમારા વારસા માટે આમંત્રિત કરીએ છીએ. જેમણે પોતે પ્રતિજ્ઞા લીધી હતી તેમને તેને નિયમિત રૂપે ચાલુ રાખવાની યાદ અપાવીએ છીએ. કહીને તેનું પાલન નકરવું એ ખરાબ વાત છે. પ્રતિજ્ઞા પાલન કરવા માટે જ કરવામાં આવે છે, તેનો ઉપહાસ કરવો જોઈએ નહીં. જેમણે આ બન્ને વાતો અત્યાર સુધી શરૂ કરી નથી એમને ફરી એક વાર અનુરોધ કરીએ છીએ. કે તેમણે આત્મનિર્માણ અને સમાજનિર્માણ માટે અત્યંત ઉપયોગી અને જરૂરી એવાં આ નાનાં-નાનાં બે કાર્યો તાત્કાલિક શરૂ કરી દેવાં જોઈએ. કથનીના ક્ષેત્રમાં આગળ વધીને કરણીમાં જો આ રીતે બે ડગલાં આગળ વધારી શકાય તો એ આશા બંધાશે કે મહાપુરુષોના માર્ગ પર આપણે આગળ પણ વધી શકીશું અને એ ઉપલબ્ધિઓને પ્રાપ્ત કરી શકીશું જે સાચા અધ્યાત્મના માર્ગે ચાલનારાઓને નિશ્ચિતપણે મળે છે.

**મશાલ સંભાળવા આગળ વધો :**

ઉપાસનાત્મક જીવન વિતાવ્યું, હોવાથી એ ક્ષેત્રમાં અમારી જે અનુભૂતિઓ અને ઉપલબ્ધિઓ છે એમને સોંપી દેવાની અમને ઉતાવળ થઈ રહી છે. પરંતુ જેઓ સત્પાત્ર છે એમને જ આપી શકાય એમ છે. સત્પાત્ર વારસદારોને અમે ઘણું સોંપવા ઇચ્છીએ છીએ. એ વસ્તુઓમાંથી એક યુગ નિર્માણ યોજનાની તેજસ્વી મશાલ પણ છે. જીવનને ધન્ય બનાવવા માટે મહત્ત્વાકાંક્ષીઓને અમે સાદર આમંત્રણ આપીએ છીએ. અમારો મહાન વારસો સંભાળવા માટે. જેમની ભાવનાઓ જાગૃત હોય તેઓ આગળ આવે અને એવું પ્રાપ્ત કરે કે જે પ્રાપ્ત કરનારને માનવજીવનની સાર્થકતાનો લાભ મળે છે.

**આવી રહ્યો છે એકતા અને સમતાનો યુગ :**

એ નિશ્ચિત છે કે નિકટના ભવિષ્યમાં જ એક અભિનવ સંસારનું સર્જન થવાનું છે. તેની પ્રસવ પીડામાં આગામી વર્ષો અત્યધિક અત્યાચાર, પીડાદાયક, દૈવીકોપ, વિનાશ અને કલેશ કલહભર્યા વીતવાનાં છે. દુષ્પ્રવૃત્તિઓનું ફળ શું હોય છે, એનો દંડ ભરપૂર મળી જશે ત્યારે મનુષ્ય બદલાશે, આ કાર્ય મહાકાલ કરવા જઈ રહ્યા છે. અમારા ભાગમાં નવયુગની આસ્થાઓ અને પ્રક્રિયાઓને અપનાવી શકે એવું લોકમાનસ તૈયાર કરવાનું આવ્યું છે. લોકોને એ બતાવવાનું છે કે આગામી દિવસોમાં સંસાર એક રાજ્ય, એક ધર્મ, એક અધ્યાત્મ, એક સમાજ, એક સંસ્કૃતિ, એક નિયમ, એક આચરણ, એક ભાષા અને એક દૃષ્ટિકોણ બનવાના છે, તેથી જાતિ ભાષા, દેશ, સંપ્રદાય વગેરેની સંકુચિતતાઓ છોડો અને વિશ્વમાનવની, એકતાની, વસુૈધવ કુટુંબકમ્‌ની ભાવના સ્વીકારવા માટે પોતાની મનોભૂમિ બનાવો.

**યુગને અનુકૂળ થવાનો સંકલ્પ પહોંચાડો :**

લોકોને એ સમજાવવાનું છે કે જૂનામાંથી સારતત્ત્વ લઈને વિકૃતિઓને તિલાંજલિ આપી દે. લોકમાનસમાં વિવેક જાગૃત કરવાનો છે અને સમજાવવાનું છે કે પહેલાંની માન્યતાઓનો મોહ છોડી જે યોગ્ય અને જરૂરી છે, ફક્ત તેનો જ સ્વીકાર કરવાનું સાહસ કરે. સામાન્ય જનતાને એ વિશ્વાસ કરાવવાનો છે કે ધનની મહાનતાનો યુગ ખતમ થઈ જવાનો છે, ભવિષ્યમાં વ્યક્તિગત સંપદાઓ નહિ રહે, ધન પર સમાજનો હક રહેશે. લોકો તેમની મહેનત અને હક મુજબ જરૂર પૂરતાં સાધનો લઈ શકશે. દોલત અને અમીરી બન્ને સંસારમાંથી વિદાય થઈ જશે. તેથી ધનના લોભી પુત્ર-પૌત્રો માટે ભેગું કરી રાખતા કંજૂસ લોકો પોતાને ઓળખે અને સમયસર અલ્પસંતોષી બનવાની તથા શક્તિઓનો ઉપભોગ ન કરતાં તેમને બચાવીને લોકમંગલ માટે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ખર્ચવાની આદત પાડે. આવી ઘણી વાતો લોકોના ગળે ઉતારવાની છે જે આજે નકામી જેવી લાગે છે.

**બે મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ :**

આ યુગ પરિવર્તનની વેળામાં પ્રિયજનોને અમે બે જવાબદારીઓ સોંપી રહ્યા છીએ (૧) જ્ઞાનયજ્ઞમાં સતત આહુતિઓ આપવામાં કોઈ કચાશ ન રાખે. (૨) યુગ પરિવર્તન માટે અનિવાર્ય સંઘર્ષમાં પોતાનો ભાગ પૂરો કરવામાં પાછળ ન રહે. જે અમને પ્રેમ કરતા હોય અને અમારા પ્રત્યે સાચે જ મમતા અને આત્મીયતા રાખતા હોય તેઓ આ બન્ને વાતો નોંધી લે. અમે દરેક પરિજનની વાસ્તવિકતા આ કસોટીએ જ પારખતા રહીશું.

**યુગ સાહિત્યમાં અમારી વેદના :**

નવનિર્માણ માટે જરૂરી વિચારધારા અમે અમારું અંતરંગનું ઝરણું ખોદીને પ્રવાહિત કરી છે, જેનાથી લોકોના મનને સીંચવાનું કાર્ય અમારા વારસદારો કરશે. જેઓ અપનો સે અપની બાત ધ્યાનપૂર્વક વાંચે છે એમને અમે વિચારક્રાંતિની મશાલ આપી રહ્યા છીએ. આ મશાલ પ્રજ્જ્વલિત રહેવી જોઈએ, આ પ્રકાશ દૂર-દૂર સુધી ફેલાતો રહેવો જોઈએ. એવું ન થાય કે સહયોગનો સ્નેહ ન મળતાં અમારી આ અમાનત તેનું અસ્તિત્વ ખોઈ બેસે. અમારા સાહિત્યમાં અમે અમારી વેદના ભરી દીધી છે, તેને દરેક હૃદયમાં અને મગજમાં વાવવી અને ઉગાડવી જોઈએ. જેમની પહોંચ જ્યાં સુધી હોય, પોતાના ઘરપરિવારથી માંડી મિત્રો પરિચિતો સુધી એ વિચારધારાને પહોંચાડવી અને ફેલાવવી જોઈએ. દરેક કર્મઠ વ્યક્તિએ પૂરી લગન અને તત્પરતા સાથે ઝોલા પુસ્તકાલય ચલાવવું જોઈએ.

**સંઘર્ષ માટે કટિબદ્ધ થઈ જાવ :**

સંઘર્ષ માટે આત્મશોધન તો મુખ્ય છે જ. પોતાની દુર્બળતાઓને દૂર કરવી જ જોઈએ, સાથે જ સામાજિક કુરીતિઓ વિરુદ્ધ લડવા માટે પણ આપણે કમર કસી લેવી જોઈએ. વિવાહોન્માદ વિરોધી અભિયાનમાં આપણાંમાંથી દરેક પોતાની રીતે યોગદાન આપે. પોતાનાં બાળકોના લગ્ન દહેજ વિના અને આભૂષણો વિના અતિ સાદાઈ અને ઓછા ખર્ચે કરવાનો નિશ્ચય કરે અને બીજાઓને પણ તેની પ્રેરણા આપે. જ્યાં પણ પોતાની સલાહ આપવા જેવી જણાય ત્યાં એવી જ પ્રેરણા આપવી જોઈએ. લગ્નને યોગ્ય યુવક-યુવતીઓ તથા તેમના વાલીઓને આપણી વિચારધારાથી પરિચિત અને પ્રભાવિત કરવા માટે એકાકી અને સંગઠિત રૂપે સતત પ્રયાસ કરવો જોઈએ. આપણા સમાજને દરિદ્ર અને બેઈમાન બનાવવામાં ખર્ચાળ લગ્ન જ મુખ્ય કારણ છે. જો વિવાહોન્માદનો અસુર મરી જાય તો આપણો સમાજ જોતજોતામાં સુખી, સમૃદ્ધ અને સદ્ભાવનાયુક્ત થઈ શકે છે. એ મોરચાથી આપણે યુગ પરિવર્તનની વિચારક્રાંતિની શરૂઆત કરીએ અને તેને ક્રમશઃ એટલી વ્યાપક બનાવી દઈએ કે એક પણ નૈતિક, સામાજિક, ધાર્મિક, આર્થિક તથા રાજનૈતિક દુષ્ટતાને જીવિત રહેવાનું અને શ્વાસ લેવાનું અશક્ય બની જાય.

પ્રચારાત્મક, રચનાત્મક અને સંઘર્ષાત્મક ત્રિવિધ કાર્યક્રમો દ્વારા યુગ નિર્માણ યોજનાનું બાહ્ય સ્વરૂપ એટલું આગળ વધી ગયું છે કે તેની ઉપેક્ષા કરવાનું શરૂ કર્યું અને આપણે જોશ ઠંડો કરવા માટે કર્તૃત્વમાંથી હાથ ખેંચી લીધા તો તે એક દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના બનશે. અમે ઇચ્છીએ છીએ કે આવું ન થાય. તેથી **પરિવાર માટે કોઈ આગ્રહ કહો કે નિર્દેશ, આ લેખ દ્વારા અમે છોડી જવા માગીએ છીએ. એને ધ્યાનથી વાંચવામાં આવે અને ભુલાવી દેવામાં ન આવે. આને અમારી અંતિમ કામના કે વીલ પણ સમજી શકાય છે.** પરિજનો જો એને પૂરી કરતા રહી શકે તો તપશ્ચર્યામાં, પરલોકમાં કે જ્યાં પણ ધરતી કે આકાશમાં રહીશું, જેમના દ્વારા નિર્ધારિત પ્રયોજનો પૂરા કરવા માટેનું ધ્યાન રાખવામાં આવ્યું, કષ્ટો શમન કરવામાં આવ્યાં અને ત્યાગ કરવામાં આવ્યો તેમની કર્મઠતા અને શ્રદ્ધાની પ્રશંસા કરતા રહીશું. જેઓ આ અનુરોધોને મહત્ત્વ આપશે એ સ્વજનોની શ્રદ્ધા અને સદ્ભાવના પર સહયોગનો આધાર રહેશે.

**જ્ઞાનઘટ અને ઝોલા પુસ્તકાલય અમારું શ્રાદ્ધ :**

અમારા ગયા બાદ યુગ પરિવર્તનના સ્થૂળ અને દૃશ્ય ક્રિયાકલાપો ચાલુ રાખવાનું અમારા દરેક પ્રેમી,


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સ્વજન, આત્મીય અને સહચરનું કર્તવ્ય છે. જે કોઈના મનમાં અમારા પ્રત્યે શ્રદ્ધા અને સદ્ભાવના હોય તે પોતાની અંદર જ દબાવી ન રાખે. તેને રોવા-કકળવા સુધી જ મર્યાદિત ન રાખે, પરંતુ એ સંવેદનાને, મિશનને વધુ સહયોગ આપવામાં બદલાવી નાખે. મરી ગયા બાદ એમના વંશજ પિતૃઓનું શ્રાદ્ધ-તર્પણ વધુ ભાવનાપૂર્વક કરે છે. વિયોગની વ્યથા અને શ્રદ્ધાની પ્રખરતા જે રચનાત્મક માર્ગ દ્વારા પ્રગટ થઈ શકે તેને શ્રાદ્ધ કહે છે. આશા રાખવી જોઈએ કે અમારા પ્રત્યે જ્યાં પણ શ્રદ્ધા હશે, શ્રાદ્ધરૂપે પરિણમશે અને વિકસિત થઈને રહેશે. હવે એને વધુ વ્યાપક બનાવી શકાશે. જ્ઞાનઘટ અને ઝોલા પુસ્તકાલય અમારા માટે પિંડદાન અને તર્પણ શ્રેષ્ઠતમ આધાર માની શકાય છે. જ્યાં પણ અમારો આત્મા સ્વજનોને આ ધર્મકાર્ય કરતાં જોશે ત્યારે સંતોષ અને આનંદ અનુભવશે. આ કાર્યમાં જોડાયેલા ભાવનાશીલ પરિજનોને અમારો સ્નેહ, આશીર્વાદ, સંરક્ષણ, સહયોગ અને સાંનિધ્ય તેમની ચારે તરફ ફેલાયેલાં દેખાશે. સુવિકસિત પુષ્પો પર ઊડતા ભમરાની જેમ એવા દૂરદર્શી અને સેવાભાવી પરિજનોની આસપાસ ભાવભર્યું ગુંજન અતિ ઉત્સાહપૂર્વક સતત સંભળાવતા રહીશું.

### સંઘર્ષના માર્ગે આગળ વધો :

મિશનનાં આગામી પગલાં રચનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યક્રમથી ભરેલાં છે. અનિચ્છનીયતાની સામે એક અતિઉગ્ર અને અતિવ્યાપક સંઘર્ષ કરવો પડશે. આગામી દિવસોમાં વિચારોને વિચારોથી કાપવા એક ભયંકર લડાઈ થઈને રહેશે. અયોગ્ય અને અન્યાય નાબૂદ કરવાના છે, એ માટે ઘેર - ઘેર અને શેરીએ-શેરીએ જે ભાવિ મહાભારત લડવામાં આવશે તેની રૂપરેખા વિસ્તારપૂર્વક બનાવી ચૂક્યા છીએ, આ વિશ્વનું અંતિમ યુદ્ધ હશે, એના પછી યુદ્ધનું વર્તમાન બીભત્સ સ્વરૂપ સદાને માટે ખતમ થઈ જશે. અયોગ્યની નાબૂદીની સાથોસાથ સર્જન માટે અનેક રચનાત્મક પ્રવૃત્તિઓ વિકસિત કરવામાં આવે છે. પાયો ખોદવો એટલું જ પૂરતું નથી, મહેલની દીવાલ પણ ચણવી પડશે. ધ્વંસની સાથે સર્જન અને ઓપરેશન સાથે મલમપટ્ટી અને સફાઈ તથા સિલાઈની પ્રક્રિયા અનિવાર્યપણે જોડાયેલી રહે છે, તેથી સમય જતાં એ કથાઓ પણ થોડા સમયમાં જ સામે આવવાની છે. જ્ઞાનયજ્ઞની અગ્નિમાં પકાવી-પકાવીને આજકાલ એ સર્જન માટે ઇંટચૂનાની ભઠ્ઠીઓ ઊભી કરવામાં આવી રહી છે. એમાં જેવી પ્રખરતા આવશે કે તરત જ બીજા મોરચાઓ ઊભા થશે. અજ્ઞાન, અભાવ અને અશક્તિના ત્રણ મોરચા પર આપણી સેના કમાન સંભાળશે. બૌદ્ધિક ક્રાંતિ એકલી નથી. તેની સાથે-સાથે નૈતિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિ પણ અભિન્નરૂપે જોડાયેલી છે. રાજનૈતિક સ્વાધીનતા માટે લડવામાં આવેલો સંગ્રામ જેટલી જનશક્તિ અને સાધનો દ્વારા લડવામાં આવ્યો તેના કરતાં આપણો મોરચો ઘણો વિશાળ ઓછામાં ઓછો ત્રણ ગણો હોવાને કારણે તે માટે જનશક્તિ, શ્રમશક્તિ, ભાવશક્તિ અને ધનશક્તિની જરૂર પડશે. જ્ઞાનયજ્ઞના વિસ્તારથી જ આ ઉપલબ્ધિઓ શક્ય બનશે, તેથી આ પ્રારંભિક ચરણો પર આજકાલ વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. આટલા સુધી જ સીમિત રહી ન શકાય હાથપગમાં જરા ગરમી આવતાં જ આપોઆપ ધ્યેય તરફ વધુ તત્પરતાપૂર્વક કદમ ઊઠવાનું શરૂ થઈ જશે અને એ જ્યાં સુધી મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગના અવતરણનું લક્ષ્ય પૂરું થઈ જતું નથી, ત્યાં સુધી વધતાં જ રહેશે. ચક્રવ્યૂહનું સંચાલન અમે પડદા પાછળ બેસીને કરીશું. અમારા પ્રયાણથી નવનિર્માણના પંથે ચાલનાર કોઈ સૈનિકને ખોટ નહિ ચાલે, કેમ કે અદૃશ્ય રહીને પણ અમે દૃશ્ય વ્યક્તિઓ કરતાં વધુ સમર્થ બની વધુ સાહસ, વધુ ક્ષમતા સાથે વધુ યોગદાન અને વધુ માર્ગદર્શન કરી શકવા સક્ષમ હોઈશું. નક્કી કરેલા કામને અધૂરું મૂકીને અમે છોડવાના નથી. અમારી સત્તા દૃશ્ય રહે કે અદૃશ્ય, લોકમાં રહે કે પરલોકમાં એનાથી કશું બનતું – બગડતું નથી. સવાલ ફક્ત મિશનની પ્રગતિમાં યોગદાન આપવાનો છે. તો અમે કોઈપણ સ્થિતિમાં રહીને પણ સતત કરતા રહીશું. અમારા ગયા બાદ ત્રણ સ્થળોએ ત્રણ શક્તિઓ ત્રણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગણું કામ કરશે અને અમારી ત્રિવિધ કાર્યપદ્ધતિ દિવસે - દિવસે વધુ શક્તિશાળી અને વધુ ગતિશીલ થતી જશે. કોઈએ પણ નિરાશાની વાત વિચારવી જોઈએ નહીં. નિરાશા, અસફળતા અને અંધકારની વાત વિચારવી એ અમારા, અમારા માર્ગદર્શક અને એ ભગવાન ઉપર અવિશ્વાસ કરવા જેવું હશે કે જેમણે આ મહાઅભિયાનને સફળ બનાવવામાં પોતાની પ્રતિષ્ઠા દાવ પર લગાવી દીધી છે.

**અમારા ક્રિયાકલાપોનું કેન્દ્ર — જ્ઞાનયજ્ઞ :**

હાલની માનવી દુર્બુદ્ધિ અને સંકુચિતતા સાથે લડવા માટે અમારે જ્ઞાનયજ્ઞનો શુભારંભ કરવો પડ્યો. આ એક જ કેન્દ્રબિંદુની આસપાસ અમારી બધી પ્રવૃત્તિઓ થતી રહી છે. આજની અસંખ્ય મુશ્કેલીઓ અને વિપત્તિઓનું એકમાત્ર કારણ માનવી દુર્બુદ્ધિ છે. તેનું નિરાકરણ કર્યા વિના સુખસગવડોના પહાડો ઊભા કરી દેવા છતાં દુખ-દરિદ્રતાથી પિંડ છૂટવાનો નથી. સઘળી સમસ્યાઓનું એકમાત્ર સમાધાન ભાવનાત્મક નવનિર્માણ પર અમારું બધું ધ્યાન કેન્દ્રિભૂત રહ્યું છે અને એ પ્રયોજન માટે જ જ્ઞાનયજ્ઞ અને વિચારક્રાંતિના મહાન અભિયાન - સંરજામ ભેગા કરતા રહ્યા છીએ. અમારા માર્ગદર્શકે અમને આ એક જ પ્રયોજન માટે મોકલ્યા અને અનેક પ્રકારનાં દેખાતાં કાર્યો આ જ એક ઉદ્દેશ માટે કરાવ્યાં. એ દિવ્યસત્તાના આદેશોનું પાલન કરવામાં અમે અમારા અસ્તિત્વનો એક-એક કણ સમર્પિત કર્યો છે અને આ સમર્પણના ભોગે દિવ્ય અનુકંપાનું અજસ્ત્ર અનુદાન મળ્યું છે. અમે ઇચ્છીએ છીએ કે આ જ વંશ પરંપરા આગળ ચાલતી રહે. અમે મૂલ્ય ચૂકવીને ગુરુ-અનુગ્રહ અને દૈવી અનુદાન મેળવ્યું છે. અમારો અનુરોધ છે કે અમે જે દિવ્ય પ્રેરણાનું અનુગમન કરતા રહ્યા છીએ એ જ પંથે અમારા સહચરોએ પણ ચાલવું જોઈએ. અભીષ્ટ પ્રયોજનો માટે અમારા માર્ગદર્શકનો પ્રકાશ, તપ અને સહયોગ અમને અજસ્ત્ર રૂપે મળતાં રહ્યાં છે. એવી જ ઉપલબ્ધિઓ પરિજનોને પણ મળતી રહેવાનું અમે આશ્વાસન આપીએ છીએ. પરંતુ એ ભૂલવું નહિ જોઈએ કે અમારાં ભાવિ અનુદાનોનું પણ મૂલ્ય ચૂકવવું પડશે. જે દિવ્યપથમાં અમારો રોમેરોમ આહુતિના રૂપમાં વિસર્જિત થયો છે. તેને માટે થોડો ત્યાગ તો આપ સૌએ પણ કરવો જોઈએ. જ્ઞાનયજ્ઞ માટે એક કલાકનો સમય અને પચાસ પૈસાની માગ ન્યૂનતમ છે, લોભ અને મોહના કાદવમાંથી બહાર નીકળી પ્રકાશનાં કિરણો જોવા માટેનો પ્રારંભિક પ્રયોગ છે. આપણે એટલા સુધી જ મર્યાદિત રહી બેસી જવું ન જોઈએ, પરંતુ એ પ્રયત્ન કરવો જોઈએ કે ઉમંગ, ઉત્સાહ અને અનુદાનનું પ્રમાણ સતત વધતું જાય અને તેનો અંત અમારી જેમ સર્વમેધ, સર્વસમર્પણમાં થાય. પૂર્ણતાનો ઉપહાર પ્રાપ્ત કરવા માટે પૂર્ણ સમર્પણની શરત પૂરી કરવી પડે છે, આ તથ્યને જેટલું વહેલું સમજી લેવામાં આવે, તેટલું જ સારું છે.

**જ્ઞાનયજ્ઞ જ યુગસાધના :**

તત્ત્વદર્શી સમયે સમયે યુગ પરિસ્થિતિઓને અનુરૂપ સાધના ક્રમનું નિર્માણ અને નિર્દેશ આપતા રહ્યા છે. આજની પરિસ્થિતિઓમાં લોકમાનસનું ભાવનાત્મક નવનિર્માણ જેને આપણે ઘણીવાર જ્ઞાનયજ્ઞ અથવા વિચારક્રાંતિના નામે પ્રસ્તુત કરતા રહીએ છીએ એ સર્વોત્તમ યુગસાધના છે. પરિજનોએ પોતાનો સંપૂર્ણ મનોયોગ આ પ્રયોજન માટે જ પ્રયોજવો અને ખર્ચ કરવો જોઈએ તથા વિશ્વાસ કરવો જોઈએ કે આજની સ્થિતિમાં ઈશ્વરની પ્રસન્નતા, આત્માની શાંતિ અને સમયના પડકારને સ્વીકારવા માટેની આના કરતાં ઉત્તમ સાધના હોઈ શકતી નથી. આપણે બધા અડધો કલાક ગાયત્રી મંત્રનો જપ અને પોતાના શરીર, મન તથા અંતઃકરણમાં ઈશ્વરીય દિવ્ય પ્રકાશના અવતરણનું ધ્યાન કરતા રહીએ તો આ નાની સાધના પર્યાપ્ત છે. ઉપાસનાનો નિત્યક્રમ અખંડ ચાલતો રહે એ દૃષ્ટિએ આટલું નિયમિતપણે કરતા રહેવું. મોટાં અનુષ્ઠાન અને પુરશ્ચરણ જે પ્રયોજન માટે પૂરાં કરવામાં આવે છે તેમને અમે અમારી તપશ્ચર્યાનો અંશ આપીને પૂરાં કરીશું. જેટલો સમય જપ-તપમાં લગાડવો હોય એટલો લોકમંગલનો કેન્દ્રબિંદુ જ્ઞાનયજ્ઞમાં નિયોજિત કરવો જોઈએ. પોતાનો સમય, શ્રમ, મન, મગજ, પ્રભાવ અને પૈસાનો જેટલો વધુ ઉપયોગ જ્ઞાનયજ્ઞ માટે કરવાનું શક્ય બને તેટલો કરવો જોઈએ. અને એ પ્રયત્નને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મિક સાધનાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ માની લેવું જોઈએ. **જપ - તપ અને પૂજાપાઠમાં જેટલું પ્રતિફળ મળી શકે છે** તેના કરતાં જ્ઞાનયજ્ઞની તપ સાધનાથી થોડો વધુ લાભ મળશે, ઓછો નહીં.

અમારા આ ઉપાર્જનનો લાભ ઉઠાવનારાઓએ યુગસાધનામાં લાગી જવું જોઈએ. યુગસાધનાનો અર્થ છે- જ્ઞાનયજ્ઞ. બીજા શબ્દોમાં કહીમાં કહીએ તો વિચારક્રાંતિ અભિયાન. આ યુગમાં, **આ આપત્તિકાળની પરિસ્થિતિમાં એક જ સેવા, એક જ સાધના, એક જ પુણ્ય પરમાર્થ સર્વોપરિ છે કે વિચારણા અને ભાવનાના ક્ષેત્રમાં વ્યાપેલી સર્વતોમુખી વિકૃતિઓ સાથે ઝઝૂમવું જોઈએ અને જન સાધારણને યોગ્ય રીતે વિચારવા અને યોગ્ય ગતિવિધિઓ અપનાવવા માટે વિવશ કરતી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી દેવામાં આવે. આ પ્રયાસમાં જ વ્યક્તિ અને સમાજની બધી આવશ્યકતાઓ પૂરી થશે.** આપણા પરિવારે બધું ધ્યાન આ એક જ કેન્દ્રબિંદુ પર એકત્રિત કરવું જોઈએ.

## પરમાર્થ પ્રયોજનોને જ્ઞાનયજ્ઞ પર કેન્દ્રિત કરો :

પરમાર્થના નામે કૂવા, તળાવ, વાવ, ધર્મશાળા, મંદિર બનાવનારાઓને, હોસ્પિટલ, સ્કૂલ ખોલાવનારાઓને તેમજ પરબ, અને સદાવ્રત ચલાવનારાઓને એક જ પ્રાર્થના છે કે સમસ્યાની જેમ વિચારમાં ભારે વિકૃતિ પેદા થઈ જવાની વિનાશિકા સૌથી મોટી છે. તેને આપત્તિકાળનું સંકટ માનવામાં આવે અને તેનું નિવારણ કરવા માટે એકનિષ્ઠ થઈને જોડાઈ જવું જોઈએ. જેમને સાધના - ઉપાસનામાં રુચિ છે તેઓ જપ, તપ, ધ્યાન, કથા, કીર્તન વગેરેમાં થોડા સમયનો કાપ મૂકે અને લોકોનું માનસ શુદ્ધ કરવા માટે તથા લોકોના મન સુધી પ્રકાશ પહોંચાડવા માટે એકાગ્ર થઈને જોડાઈ જાય. આ પુણ્યપ્રયાસ સ્વર્ગમુક્તિના લોભથી કરવામાં આવેલ પરમાર્થ કે પૂજાપાઠ કરતાં હજારગણો વધુ ફળદાયી હશે. જો કોઈ કમી રહેવાની આશંકા હોય તો અમે વિશ્વાસ આપીએ છીએ કે જો અમે તપ શક્તિ ઉપાર્જિત કરી શક્યા તો પોતાની ભાવિ તપશ્ચર્યાનો એક-એક કણ એ લોકો પર ન્યોછાવર કરી દઈશું, જેમણે આ યુગસાધના અપનાવીને પોતાને ઉત્કૃષ્ટ બનાવવા તથા સમાજમાં આદર્શવાદિતા સ્થાપવા માટે વધુ દાન ઉપસ્થિત કર્યું હોય. નવનિર્માણના જ્ઞાનયજ્ઞમાં જેનું જેટલું યોગદાન હશે તેના પ્રમાણમાં અમારો સ્નેહ, પ્રકાશ અને અનુદાન વધુ જ મળશે, ઓછાં નહીં. અમારા પ્રત્યે સાચા પ્રેમની કસોટી પણ એ જ હોઈ શકે છે કે પુણ્યપ્રયોજન માટે કોણે કેટલી હદે શું કર્યું ? જેને માટે અમારા પ્રાણ અને જીવન પૂર્ણપણે સમર્પિત થયા હતા.

## અમારા અનુદાન — વરદાન :

અમે એક દિવ્ય ભૂતની જેમ આપની આગળ પાછળ રહીશું. કુમાર્ગ પર ચાલશો તો ડરાવીશું અને સન્માર્ગ અપનાવશો તો જાતજાતના ઉપહારો લાવી સામે પ્રસ્તુત કરીશું. જ્યારે પણ આપ શાંતચિત્ત બનશો ત્યારે આપ અનુભવશો કે આપના અંતર્મનમાં આ ઉમંગો ઊઠી રહ્યા છે. (૧) બહુમૂલ્ય જીવન પેટ અને પ્રજનન માટે જ ખર્ચી નાખવાની હાલની રીતિનીતિ મૂર્ખતાભરી છે. (૨) નિર્વાહ પૂરતું કમાવ અને પરિવારને સ્વાવલંબી તથા સુસંસ્કારી બનાવવા સુધી જ જવાબદારી નિભાવો. સમૃદ્ધ છોકરાઓ અને પૌત્રો માટે સંપત્તિ મૂકશો નહીં અન્યથા તેઓ એ હરામની કમાણી ખાઈને પોતાનો સર્વનાશ કરશે. (૩) આ યુગસંધિ છે, નવયુગ તીવ્રગતિએ દોડતો આવી રહ્યો છે, તેના સહયોગી બનો. પોતાની વિચારણા, આકાંક્ષા અને ગતિવિધિઓને એકતા, સમતા, શુચિતા અને મમતાના આધાર પર બની રહેલા વાતાવરણને અનુરૂપ ઢાળો. (૪) પરમાર્થના નામે વિજ્ઞાપનબાજી ન કરો. વિચારવિકૃતિથી પેદા થયેલ અસંખ્ય સમસ્યાઓ અને સંતાપોનું સમાધાન કરવા માટે જ્ઞાનયજ્ઞની પ્રક્રિયાને યુગધર્મ માનો અને પોતાની સમસ્ત પ્રતિભા એ જ દિશામાં નિયોજિત કરો. (૫) સંયમી બનો, સાદાઈ અપનાવો, સત્પ્રવૃત્તિઓ અને સદ્ભાવનાઓની મદદ લો જેથી પ્રભુ સમર્પિત જીવન જીવવાનું શક્ય બને. (૬) નિત્યકર્મની ઉપાસના ચાલુ રાખો, પરંતુ પોતાનો બધો સમય જીવનસાધનામાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લગાવી દો, જેમાં શરીર, મન અને ધનનો નાનો ભાગ પોતાના માટે અને મહત્તમ ભાગ વિશ્વમાનવ માટે સમર્પિત કરવાનો હોય છે. (૭) પરમાર્થના પંથે આગળ વધતાં આંતરિક દુર્બળતાને લીધે કહેવાતા મિત્રો અને કુટુંબીઓના વિરોધ તથા ઉપહાસથી ગભરાશો નહીં, પરંતુ મહાનતાના પથ પર સાહસિક પગલાં ઉઠાવો. સાથે આત્મા, આચાર્યશ્રી, એમના ગુરુદેવ અને ભગવાન મોજૂદ છે, તેઓ ડૂબવા દેશે નહીં, કર્તવ્યની સરિતામાં કૂદનારાઓ ! આપને આ ચારેય નાવિકો આપની નાવને હલેસાં મારીને પાર કરી દેશે. (૮) યુગસંધિની આ વેળા, કર્તવ્યનો આ પડકાર હજારો-લાખો વર્ષો બાદ આ વખતે આવ્યો છે. આ અનુપમ અવસર ગુમાવી દેશો નહીં અને કંઈક કરીને બતાવવું જોઈએ. (૯) એક સફળ જીવન વ્યતીત કરનારના સંપર્કમાં આવ્યા છો તો તેના જીવનસાધના ક્રમને તથા ઉપલબ્ધિઓને સમજી લેવાં જોઈએ અને તેનું અનુકરણ કરવાની હિંમત કરવી જોઈએ. આપ ચેનથી બેસી શકશો નહીં, લોભ અને મોહનું વાસનાગ્રસ્ત જીવન જીવશો તો આપની ઉપર આત્માનો જ નહીં, આચાર્યશ્રીનો પણ ફિટકાર વરસશે અને એ બેચેનીમાં મોટાઈની અભિલાષા આપને માટે દાહ આપનાર બની રહેશે. આવી દશામાં કાંટાળો માર્ગ છોડીને શ્રેયપથને અપનાવવો એ જ યોગ્ય છે.

આજની પાપી અને અનાચારની બળતરા અને ત્રાસ ઉત્પન્ન કરતી સર્વભક્ષી અને સર્વવ્યાપી વિનાશિકા જોવામાં ખૂબ ભયાનક લાગે છે તથા નિરાશા પેદા કરે છે કે આટલી સશક્ત અસુરનગરીની માયાજાળ તોડવાનું કેવી રીતે શક્ય બનશે ?

• • • • • • • • • • • •

*વિધાતાએ પોતાના સેવકોને બોલાવીને ધરતી પરથી એક-એક ઉપહાર લાવવાનો આદેશ આપ્યો. એમણે કહ્યું-જેનો ઉપહાર સર્વશ્રેષ્ઠ હશે તેને જ મુખ્ય સેવકના પદે નિયુક્ત કરવામાં આવશે.'' આજ્ઞા મળતાં જ બધા સેવકો સારા ઉપહારોની શોધમા પૃથ્વી પર દોડવા લાગ્યા. એક એકથી ચડિયાતા બહુમૂલ્ય ઉપહારો સેવકોએ લાવીને સામે મૂક્યા, પરંતુ વિધાતાના ચહેરા પર ક્યાંય પ્રસન્નતા અને સંતોષની રેખા પણ નહોતી. હિસાબ કરવામા આવ્યો તો એક સેવક આવવાનો બાકી હતો. તેની ખૂબ આતુરતા સાથે પ્રતિક્ષા થઈ રહી હતી.*

*છેવટે પ્રતિક્ષાની ઘડીઓ પૂરી થઈ અને એ સેવક પણ આવી ગયો. એ કાગળનું એક પડીકું વિધાતાને આપી ડરતો-ડરતો બેસી ગયો. વિધાતાએ પડીકું ખોલ્યું, ''અરે, આ શું ? આ પડીકામા માટી બાંધી લાવ્યા !'' સેવકે હાથ જોડીને કહ્યું, ''હા ભગવન્ ! હું પૃથ્વી ફરી વળ્યો. ભાગ્યે જ કોઈ સ્થાન રહી ગયું હશે જ્યાં હું નહીં ગયો હોઉં. મેં ઘણા પ્રયત્ન કર્યો કે આપને પસંદ આવે એવો ઉપહાર લઈ જાઉં. પ્રભુ ! આ છે તો માટી, પરંતુ કોઈ સામાન્ય સ્થળની નથી. આ માટી એવા સ્થળની છે જ્યાં લોકોએ સંસ્કૃતિ અને માનવતાના રક્ષણ માટે ખુશીથી પોતાના પ્રાણ અર્પી દીધા.''*

*વિધાતાએ એ માટી ખૂબ શ્રદ્ધા સાથે પોતાના માથે ચઢાવી અને કહ્યું, ''સેવકો ! જ્યાં સુધી પૃથ્વી પર આવા સંત અને સજ્જન પુરુષો રહેશે ત્યાં સુધી ધરતી પર સુખશાતિની સંભાવનાઓ પણ ઓછી નહિ થાય.''*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શિક્ષણ એવું જોઈએ
# જે માનવીનું નિર્માણ કરી શકે

શિક્ષણ જીવનને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌ની સાથે જોડી દે છે. એના દ્વારા બુદ્ધિનું શિવત્વ, હૃદયનું સૌંદર્ય અને આત્માનું સત્ય સ્વરૂપ ઝળકે છે. શિક્ષણ અંતરના પ્રકાશને વ્યવહારમાં ઉતારવાનું કાર્ય કરે છે. એ ચરિત્રમાં સમુજ્જ્વળતા, ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને વ્યવહારમાં ઉદાત્ત ભાવ ભરે છે. એક તરફ જ્યાં એનાથી ભૌતિક પક્ષ સમૃદ્ધ થાય છે તો બીજી બાજુ એ આત્મિક ઉત્થાન તરફ અગ્રેસર થવાનું પણ યોગ્ય અને શ્રેષ્ઠ માધ્યમ છે. શિક્ષા 'શિક્ષ' ધાતુથી આગળ 'ગુરોશ્ચ હલઃ' સૂત્રથી 'અ' પ્રત્યય થઈને સ્ત્રીલિંગમાં 'શિક્ષા' શબ્દનો પ્રયોગ થાય છે. એનું તાત્પર્ય છે – જેના દ્વારા વિદ્યા ગ્રહણ કરવામાં આવે તેને શિક્ષણ (શિક્ષા) કહે છે. 'સા વિદ્યયા વિમુક્તયે' કહીને વિદ્યાની મહાનતા પ્રતિપાદિત કરવામાં આવે છે. એટલે કે શિક્ષક એ કે જે સન્માર્ગ પ્રદાન કરે, સન્માર્ગની પ્રાપ્તિ અજ્ઞાનના અભાવથી જ શક્ય છે, 'ઋતં જ્ઞાનેન મુક્તિ :' એ વિદ્યા શબ્દની અત્યંત નિકટ છે જે સત્તા, જ્ઞાન અને લાભ અર્થવાચક 'વિદ્' ધાતુથી બનેલી છે. સત્-ચિત્-આનંદ પ્રદાન કરનાર જ વિદ્યા છે. તેથી જેના માધ્યમથી વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ એટલે કે ભૌતિક અને આધ્યાત્મિક વિકાસ થાય એ વિદ્યા જ શિક્ષણ કહેવાય છે. શિક્ષણમાં નૈતિકતા અને આત્મિક વિકાસનો સ્વાભાવિક સમાવેશ થાય છે. એ કારણેથી જ રાષ્ટ્ર સંપન્ન અને સમૃદ્ધ બને છે. એને કલ્પલતા સમાન માનવામાં આવ્યું છે. શિક્ષણ અજ્ઞાનનું નિવારણ કરે છે તથા વ્યવહાર જગતમાં સહિષ્ણુતા અને કર્મઠતાનો પાઠ ભણાવે છે. એની મહાનતા નીતિ શતકમાં કંઈક આ રીતે અભિવ્યક્ત થઈ છે –

**જાડ્યં ધિયો હરતિ સિંચતિ વાચિ સત્યમ્**
**મનોન્નતિં દિશતિ પાપમપાકરોતિ ।**
**ચેતઃ પ્રસાદયત દિક્ષુ તનોતિ કીર્તિમ્ ।**
**કિં કિં ન સાધયતિ કલ્પલતેવ વિદ્યા ॥**

નિશ્ચિતપણે શિક્ષણ મનુષ્યોને તેના સ્વરૂપનો બોધ કરાવે છે. એ માનવીમાં માનવતાનું રહસ્યોદ્‌ઘાટન કરાવે છે. એ માનવીય અંતઃકરણનો એવો શૃંગાર છે જેથી ભાવના અને સંવેદના જાગૃત થાય છે. એના સંવેદન સૂત્રોથી જ વ્યક્તિ અને સમાજ પરસ્પર જોડાય છે. આ કારણે જ શિક્ષિત સમાજમાં પ્રેમ અને સમજદારીનું સુમેળભર્યું વાતાવરણ આપોઆપ ટકી રહે છે.

ભારતીય મનોવિજ્ઞાને માનવીની મૂળ પ્રકૃતિ આધ્યાત્મિક માની છે. આપણી આ આધ્યાત્મિક પ્રકૃતિને લીધે જ મનુષ્ય સચેતનથી આત્મચેતન થવા તરફ ગતિશીલ થાય છે. આ જ લક્ષ્ય તરફ વધતો રહી એ અજ્ઞાતના અનાવરણની જિજ્ઞાસા કરે છે. પરમસત્યને જાણવા માટે એ નિરંતર સંશોધન અને અનવરત શોધમાં લાગેલો રહે છે. મહર્ષિ અરવિંદ કહે છે, "માનવીની સૌથી મોટી વિશેષતા એ છે કે એનામાં એક એવી ચેતના વિદ્યમાન છે જેમાં એ પોતાના મર્યાદિત ભૌતિક અસ્તિત્વથી ઉપર ઊઠી શકે છે. આ જ વિશેષતા મનુષ્યને પશુથી જુદો પાડે છે."

મનુષ્ય તેની આ આધ્યાત્મિક પ્રકૃતિને કારણે જ કળા, સંસ્કૃતિ, સદાચાર અને ધર્મના સ્વરૂપને અભિવ્યક્ત કરી શક્યો છે. એણે પોતાના વ્યાવહારિક જીવનને પણ આ જ પરિપ્રેક્ષ્યમાં ઢાળ્યું, સજાવ્યું અને ઘડ્યું છે. તત્ત્વવેત્તા વિદ્વાનોએ આ ઘડવા-સજવાની પ્રક્રિયાને જ શિક્ષણ અને વિદ્યાના રૂપમાં પ્રસ્તુત કરી છે. વાસ્તવમાં આ બન્ને એકબીજા સાથે સંબંધિત છે.

(શેષ ૨૯)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અમારું નશા વિરોધી અભિયાન

**શું આપ જાણો છો ?**

(૧) અમારા દેશમાં દરેક વર્ષે ૧૪ અરબ રૂપિયા નશાની હોળીમાં ફૂંકાય છે.

(૨) ભારતમાં પ્રતિ વર્ષ દોઢ લાખ વ્યક્તિ ધૂમ્રપાનના રોગથી પીડાય છે.

(૩) ૨૦ સિગારેટ/બીડી રોજ પીવાથી વ્યક્તિની ઉંમર ૧૦ વર્ષ ઘટી જાય છે.

(૪) કેંસરથી મરવા વાળામાં સિગારેટ પીવા વાળાની સંખ્યા, ન પીવા વાળાની સંખ્યાથી ૨૭ ગણી છે.

(૫) પ્રત્યેક પાંચ વ્યક્તિની મૃત્યુમાં એકનું કારણ તમાકુ છે.

(૬) પ્રત્યેક વર્ષ દુર્ઘટનાથી ૫૮ હજાર મૃત્યુ થાય છે જ્યારે તમાકુથી ૧૦ લાખ મૃત્યુ પામે છે.

(૭) એક પેકેટ સિગારેટ/બીડી નિત્ય પીનાર વ્યક્તિ આવા ખોટા ખર્ચની બચત કરે તો ૨૫ વર્ષમાં સાઢા ત્રણ લાખ રૂપિયા બેંકમાં જમા કરી શકે છે.

(૮) ભારતમાં રોજ ૨૦૦ વ્યક્તિ ધૂમ્રપાન કરવાવાળા પાસે બેસવા માત્રથી મરે છે.

(૯) ગુટખા ખાવાથી તુર્ત જ મોં ખુલતું બંધ થાય છે. ભોજનમાં સ્વાદ પણ લાગતો નથી. નાના બાળકોને પણ કેંસર થઈ જાય છે.

(૧૦) તમાકુ સેવન છોડી શકાય છે. દ્રઢ મનોબળ બનાવો. જેનામાં હિંમતનો અભાવ છે, મર્દાનગી નથી તે તમાકુ જલ્દી છોડી શકતા નથી, તેમને દવાનો સહારો લેવો પડે છે. શું તમે કાયર છો ? ના, તો અત્યારે જ આ દુશ્મનથી છુટા પડો.

**તમાકુમાં સામેલ ઝેર અને તેના પરિણામ–**

**નિકોટિન**–કેંસર, બ્લડ પ્રેશર.

**કાર્બન મોનોક્સાઇડ**–હૃદય રોગ, દમ, અંધાપો.

**માર્શ ગૈસ**–કમજોરી, નપુંસકતા.

**અમોનિયા**–મંદ પાચન શક્તિ, પિત્તાશય વિકૃત.

**કોલોડોન**–સ્નાયુ દુર્બળતા, માથુ દુખવું.

**પાપરીડિન**–આંખોમાં ખુશ્કી, અજીર્ણ.

**કાર્બોલિક એસિડ**–અનિદ્રા, વિસ્મરણ.

**પરફેરોલ**–દાંત પીળા, મેલા, કમજોર.

**અંજાલિન સાયનોજોન**–લોહી વિકાર.


**ફોસ્ફોરલ પ્રોટિક એસિડ**–ઉદાસી, થકાવટ, ખાંસી, ટી.બી.

નશાબાજીથી થયેલ માનવીય નુકશાન અંગેના હોસ્પીટલોમાં જઈ ફોટા લીધા છે તે ફોટા જનહિતમાં પ્રકાશિત કરેલ છે. કેટલી ભયાવહ સ્થિતી થાય છે માટે આ પાન, બીડી, સિગારેટ, તમાકુ, દારૂ જેવા નશાથી બચો-બચાવો.

અનુરોધ-આપ આ સચિત્ર કાગળને પત્રિકાથી અલગ કરી પ્લાસ્ટીક લેમીનેશન કરાવી લેશો. આ ચિત્રો તમારી સાથે રાખશો. જે કોઈ વ્યક્તિ નશો કરતા દેખાય તેને આ ચિત્રો બતાવી તેનાથી દૂર રહેવા પ્રેરણા આપશો. યુવા વર્ગમાં ખાસ પ્રયત્ન કરી દેશ હિત માટે આપ ખૂબ જ સેવા કરી શકો છો. સ્કુલ, કાલેજોમાં જઈ નશા વિરોધી અભિયાનમાં સક્રિય ભાગીદાર થવા વિચાર-ક્રાંતિ અભિયાન યુગ નિર્માણ યોજના, મથુરાનો સંપર્ક કરશો.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



મોંની મજા, મોતની સજા



દાંતો પર ચોંટેલી ગંદકી



આ કોઈ જીંદગી છે.




સમયથી પૂર્વે મૃત્યુને આમંત્રણ
(ઉંમ ૩૨ વર્ષ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



જર્દાએ મોંને બંધ કર્યું



દાંતોની દુર્દશા




ગુટખા ખાવ-ગાલ પિગડાવો



જર્દા ખાઓ-જીભ સળાવો



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.



હોઠ-ગાલનુ કૅંસર

ગુટખા ખાઈ-ગાલ કપાવ્યા

ગુટખાથી ગાલ બેહાલ

પાન મસાલા-મુંહ કા તાલા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

એકમાં જ્યાં લૌકિક જીવનની ગૂંચવણો ઉકેલવામાં આવે છે ત્યાં બીજામાં આંતરિક જગતનું અન્વેષણ કરવામાં આવે છે. જોકે બન્નેમાં આત્માના જ્ઞાનસ્વરૂપનો સાક્ષાત્કાર કરવામાં આવે છે. વિદ્વાનોના મતે, જ્ઞાનનો સ્રોત બહાર ક્યાંય નથી, પ્રસ્તુત આત્માના અનાવરણથી જ એનું પ્રગટીકરણ થાય છે. મહર્ષિ અરવિંદના શબ્દોમાં, મગજને એવું કંઈ પણ શીખવાડી શકાતું નથી, જે જીવના આત્મામાં સુષુપ્ત જ્ઞાનના રૂપમાં પહેલાંથી જ વિદ્યમાન ન હોય.

યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદે શિક્ષણમાં રહેલા સત્યને બતાવતાં કહ્યું છે, મનુષ્યની અંદર રહેલી પૂર્ણતાને અભિવ્યક્ત કરવી એ જ શિક્ષણ છે. જ્ઞાન મનુષ્યને સ્વભાવસિદ્ધ છે. કોઈપણ જ્ઞાન બહારથી આવતું નથી, બધું અંદર જ છે. આપણે જે કહીએ છીએ કે મનુષ્ય જાણે છે તેને બદલે હકીકતમાં માનવશાસ્ત્રસંગત ભાષામાં આપણે એમ કહેવું જોઈએ કે તે આવિષ્કાર કરે છે, અનાવૃત કે પ્રગટ કરે છે. તેથી સમસ્ત જ્ઞાન પછી એ ભૌતિક હોય કે આધ્યાત્મિક, મનુષ્યના આત્મામાં છે. બહુધા એ પ્રકાશિત ન થઈ ઢંકાયેલું રહે છે અને એનું આવરણ ધીમે-ધીમે હટવા લાગે છે, ત્યારે આપણે કહીએ છીએ કે આપણે શીખી રહ્યા છીએ. યુગનાયક સ્વામી વિવેકાનંદે આને વધુ સ્પષ્ટ કરતાં કહ્યું છે – "શિક્ષણથી આત્મવિશ્વાસ જાગે છે અને આત્મવિશ્વાસથી અંતરમાં રહેલો બ્રહ્મભાવ જાગી ઊઠે છે. શિક્ષણનું સુશિક્ષણ હોવું એ ફક્ત પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તકો તથા પરીક્ષાઓની સીમામાં બંધ નથી, એ જીવન, ધર્મ, વિશ્વાસ, સેવા અને પ્રેમના શિક્ષણનું સમન્વિત રૂપ છે. આજે એવું ન જાણવાથી જ આટલો દ્વેષભાવ, વિષમતા અને વિતંડાવાદ વિકસ્યાં છે. શિક્ષણ ભાવાત્મક હોવું જોઈએ, નિષેધાત્મક નહીં. ભાવાત્મક વિચારો સંસ્કારોના નિયંત્રક છે. તે જીવનનિર્માણ તથા ચરિત્રનિર્માણમાં સહાયક બને છે. આજે એવા જ શિક્ષણની જરૂર છે.

સ્વામી રામતીર્થ શિક્ષણને સ્વતંત્રતા તથા મોક્ષનું સાધન માને છે. સંત તિરુવલ્લુવરના મતે અનશ્વર મહાન સંપત્તિ ફક્ત શિક્ષણથી જ પ્રાપ્ત થઈ શકે છે. કવિ રવીન્દ્રનાથ ટાગોર કહે છે, શ્રેષ્ઠ શિક્ષણ એ નથી જે કેવળ જાણકારી આપે, સાચું શિક્ષણ એ છે જે આપણાં જીવન અને વાતાવરણમાં સામંજસ્ય સ્થાપિત કરે. જે હોય તે, એટલું સાચું છે કે શિક્ષણ જીવનને અભિવ્યક્ત કરે છે. એના દ્વારા જીવન જીવંત અને જાગૃત થઈ ઊઠે છે. આ કારણથી જ દિવ્ય જીવન સંઘના સંસ્થાપક સ્વામી શિવાનંદે શિક્ષણના સત્યનું નિરૂપણ કરતાં કહ્યું છે, વાસ્તવિક શિક્ષણનો ઉદ્દેશ મનને નિયંત્રિત કરવું, અહંકાર નષ્ટ કરવો, દૈવી ગુણોનો વિકાસ કરવો અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું એવો થાય છે. વિદ્વાન એડીસને કહ્યું છે, માનવજીવન માટે શિક્ષણ એ કોઈ આરસના ટુકડા માટે મૂર્તિકળા જેવું છે.

આ રીતે જોઈએ તો શિક્ષણનું લક્ષ્ય કોઈ નિર્માણ કરવાનું નથી, પરંતુ મનુષ્યમાં પૂર્વસંચિત સુષુપ્ત શક્તિઓનું જાગરણ, અનાવરણ અને વિકાસ કરવાનું છે. મહાન દાર્શનિક ડૉ. રાધાકૃષ્ણને શિક્ષણ, મનુષ્યની અંદર રહેલી પૂર્ણતાનો વિકાસ માન્યું છે. એમણે શિક્ષણનો ઉદ્દેશ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે સમસ્ત શિક્ષણ, વિદ્યાઓ અને અભ્યાસોનો અંતિમ ઉદ્દશ્ય મનુષ્યનિર્માણ છે. વેદોમાં પણ શિક્ષણનો ઉદ્દેશ અને લક્ષ્ય માનવને બુદ્ધિશાળી, સુસંસ્કૃત, ઉન્નત, નીરોગી, વિકસિત અને પૂર્ણ બનાવવાનાં જ માનવામાં આવ્યાં છે. વેદકાલીન શિક્ષણમાં જ્ઞાનને આત્મસાત્ કરવું, નવી સૃષ્ટિ કરવી તથા મેધા, પૌરુષ, પરાક્રમ અને ઋતંભરા-પ્રજ્ઞાનું ચિંતન અને ભાવધારા વગેરેનો સમાવેશ હતો. આ રીતે શિક્ષણનો મૂળ ઉદ્દેશ માનવતાનો વિકાસ અને તેની પૂર્ણતા જ સિદ્ધ થાય છે. તેથી એનું સ્વરૂપ પૂર્ણ વૈજ્ઞાનિક છે.

આધુનિક શિક્ષણના ત્રણ મુખ્ય આધાર માનવામાં આવ્યા છે. એ છે – દાર્શનિક, મનોવૈજ્ઞાનિક તથા સામાજિક અને સાંસ્કૃતિક. શિક્ષણદર્શનમાં શિક્ષણની જરૂરિયાત અને અનિવાર્યતા પર ભાર મૂકવામાં આવ્યો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. શિક્ષણ મનોવિજ્ઞાન અંતર્ગત શિક્ષણના સિદ્ધાંતો, પ્રતિમાનો, વિધિઓ તથા પ્રણાલીઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવે છે. મનોવિજ્ઞાન અનુસાર, વ્યક્તિના વ્યક્તિત્વનો સર્વાંગીણ વિકાસ શિક્ષણનું પરમ લક્ષ્ય છે. શિક્ષણના સામાજિક-સાંસ્કૃતિક પક્ષમાં તેના વિષય અને સામયિકતાને સ્પષ્ટ કરવામાં આવ્યાં છે. શિક્ષણ નિષ્ણાતોએ આધુનિક શિક્ષણના ત્રણ મુખ્ય ઘટકોનો ઉલ્લેખ કર્યો છે – શિક્ષક, શિક્ષાર્થી અને શિક્ષણ પ્રક્રિયા તથા વિષય. પ્રાચીન કાળમાં પણ આ ત્રણ મૂળ બિંદુઓ પર જ શિક્ષણ આધારિત હતું. પરંતુ એના સ્વરૂપ અને ક્રિયાન્વયનમાં ઉત્કૃષ્ટતા તથા ગ્રાહ્યતાનો આગ્રહ હતો.

શિક્ષણ આપનાર શિક્ષક કે ગુરુ એ વ્યક્તિ છે જે શિક્ષણને સહજ અને સરળ રીતે વિદ્યાર્થીના મન અને મગજમાં ઉતારી દે છે. પ્રાચીનકાળમાં ચાર પ્રકારના શિક્ષકોનું વર્ણન મળે છે– આચાર્ય, પ્રવક્તા, શ્રોત્રિય અને ઉપાધ્યાય. વિદ્યાર્થીને જે સંસ્કારસૂત્રોથી બાંધે તેને આચાર્ય કહેતા હતા. આચાર્ય શિક્ષાર્થીની અંદર સંસ્કાર અને શિક્ષણનું બીજારોપણ કરે છે. આર્ષગ્રંથોના ગૂઢ તથા સૂત્રરૂપે ભરેલા મહાન જ્ઞાનભંડારની સરળ, સહજ અને સુંદર ભાષામાં વ્યાખ્યા કરનારને પ્રવક્તા કહેવામાં આવે છે. જોકે વર્તમાન સમયના પ્રવક્તાઓમાં એ વાત નથી જે પ્રાચીનકાળમાં હતી. છંદ એટલે કે વેદોની શાખાઓને કંઠસ્થ રાખનાર અને શિક્ષાર્થીને કંઠસ્થ કરાવનાર શિક્ષક શ્રોત્રિય કહેવાતા હતા. લૌકિક અને વૈજ્ઞાનિક સાહિત્યનું અધ્યયન તથા અધ્યાપન કરાવનારાઓને અધ્યાપક કે ઉપાધ્યાય કહેવામાં આવતા હતા.

અધ્યાપકનાં જ્ઞાન, શૈલી, સંપ્રેષણ તથા વ્યવહાર ખૂબ જ મહત્ત્વપૂર્ણ હોય છે, કારણ કે આ માધ્યમથી જ તે પોતાના વિદ્યાર્થીઓને જ્ઞાનનો બોધ કરાવી શકે છે. આધુનિક શિક્ષણશાસ્ત્રીઓએ શિક્ષકોની વિશષતાઓનું આ બિંદુઓ અંતર્ગત સંકલન કર્યું છે – સમ્યક્ જ્ઞાન, કુશળ શૈલી, સરળ અને સુબોધ ભાષા, મધુર વ્યવહાર, સત્યવાદિતા, નિષ્પક્ષતા, ન્યાયપ્રિયતા અને વિદ્યાર્થીઓ પ્રત્યે સ્નેહ અને સદ્‌ભાવપૂર્ણ દૃષ્ટિકોણ. વિનોબા ભાવેએ શિક્ષકોના ત્રણ ગુણો સ્પષ્ટ કર્યા છે– શિક્ષકના મનમાં વિદ્યાર્થી પ્રત્યે પ્રેમ અને વાત્સલ્યની ભાવના, શિક્ષકની સતત અધ્યયનશીલતા તથા શિક્ષકનું વર્તમાન રાજનીતિમાં સક્રિય ન થવું. આ ગુણોથી યુક્ત શિક્ષકોને ડૉ. રાધાકૃષ્ણને સમાજના પ્રકાશસ્તંભ કહ્યા છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. ઝાકિર હુસેનનું કહેવું છે કે સાચા શિક્ષકો જ આપણા ભાગ્યવિધાતા છે.

સાચું તો એ છે કે શિક્ષક અને વિદ્યાર્થી બન્ને એકબીજાના પૂરક હોય છે. એમની વચ્ચે પવિત્ર જ્ઞાનનો સંબંધ હોય છે. શ્રદ્ધાપૂર્વક વિદ્યા ગ્રહણ કરવાની ઇચ્છા રાખનાર શિક્ષાર્થી હોય છે. વિદ્યાર્થીના ગુણો વિશે સિદ્ધાંત કૌમુદીમાં આ રીતે કહેવામાં આવ્યું છે – **"ગુરુર્દોષાણાનાવરણં છત્રમ, તતશીલમ્ અસ્થ ઇતિ છાત્રમ્"** આને જ ઉપનિષદ આ રીતે કહે છે– **"યાનિ અસ્માકમ અવદ્યાનિ તાનિ ત્વયા ઉપાખ્યાનિ નો ઇતરાષિ !"** પ્રાચીનકાળમાં વિદ્યાર્થી શિક્ષક પાસે શ્રદ્ધાભાવ સાથે જતો હતો. શિક્ષક તેને સંસ્કારની ભઠ્ઠીમાં ગાળી-ઢાળીને પોતાની અંદર રહેલા વિદ્યાગર્ભમાં પ્રવેશ કરાવતો હતો. આવી ઉદાત્ત ભાવનાને લીધે જ શિક્ષકને અંતેવાસી શબ્દથી બિરદાવવામાં આવતા હતા. શિક્ષક વિદ્યાર્થીને અનુકૂળ શિક્ષણ આપતો હતો.

આજના આધુનિક પરિદૃશ્યમાં પણ આને ત્રણ રૂપોમાં પારખી શકાય છે– (૧) જ્ઞાનાત્મક (૨)ભાવાત્મક તથા (૩) ક્રિયાત્મક. જ્ઞાનાત્મક ઉદ્દેશોમાં સમજવું, રચના કરવી તથા મૂલ્યાંકન પર ભાર મૂકવામાં આવે છે. ભાવનાત્મક પક્ષ અંતર્ગત વિદ્યાર્થીઓમાં સકારાત્મક અભિવૃત્તિ જાગૃત કરી અધ્યયન માટે પ્રેરિત કરવામાં આવે છે. ક્રિયાત્મક પ્રક્રિયા પ્રાપ્ત જ્ઞાન અને પ્રેરણાને વ્યાવહારિક જીવનમાં ઉતારવાનું બળ આપે છે. આજના યુગમાં ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા ચાલી નીકળી છે. તેથી પ્રાયમરી સ્કૂલોથી માંડી મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયો સુધી એવી જ વિધિઓ પ્રયોગમાં લેવાઈ


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

રહી છે. પ્રયોગમાં લેવાતી વિધિઓમાં ભાષણ કે વાચિક વિધિ, સામૂહિક વિવેચન કે સંગોષ્ઠિ વિધિ, સામૂહિક પ્રદર્શન વિધિ તથા પત્રાચાર વિધિ મુખ્ય છે. એમને વધુ સરળ, સુબોધ અને વ્યાપક બનાવવા માટે રેડિયો ટેલિવિઝન તથા કૉમ્પ્યુટરની મદદ લેવાઈ રહી છે.

શિક્ષણ જગતના હાલના પરિદૃશ્યમાં ઉચ્ચસ્તરીય સિદ્ધાંતો અને અત્યાધુનિક વ્યવસ્થાઓ છતાં હરઘડી નિષ્ફળતા અને ઉલ્લંઘન વધી રહ્યાં છે. આ તથ્યના ઊંડાણમાં જવાથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે આજનું શિક્ષણ અર્થ અને કામ પર સ્થપાયેલું છે. એ કેવળ આવક કે આજીવિકાનું સાધન બનીને રહી ગયું છે. જે શિક્ષણ વૈભવ અને વિલાસ સાથે જોડાઈને તપથી મોઢું ફેરવી લે તે ભલા ચરિત્ર અને ચિંતન તથા વ્યવહારમાં પરિવર્તન કેવી રીતે લાવી શકે ? સત્ય એ જ છે કે આજનું શૈક્ષણિક પરિદૃશ્ય ભ્રાંતિ પેદા કરનારું છે.

આજના શિક્ષણને જો સર્જનશીલ બનાવવું હોય તો શિક્ષણના મૂલ્ય, મહત્ત્વ અને ઉદ્દેશને યોગ્ય રીતે સમજવાં પડશે તથા સમયને અનુરૂપ પ્રાચીન ભારતીય પરંપરાને સ્થાપવી પડશે. શિક્ષણપ્રક્રિયામાં ઋષિચેતનાનો સમાવેશ કરીને જ ઉપરની વિસંગતિઓને દૂર કરી શકાય છે. વર્તમાન શિક્ષણમાં જીવન જીવવાની કળા કે અધ્યાત્મવિદ્યાનો સમાવેશ આવશ્યક છે. તે વિના સાચા જીવનની કલ્પના કરી શકાતી નથી. આજે પાશ્ચાત્યજગતના શિક્ષણશાસ્ત્રીઓ જેવા કે પેંટર, ડેવી, ફ્રીબેલ, જેમ્સ વગેરેના વિચારો સાથે ભારતીય વિદ્વાનો જેવા કે સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, લોકમાન્ય ટિળક, બ્રહ્મર્ષિ દયાનંદ વગેરેના વિચારોનો સમન્વય જરૂરી છે. કારણ કે આજે સમાજને એવું શિક્ષણ જોઈએ જે માનવીનું નિર્માણ કરી શકે તથા રાષ્ટ્ર અને સમાજને વિકસિત તથા ગતિશીલ બનાવી શકે.

*શરીરની જેમ મનની બાબતમાં પણ લોકો મોટેભાગે ભૂલ કરતા હોય છે. શરીરને સજાવવા-શણગારવાને મહત્ત્વ આપી લોકો તેને સ્વસ્થ, નીરોગી તથા સશક્ત બનાવવાની વાત ભૂલી જાય છે. મનની બાબતમાં પણ આવું જ થાય છે. લોકો મનને મહત્ત્વ આપી તેની મરજી મુજબ ચાલવા લાગે છે. મનોબળ વધારવા તથા મનને નિર્મળ અને સુસંસ્કારી બનાવવાની વાત પર વધુ ધ્યાન આપવામાં આવતું નથી. આ ભૂલને કારણે જીવનમાં ડગલે ને પગલે મુશ્કેલીઓમાં ફસાવું પડે છે. તંદુરસ્તીની સાથોસાથ મનની દુરસ્તીનું પણ ધ્યાન રાખવું અનિવાર્ય છે. સ્વસ્થ શરીરમાં મન વિકૃત હોય તો ઉદ્દંડતા, અહંકારનું પ્રદર્શન, પરપીડા જેવાં હલકાં કાર્યો થવા લાગે છે. ગુંડા અને બદમાશોથી માંડીને રાક્ષસો સુધીના પતનની પાછળ આ જ તથ્ય કામ કરે છે. અપરાધ જગતમાં જે કંઈ થઈ રહ્યું છે, તેને અસ્વસ્થ મનનો ઉપદ્રવ કહી શકાય છે. મન જો સારી દિશામાં વળી જાય, આત્મસુધાર, આત્મનિર્માણ અને આત્મવિકાસમાં રુચિ લેવા માંડે તો જીવનમાં એક ચમત્કાર જ પ્રસ્તુત થઈ શકે છે.*

*શરીર પ્રત્યેના કર્તવ્યપાલનની જેમ મન પ્રત્યે પણ આપણે આપણી જવાબદારીઓ પૂર્ણ કરવી જોઈએ. કુવિચારો અને દુર્ભાવનાઓથી મન ગંદું, મલિન અને પતિત થાય છે તથા તેની બધી વિશેષતાઓ અને શ્રેષ્ઠતાઓને ખોઈ બેસે છે. આ સ્થિતિથી સતર્ક રહેવાની અને બચતા રહેવાની જરૂરિયાતનો અનુભવ કરવો તે આપણું પવિત્ર કર્તવ્ય છે. મનને સાચી દિશા આપતા રહેવા માટે, જેમ શરીરને ભોજનની જરૂર છે. તેમ મનને સ્વાધ્યાયની જરૂર છે. આત્મનિર્માણ કરવાની અને જીવનની સમસ્યાઓને યોગ્ય રીતે ઉકેલ આપવાની ઉત્કૃષ્ટ વિચારધારા ધરાવતાં પુસ્તકો પૂર્ણ ધ્યાન, મનન અને ચિંતન સાથે વાંચતા રહેવું એ સ્વાધ્યાય છે. જો ઉત્કૃષ્ટ વિચારો અને જીવનવિદ્યાના જાણકાર કોઈ સારા સજ્જન મળી શકે તો તેમનો સત્સંગ પણ ઉપયોગી સિદ્ધ થઈ શકે છે.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અહંશૂન્ય થવા માત્રથી જ મળે છે - ગુરુકૃપા

ભગવાન કૃષ્ણની અનન્ય ભક્તિ જ તેમનું જીવન બની ગઈ હતી. કૃષ્ણ નામમાં તેમની તલ્લીનતા-તન્મયતા બીજાઓને પણ કૃષ્ણપ્રેમમાં વિભોર કરી નાંખતી. પ્રભુને પ્રેમ કરવાનું તેમને કોઈએ શીખવાડ્યું ન હતું. આ તો તેમનો અંતઃસ્ફુરિત ભાવ હતો, જે બાળપણમાં જ જાગૃત થઈ ચૂક્યો હતો. સૌરાષ્ટ્રના ઘોઘાવદર ગામમાં જગદયાળ તેમજ તેમની ધર્મપ્રેમી પત્ની શામબાઈના તેઓ લાડકું સંતાન હતા. માતા-પિતાએ તેમન ઘણાજ લાડ-પ્યારથી પાળ્યા-પોષ્યા, તેઓ પોતાના પુત્રની દરેક ઇચ્છા પૂરી કરવાની કોશિષ કરતાં, પરંતુ તેઓ તો જાણે કોઈ અન્ય લોકમાં વિચરતા હતા. કૃષ્ણ-સ્મરણમાં ન તેમને પોતાનાં દેહનું ભાન રહેતું કે ન ખાવા-પીવાનું. તેમની આ હાલત જોઈને તેમનાં માતા-પિતાએ એવું અનુમાન કર્યું કે તેમના બાળકના પૂર્વ જન્મના સંસ્કાર તેને નિર્દિષ્ટ દિશામાં લઈ જઈ રહ્યા છે. તેમણે પણ નિશ્ચય કર્યો કે તેઓ તેમના પુત્રની તપ-સાધના અને ઈશ્વરપ્રેમમાં અડચણરૂપ નહીં બને.

તેમના ગામમાં એક દિવસ શ્રીમદ્ભાગવતકથાનું આયોજન થયું. તેઓ પણ ગયા. કથાવાચક મહોદય કહી રહ્યા હતા - કૃષ્ણ - પ્રેમ તો અહંશૂન્ય અંતર્ચેતનામાં ઉછરે છે અને આ અહંશૂન્યતા તો સદ્ગુરુના કૃપાપ્રસાદથી મળતી હોય છે. તેમને લાગ્યું જાણે તેમને જીવનદૃષ્ટિ મળી ગઈ. હવે તેમને સદ્ગુરુની શોધ હતી. આ શોધ તેમને જામનગરના સંત મોરાર સાહેબ સુધી લઈ ગઈ.

સંત મોરારસાહેબ જામનગરના રાજા રણમલના રાજગુરુ હતા. તેઓ મહાન તપસ્વી, અંતર્દૃષ્ટિ સંપન્ન તથા યોગ-ઐશ્વર્યથી વિભૂષિત સંત હતા. પરંતુ તેઓ એક ઘણી મોટી રિયાસતના રાજગુરુ હતા. એટલા માટે અનેક લોકો વિશેષ કરીને ધર્માધિકારી તેમની ખ્યાતિના કારણે અંદરખાને ઊંડી ઈર્ષા કરતા હતા. આ ઈર્ષાના કારણે તેમની માનસિક વૃત્તિઓ કલુષિત તેમજ પ્રદૂષિત થઈ ગઈ હતી. આવી દૂષિત મનોવૃત્તિના કારણે તેઓ હંમેશાં તેમની હત્યાનો પ્રયત્ન કરતા રહેતા હતા. એક પછી એક અનેક પ્રયાસ કરતા, પરંતુ ભગવત્કૃપાના કારણે તે બધા જ અસફળ થઈ જતા અને મોરારજીનો વાળ પણ વાંકો થતો ન હતો. આ પ્રયત્નોને માટે કદાચ એવું જ કહેવું પડશે કે ધર્મનું શુદ્ધ સ્વરૂપ, ધર્મના ધ્વજધારકો, ઠેકેદારોને પણ ક્યારેય પસંદ ન પડ્યું.

પરંતુ તેઓ તો પોતાની સાચી શ્રદ્ધા તેમજ નિશ્ચલ ભક્તિને લઈને મોરાર સાહેબની પાસે ગયા હતા. મોરાર સાહેબે પણ તેમના બાળમાનસમાં ઈશ્વરપ્રેમની સાચી તરસ જોઈ હતી. તેઓ તો ગુરુ-ભક્તિને જ ઈશ્વર-ભક્તિ માની પોતાના સદ્ગુરુ મોરારસાહેબની સેવા કરતા. તેમની જ સાથે દેવદર્શન કરવા જતા અને ગુરુની ગાયોને જંગલમાં ચરાવવા લઈ જતા.

એક વાર ઈર્ષાળુ ધર્માધિકારી અને તેમના કેટલા ચમચાઓએ મોરારસાહેબની પૂજા-પુષ્પમાં એક ઝેરીલો નાગ છુપાવી દીધો. સંધ્યા સમયે અનેક સ્થાનેથી ફૂલોની ટોપલીઓ સવારની પૂજા માટે આવતી હતી. મોરારસાહેબ પણ પ્રત્યેક ટોપલીમાંથી થોડાં થોડાં ફૂલ લઈને દેવમંદિરમાં ચઢાવી આવતા હતા.

એ દિવસે એક મોટી ટોપલીમાં ચંપાનો હાર જોઈને તેઓ બોલ્યા જો તો બેટા જીવણ આ હાર કેટલો સુંદર છે!

જીવણ એ સમયે ગાયોને ઘાસ ખવડાવી રહ્યો હતો. તેણે ત્યાંથી જ જવાબ આપ્યો. ઘણો જ સુંદર છે. મહારાજ.

લે, સુંદર છે તો તું જ આને પહેરી લે ! કહીને મોરારસાહેબે તેના ગળામાં હાર નાખી દીધો.

હાર જ્યારે ગળામાં પડ્યો, ત્યારે તેમને ખબર પડી, આ હાર નથી. પરંતુ ફૂલોમાં છુપાયેલો નાગ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરંતુ તેમનામાં પોતાના ગુરુ પ્રત્યે અપૂર્વ વિશ્વાસ હતો. તેમણે વિચાર્યું કે ગુરુએ પ્રેમથી જે પહેરાવી દીધો, એ કાઢી કઈ રીતે નંખાય ? તેઓ તો નિર્ભયતાપૂર્વક હાર પહેરીને ગુરુની સાથે મંદિર તરફ ચાલી નીકળ્યા. મંદિરમાં દાખલ થઈને જેવા તેમણે શિવજીને દંડવત્ પ્રણામ કર્યા કે નાગ ઝડપથી સરકીને શિવલિંગને લપેટાઈ ગયો. જીવણ મંત્રમુગ્ધ થઈને પ્રણામી મુદ્રામાં આ અદ્ભુત દશ્ય જોતો રહી ગયો.

સંત મોરારસાહેબે તેને ઊભો કરીને પોતાની છાતીએ વળગાડી દીધો અને તેને સાથે લઈ તેઓ પોતાના નિવાસ બાજુ ચાલી નીકળ્યા. ચાલ્યા જતા ગુરુ અને શિષ્ય બંનેનાં નેત્રોમાં ભાવબિંદુ છલકી રહ્યાં હતાં.

એક દિવસ સદ્ગુરુની પ્રેરણાથી જીવણે આજુબાજુનાં પાંચ ગામો તરફથી મળેલ પૂજાના નિમંત્રણનો સ્વીકાર કરી લીધો. પરંતુ જ્યારે પ્રસ્થાન કરવાનો સમય આવ્યો. ત્યારે પોતાના ગુરુદેવને આરામ થી સૂતેલા જોઈને તેમને આશ્ચર્ય થયું. જ્યારે ગુરુદેવ નસકોરાં બોલાવવા લાગ્યા ત્યારે તેઓ ધૈર્ય ખોઈ બેઠા અને ગુરુદેવની કીર્તિ રક્ષા માટે ઘોડી ઉપર સવાર થઈને પાસેના ગામમાં પહોંચી ગયા.

ગામમાં પહોંચતાં વેત જ તેમનું આશ્ચર્ય બેવડાઈ ગયું. ત્યાં તેમણે જોયું કે તેમના ગુરુદેવ એક ખાટલા ઉપર બેસીને એકતારો વગાડી રહ્યા હતા. બીજા ગામમાં પહોંચીને તેમનું આશ્ચર્ય વધુ બેવડાઈ ગયું. અહીં તેમના સદ્ગુરુ પૂજા કરતા હતા. આ અચરજની સાથે પરેશાન એવા જીવણે ફરીથી ઘોડીની પીઠ ઉપર સવારી કરી અને થોડા જ સામયમાં ત્રીજા ગામમાં પહોંચી ગયા. નિયત સ્થાન ઉપર પહોંચતાં જ જોયું કે તેમના શ્રદ્ધેય ગુરુ અહીં ભક્તોની સાથે કીર્તન કરી રહ્યા હતા.

હવે તો તેમનું આશ્ચર્ય બધીજ સીમાઓને પાર કરી ગયું, છતાં પણ તેઓ ચોથા ગામ તરફ ચાલી નીકળ્યા. અહીં જ્યારે તેઓ આમંત્રિત સ્થાન ઉપર પહોંચ્યા તો જોયું કે ગુરુદેવ શ્રોતાઓને ભાગવત કથા સંભળાવી રહ્યા હતા. હવે પાંચમા સ્થાનનો વારો હતો. અહીં પહોંચતાં તેમણે જોયું કે ગુરુદેવ શ્રદ્ધાળુ ભક્તોની સાથે ભગવાનની આરતી કરી રહ્યા છે. આ રીતે પાંચેય ગામોનું પરિભ્રમણ કરી જ્યારે તેઓ આશ્ચર્યચકિત મનથી જામનગર પોતાના ગુરુદેવના નિવાસસ્થાને પહોંચ્યા ત્યારે એમણે જોયું કે ગુરુદેવ સંત મોરારસાહેબ ત્યાં પણ પ્રસાદનો થાળ લઈ દરવાજા ઉપર ઊભા રહીને સ્નેહથી તેને જોઈ રહ્યા છે.

ઘણું જ થાકી ગયો હોઈશ, દીકરા ! જીવણને ઘોડા ઉપરથી ઊતરતાં જોઈને મોરારસાહેબ કહેવા લાગ્યા, લે થોડું પાણી પી લે !

જીવણ લજ્જિત થઈને ગુરુદેવનાં ચરણોમાં નમી પડ્યા. તે પોતાના પરમસદ્ગુરુના વિરાટ સ્વરૂપને જોઈને જ્યાં ભાવવિભોર હતા. ત્યાંજ તેમને પોતાની અજ્ઞાનતા ઉપર લજ્જા આવી રહી હતી. તે તેમની હાથ જોડીને ક્ષમાયાચના કરવા લાગ્યા.

બેટા જીવણ ! મોરારસાહેબે પોતાના શિષ્યના માથા ઉપર હાથ રાખતાં કહ્યું, "તું કેમ પરેશાન છે ? છેવટે તો આટલી બધી દોડધામ તેં મારાજ કામને માટે કરી."

"નહીં પ્રભુ !" જીવણ શ્રદ્ધાના અતિરેકમાં ભાવવિભોર થઈ બોલ્યા, "શિષ્યનો સૌથી મોટો અપરાધ તેની અહમન્યતા ત્યારે થાય છે, જ્યારે તે એવું સમજી લે છે કે તે ગુરુનું મહત્ત્વપૂર્ણ કામ કરી રહ્યો છે. અથવા તેના વગર ગુરુનું કામ થશે નહીં. હે સદ્ગુરુદેવ ! શિષ્ય તો ગુરુની પાસે અહંશૂન્ય થવા માટે આવે છે અને હું તો મારા અહંનું પોષણ કરતો હતો.

મોરારસાહેબ જીવણની આ ભક્તિથી પ્રસન્ન થઈ ઊઠ્યા, બોલ્યા "બેટા જીવણ તું શોક ન કર. તારી બધીજ પરીક્ષાઓ પૂરી થઈ. મારા આશીર્વાદથી તું હવેથી સર્વથા અહંશૂન્ય હોઈશ અને તને પ્રભુ શ્રીકૃષ્ણનો નિર્મળ પ્રેમ પ્રાપ્ત થશે." સદ્ગુરુનાં આ વાક્યો તેમના જીવનમાં પૂરી રીતે સાર્થક થયાં. તેમણે પણ પોતાની બધીજ ઉપલબ્ધિઓનું શ્રેય 'ગુરુકૃપા' ને જ આપ્યું. તેમના પ્રત્યેક ભજનની સમાપ્તિ 'ગુરુપ્રતાપ' વડે જ થતી હતી. તેમનું અણમોલ વચન છે. "ગુરુકૃપા" જ શિષ્યના જીવનમાં ઈશ્વરકૃપા બનીને અવતરિત થાય છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# મહાપૂર્ણાહુતિ વર્ષની અતિ મહત્ત્વપૂર્ણ પાંચ સૂત્રી યોજના

પરમપૂજ્ય ગુરુદેવે કહ્યું છે- "મનુષ્ય શરીરમાં પ્રસુપ્ત દેવત્વનું જાગરણ કરવું એ જ આજની સૌથી મોટી ઈશ્વરપૂજા છે. યુગધર્મ આને માટે જ વિભૂતિઓનું - પ્રબુદ્ધ આત્માઓનું આહવાન કરી રહ્યો છે. નવયુગ-નિર્માણની આધારશિલા આ જ છે." આપણો આ વર્ષનો મહાપૂર્ણાહુતિનો વિશિષ્ટ પુરુષાર્થ આ જ નિમિત્તે નિયોજિત છે. ઇતિહાસનાં પાનાં ઉપર નજર નાંખવામાં આવે તો ભારતવર્ષના વર્ચસ્વનો ઇતિહાસ તેના આત્મબળ ની સફળતાનો ઉદ્ઘોષ છે. ઋષિગણો પાસે ભૌતિક સાધનો ઓછાં હતાં, પરંતુ આત્મબળ એટલું પ્રચંડ હતું કે તેઓ જનસમૂહને પોતાના પ્રવાહમાં એક નિર્ધારિત સમયમાં, પ્રબળ વેગથી વહેતી નદીઓ તણખલાને પોતાની સાથે વહેવા માટે વિવશ કરી નાંખે એવી જ રીતે વહાવીને લઈ જતા હતા, કાદવમાં ફસાયેલ હાથીને સહસ્ત્ર દેડકાઓની ચેષ્ટા પણ ઉગારી શકતી નથી. તેને સમર્થ હાથી યુક્તિપૂર્વક મજબૂત રસ્સાઓની સહાયતા વડે બહાર કાઢી શકે છે.

આત્મબળસંપન્ન ઋષિગણ સ્વયં પ્રકાશવાન હતા, આ જ કારણે તેમણે પોતાનાં સમસ્ત ક્ષેત્રને પ્રકાશિત કર્યું - ભલે પછી તે બૃહત્તર ભારત હોય, કે પછી દક્ષિણપૂર્વી એશિયા, પૂર્વોત્તર સ્થિત જાપાન કે લેટિન અમેરિકા, કહેવાની જરૂર નથી કે આ દેશોના નિવાસી જે દિવસોમાં ઉત્કૃષ્ટતાવાદી આધ્યાત્મિક માન્યતાઓથી પ્રેરિત હતા, તે દિવસોમાં ધરતી ઉપર સ્વર્ગનું વાતાવરણ હતું. દરેક મનુષ્યની અંદર દેવત્વની ઝલક દેખાતી હતી. અને તે લાભની લોભ-લાલસા માટે સમસ્ત વિશ્વના લોકો ભારતવાસીઓનું માર્ગદર્શન, સહયોગ તેમજ પ્રકાશ પામવા માટે આતુર રહેતા હતા. આ જ વિશેષતાઓના કારણે ભારતીય સંસ્કૃતિ સમસ્ત વિશ્વનું સર્વોત્તમ આકર્ષણ બનેલી હતી.

જેમ જેમ આત્મબળસંપન્ન હસ્તિઓ ઘટતી ગઈ, પ્રકાશસ્તંભ ઓલવાતા ગયા તેમ તેમ જનમાનસમાં પણ ઉત્કૃષ્ટતા નાશ પામતી ગઈ. રાષ્ટ્ર જ નહીં, વિશ્વનો ઇતિહાસ દર્શાવે છે કે ઉચ્ચ આત્મબળસંપન્ન આત્માઓના અવતરણ-અવસાદની સાથે સાથે જનમાનસનું પણ ઉત્થાન-પતન થયું છે. આજે જ નહીં, જ્યારે પણ ક્યારેક નવનિર્માણની વાત આવશે, ત્યારે અધ્યાત્મની ભૂમિકા જ મુખ્ય હશે. નવા યુગનું જે નવનિર્માણ થવાનું છે, તેમાં પણ હવે સન્ ૨૦૦૦ તેમજ ત્યાર પછીનાં વર્ષોમાં અધ્યાત્મની, આત્મબળસંપન્ન ઉચ્ચસ્તરીય મહામાનવોની ભૂમિકા મુખ્ય હશે. પ્રત્યક્ષ શ્રેય ઇતિહાસકાર ભલેને કોઈ ને પણ આપતા રહે. દેવત્વના-પ્રસુપ્ત પ્રતિભાના જાગરણનું આપણું અભિયાન જ યુગનિર્માણ યોજના છે તેમજ મહાપૂર્ણાહુતિ વર્ષમાં તે સંપૂર્ણ ધરિત્રીના નવનિર્માણ માટે આધ્યાત્મિક પુરુષાર્થમાં જોડાયેલું છે. બાર વર્ષના યુગસંધિમહાપુરશ્ચરણનું આ અંતિમ પૂર્ણાહુતિ વર્ષ એટલા માટે દરેક દૃષ્ટિએ વિશિષ્ટ છે.

પરમપૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રતિભાઓના ત્રણ વર્ગ કરવામાં આવ્યા હતા. પ્રથમ વર્ગમાં પ્રજ્ઞા-પરિજન, બીજા થોડા વરિષ્ઠ સ્તર ઉપર પ્રજ્ઞાપુત્ર તથા ત્રીજા વરિષ્ઠતમ-વિશિષ્ટ પ્રજ્ઞાપુંજ. પૂજ્યવરે કહ્યું હતું કે યુગસંધિ મહાપુરશ્ચારણનો અંત આવતાં-આવતાં મૂર્ધન્યો, પ્રતિભાવાનો, ઓજસ્વી, તેજસ્વી, જીવંતોમાં કેવળ સ્ફુરણા આવશે. એટલું જ નહિ તેમની વધતી સંખ્યા યુગપરિવર્તનની પ્રક્રિયાને અંજામ આપશે. પ્રજ્ઞાપરિજનો વિષે પૂજ્યવરે કહ્યું છે કે તેઓ સહયોગ મેળવશે , પ્રજ્ઞાપુત્ર નેતૃત્વ કરશે અને પ્રજ્ઞાપુત્ર નેતૃત્વ કરશે અને પ્રજ્ઞાપુંજ સાધનો એકઠાં કરવાનું એ કાર્ય સંપન્ન કરશે જેમ શરીરને જીવિત રાખવામાં લોહીનું મહત્ત્વ માનવામાં આવે છે.

પાંચ સૂત્રી યોજના જે પ્રજ્ઞાપુત્રો માટે પરમપૂજ્ય



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગુરુદેવ નિર્ધારિત કરી ગયા તે આપણે સૌને માટે આજના આ મહાપૂર્ણાહુતિ વર્ષમાં વધારે મહત્ત્વપૂર્ણ છે, કેમકે સમયની માંગ છે કે હવે તે સુનિયોજિત રીતે પૂર્ણ થાય. રાષ્ટ્ર અને વિશ્વભરની પ્રતિભાઓના સમય - શ્રમ - સાધનોનું તેમાં નિયોજન થાય તો આજની નિરાશાભરી પરિસ્થિતિઓ જોતજોતામાં બદલાતી નજરે પડશે. નિર્ધારિત કાર્યક્રમ આ પ્રકારનો છે–

(૧) આત્મશક્તિના વિકાસના રૂપમાં યુગશક્તિનું પ્રગટીકરણ-આ કાર્ય તપશ્ચર્યા વડે જ સંભવ છે. સાધનાની ધરી ઉપર જ આ કાર્ય થઈ શકે છે. શાંતિકુંજ એક જાગૃત તીર્થ-સાધના કેન્દ્રના રૂપમાં ઘડાઈને આજે વીસ વર્ષોમાં એવી સ્થિતિમાં આવી ગયું છે કે અહીં તેજસ્વી-મનસ્વી ઘડી શકાય છે. લવ-કુશ, ચક્રવર્તી ભરતનું ઘડતર આવા જ વાતાવરણમાં થયું છે. નરરત્ન સાધના દ્વારા સ્વયંનું પરિમાર્જન કરી પોતાને સશક્ત પ્રાણવાનના રૂપમાં બહાર લાવતા હતા, આવાં અનેક તીર્થ-તપોવન પ્રાચીનકાળમાં હતાં. આજે ભારતીય સંસ્કૃતિના વિશ્વવિદ્યાલયી સ્તરના નિર્માણમાં સાધનોને એક સ્થાપિત વિદ્યા માનીને જીવનવિદ્યાના સર્વાંગીણ પ્રશિક્ષણનું બીડું જે શાંતિકુંજે ઉપાડ્યું છે, તેને ક્ષેત્રનાં કેટલાંય નાનાં-નાનાં નિર્ઝર કેન્દ્ર, ગાયત્રી શક્તિપીઠ, પ્રજ્ઞાસંસ્થાન પૂરું કરશે. ગાયત્રી તીર્થ-બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનના રૂપમાં ગાયત્રી સાધના - યજ્ઞવિજ્ઞાનની જે અનુસંધાન - પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. તેનો હવે બહુગુણિત વિસ્તાર થવાનો છે.

(૨) યુગસાહિત્યનું સર્જન અને તેને દેશ - વિશ્વની દરેક ભાષા સુધી પહોંચાડવું - વિચારક્રાંતિનો આલોક જાન-જન સુધી પહોંચશે તોજ લોકમાનસને બદલી શકવાનું શક્ય છે. ઋષિઓના યુગમાં આ કાર્ય વાણી દ્વારા થતું હતું. આજે કલમ - મુદ્રણ - ઇન્ટરનેટના યુગમાં આ કાર્ય ઘણી જ ઝડપથી વિસ્તાર પામીને થતું રહી શકે છે. પુસ્તક રૂપે વિચારસંપ્રેષણના રૂપમાં યુગાંતરીય ચેતનાને દરેક શિક્ષિત સુધી પહોંચાડી શકાય છે. અશિક્ષિતને સમજાવી શકાય છે. જો આ પ્રતિપાદનોમાં તર્ક, તથ્ય, પ્રમાણ, ન્યાય, ઔચિત્યનું પ્રમાણ હોય તો જનમાનસને હલાવ્યા વગર એ રહી શકતા નથી - એવો વિશ્વાસ પૂજ્યવરનો રહ્યો છે. ક્રાંતિધર્મી સાહિત્યનાં ગણીને પસંદ કરેલ વીસ પુસતકો તથા પ્રારંભિક પરિચયાત્મક પાંચ પુસ્તકો આ સમયમાં ભારતની તથા વિશ્વની દરેક ભાષાઓમાં અનુવાદ કરી પ્રકાશિત કરવામાં આવી રહ્યાં છે. પ્રજ્ઞાપુંજોનું આમાં વિશિષ્ટ યોગદાન હોઈ શકે છે. આ વીસ પુસ્તકોના સેટને કાર્લમાર્કસના સામ્યવાદની દાસ કેપીટલ, હેરિયટ સ્ટોની ટોમ કાકાનું ઘર સમજી શકાય છે. સમગ્ર સંસારની વિચારધારાને નવો વળાંક આપવા માટે આ ક્રાંતિધર્મી સાહિત્ય એવી ભૂમિકા નિભાવી શકે છે, જે ક્યારેક ક્રાંતિકારીઓએ પોતાના ચિંતનના વિસ્તાર માટે નિભાવી હતી. ક્રાંતિધર્મી સાહિત્ય અત્યારે હિન્દી, ગુજરાતી, ઉડિયા, બંગાળી, મરાઠી ભાષામાં ઉપલબ્ધ છે. તેલુગુમાં પ્રકાશિત થયેલ યુગશક્તિ ગાયત્રીની સાથે સાથે આ તે ભાષામાં તથા દક્ષિણની શેષ ત્રણ તામિલ, મલયાલમ - કન્નડ ભાષાઓમાં પણ આ વર્ષના અંત સુધીમાં ઉપલબ્ધ થઈ રહેશે. આર્ષના અંતમાં સર્જન સંકલ્પ વિભૂતિ મહાયજ્ઞની સાથે સાથે અંગ્રેજીમાં સંભવિત અખંડજ્યોતિના ઉચ્ચસ્તરીય અનુવાદના પ્રકાશનની સાથે સાથે વિશ્વભરની ન્યૂનતમ પાંચ જર્મન, ફ્રેંચ, સ્પેનીશ, જાપાની તેમજ ચીની ભાષામાં પણ આ વીસ + પાંચ પુસ્તકોઆ અનુવાદ પ્રકાશિત થાય, એવો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. પ્રતિભાઓએ આ નિમિત્તે પોતાનો પુરુષાર્થ લગાવવો પડશે.

અનુવાદ, મુદ્રણ, પ્રકાશનના આ વિશ્વવ્યાપી તંત્રને પ્રભાવી બનાવવા માટે એક નહીં અનેક કેન્દ્ર આગામી દિવસોમાં ઊભાં થશે. શાંતિકુંજમાં સ્થપાઈ રહેલ નાલંદા તક્ષશિલા સ્તરના વિભિન્ન ભાષાઓ-ધર્મોના પ્રશિક્ષણની વિશ્વવિદ્યાલય સ્તરની સ્થાપનાથી આ કાર્ય ગતિ પકડશે, એવી આશા છે. શરૂઆત તો યુગસાહિત્યના ક્રાંતિધર્મી સાર અંશથી કરવામાં આવી છે, પરંતુ વિસ્તાર પૂજ્યવરનાં બધાંજ વાઙ્મયનો વિભિન્ન ભાષાઓમાં થવાનો છે.

(૩) **કલાતંત્ર** : લોકરંજનથી લોકમંગલ -



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ઈલેક્ટ્રોનિક મીડિયાની ક્રાંતિ દ્વારા જન-જનને પ્રભાવક્ષેત્રમાં લાવવા - આજે ટેલિવિઝન, કલામંચ, ઈન્ટરનેટ વેબસર્ફિંગ વિચાર- સંપ્રેષણનું એક વિલક્ષણ માધ્યમ બની ગયું છે. સંગીત, અભિનય, એકશન સોંગ, ચિત્રકથાઓ, નાટિકાઓ, ફિલ્મોએ મનોરંજનની દુનિયાને એક ક્રાંતિકારી વિસ્તાર આપીને રોજિંદી જરૂરિયાતની વસ્તુ બનાવી દીધી છે. કામુકતા - વિલસિતા જો આ માધ્યમ દ્વારા ફેલાઈ છે, તો પ્રતિભાઓ દોષી છે. જેમણે આ માધ્યમનો સદુપયોગ - સુનિયોજન નથી કર્યું. યુગસાહિત્યની જેમ જ પ્રજ્ઞા અભિયાને કલાક્ષેત્રમાં પણ પ્રવેશ કરવો પડશે. નાની-નાની રચનાત્મક ધારાવાહિક ફિલ્મો બનાવનારું તંત્ર ઊભું કરવું પડશે. જે 'બ્રેઈનવોશિંગ'ની ક્રાંતિકારી ભૂમિકા પ્રસ્તુત કરી શકે. સ્લાઈડ પ્રોજેક્ટર દ્વારા આરંભ થયેલું આપણું પ્રજ્ઞા અભિયાન મલ્ટીમીડિયા પ્રોજેક્ટર સુધી, સાઈબર ક્રાંતિ સુધી પહોંચી ચૂક્યું છે. આવનારા દિવસોમાં આ માધ્યમને કેટલાય ગણું વિસ્તારવાનું છે, વિભૂતિઓનું એમાં સુનિયોજન થવાનું છે.

**(૪) સર્જન શિલ્પીઓને મોટા પાયે પ્રશિક્ષણ અને તેમનું નિર્માણ :**

આગામી દિવસોમાં નવસર્જનનાં અસંખ્ય પ્રયોજનો માટે હજારો-લાખો યુગશિલ્પીઓએ મોરચા ઉપર ઊભા રહેવાનું છે. ધર્મતંત્ર તો શાસનતંત્ર કરતાં પણ મોટું છે. આની અગણિત શાખા પ્રશાખાઓ છે. લોકસેવી, સમયદાની, વાનપ્રસ્થ, પરિવ્રાજક હવે અગણિત સંખ્યામાં પ્રશિક્ષિત થઈ ભારત તેમજ વિશ્વમાં ખૂણે-ખૂણામાં પહોંચ્યા. આ સમયની માંગ છે. ઈસાઈ ચર્ચની જેમ આપણા પાદરીઓનું નિર્માણ-પ્રશિક્ષણ - નિર્વાહ - પ્રબંધ વગેરેનું તંત્ર આપણે જાતેજ ઊભું કરવું પડશે, જેથી ભારતીય સંસ્કૃતિને વિશ્વભરમાં પહોંચાડી શકાય. પ્રતિભાઓનું સુનિયોજન આ વિરાટ તંત્રની વ્યવસ્થા બનાવવામાં આ વર્ષે લાગે એવી પૂજ્યવરની અપેક્ષા રહી છે.

**(૫) વિશ્વરાષ્ટ્ર :** વિશ્વધર્મ - વિશ્વભાષા - વિશ્વસંસ્કૃતિનું લક્ષ પૂરું કરવું- યુગાંતરીય ચેતનાનો આલોક બધા જ ધર્મો, ભાષા-ભાષી નાગરિકોમાં ફેલાય- આને માટે આપણે આપણા સાંસ્કૃતિક દૂત બિનનિવાસી ભારતીઓને ધરી બનાવીને વિશ્વભરમાં આના વિસ્તાર માટે તેમની મદદ લેવી પડશે. સાંસ્કૃતિક આત્મીયતાના આધારે ભાવનાક્ષેત્રમાં જો બિનનિવાસીઓને બાંધી લેવામાં આવે, તો જોતજોતામાં ત્યાંના એમના વંશના અગણિત પ્રતિભાશાળી પ્રજ્ઞાપુંજ આગળ આવશે અને આ પ્રવાહ સાથે જોડાતા જશે. આ પ્રયત્ન વીસ વર્ષ પહેલાંથી શરૂ તો થઈ ગયો હતો, હમણાં છેલ્લાં દસ વર્ષથી એણે ગતિ પકડી છે. આવનારાં બે વર્ષમાં આને ઉચ્ચતમ વેગ સુધી પહોંચાડવાનો છે.

મિશન ગાયત્રી પરિવારનું વિરાટ તંત્ર પોતાની પ્રૌઢતાની સ્થિતિમાં છે. હવે પછીનું વર્ષ આપણે અખંડ દીપકની હીરક જયંતિના રૂપમાં યુગચેતનાનું અવતરણ વર્ષ મનાવીશું. ૭૫ વર્ષનો પૌઢ એવો આ પરિવાર ધરખમ વ્યક્તિત્વવાળા ભાવનાસંપન્ન પ્રતિભાશાળીઓના સમુદાયથી વૃદ્ધિ પામીને એકતાના રૂપમાં વિકસિત થાય, એવી મહાકાળની ઈચ્છા છે. આપણે સૌ તો આના શ્રેયાધિકારી બનેલા રહ્યા છીએ, આ સૌભાગ્યભર્યા અવસર ઉપર સક્રિય થવા-બનવામાં જ આપણી શાન છે.

---

***વિધ્વંસ સરળ છે, એને નાનકડી ચિનગારી તથા સડેલી ખીલી પણ કરી શકે છે. ગૌરવ સર્જનાત્મક કાર્યોમાં છે. મનુષ્યનું ચિંતન અને પ્રયાસ સર્જનાત્મક પ્રયોજનોમાં જ કાર્યરત રહેવાં જોઈએ. જીવનની ગરિમા કયા સ્તરનું કેટલું સર્જનાત્મક કાર્ય સફળ થયું. એ કસોટી પર જ આંકવામા આવે છે. કાર્યકુશળતાની જે કંઈ પ્રતિભા અને પ્રખરતા છે, તેના દ્વારા સત્પ્રવૃત્તિ સંવર્ધનમાં સહાયતા મળી કે નહીં એમાં તેની પ્રશંસા છે.***

***— પરમપૂજ્ય ગુરુદેવ***



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# એકવીસમી સદીમાં આપણાં કર્તવ્યો

ઉચ્ચસ્તરના આત્મા કેટલાંયે અદશ્ય કાર્યો પોતાનાં સૂક્ષ્મ શરીર દ્વારા કરતા જ હોય છે. મરણોત્તર જીવનમાં નવો જન્મ ધારણ કરતાં પહેલાં તેમને આના માટે ઘણા અવસરો પ્રાપ્ત થતા હોય છે. કર્મનાં બંધનોથી મુક્ત હોવાને કારણે અને અંતકાળની આદર્શવાદી ઉચ્ચતાને કારણે તે આત્માઓ યુગને અનુરૂપ પોતાના કાર્યક્રમો બનાવતા જ રહે છે. દશ્ય અને અદશ્ય જીવનની કાર્ય કરવાની પદ્ધતિ આ રીતની જ હોય છે.

આજની પરિસ્થિતિઓમાં, આ મહાસંક્રાંતિ પર્વની વેળાએ જ્યારે આપણે આચાર્ય શ્રી રામશર્માજી અને માતા ભગવતીદેવી શર્માજીની જીવનયાત્રાનો અભ્યાસ કરીએ તો જણાય છે કે બંનેએ દશ્ય જગતમાં પણ અસાધારણ પુરુષાર્થ કર્યા અને બંને સ્તર પર સક્રિય રહીને પ્રત્યક્ષ તથા પરોક્ષ જગતને સાધવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. સૂક્ષ્મમાં વિલીન થયેલી, તેમની જ સત્તાએ ગાયત્રી પરિવારનો મત્સ્યાવતારરૂપી વિસ્તાર કર્યો છે. (ગાયત્રી પરિવારને વિશાળ બનાવ્યો છે.) લાખો અને કરોડો લોકોનાં અંતઃકરણોને બદલીને તેમના ભાગ્યને બદલી નાખી, તેમાં એકવીસમી સદીના ઉજ્જવળ ભવિષ્યનું બીજ વાવીને સત્યુગના સામૈયા માટે તેમને કાર્યરત કરવાનું કાર્ય કોઈ સામાન્ય મનુષ્ય માટે શક્ય નથી.

શરૂઆતનાં ચોવીસ લાખનાં મહાપુરશ્ચરણોની સાધના કર્યા પછી હિમાલયના અજ્ઞાતવાસના તપમાંથી પાછા ફરતાં જ ૧૯૬૨ થી ૬૯ સુધી તેમણે જુદા જુદા પ્રકારની સાધનાઓ જાતે કરી અને બીજાઓ પાસે કરાવડાવી. દરેકની યોગ્યતા અને શક્તિ પ્રમાણે પરિષ્કૃત કરી તેમને સાધક બનાવ્યાં. શ્રેષ્ઠ સાધક - ચિંતનશીલ, સ્વાધ્યાયશીલ મનુષ્ય જ કર્મઠ લોકસેવી સંગઠન કરનાર બની શકે છે. સામૂહિક સાધના દ્વારા સામુહિક મનના જાગરણની પ્રક્રિયાને સક્રિય બનાવીને એક તીવ્ર ચિંતનપ્રવાહને જન્મ આપવો એ કોઈ અવતારી સ્તરના મનુષ્યનું કામ છે. આપણી ગુરુસત્તાના જીવનક્રમને જોતાં તેમનાં વિવિધ રૂપોમાં તેમના વ્યક્તિત્વરૂપી વિરાટ હિમાલયનાં દર્શન થાય છે. તેથી જ તે પ્રચંડ પ્રાણપ્રવાહવાળી કલમ બનીને ક્યારેક લાખો અખંડ જ્યોતિ ના પાઠકોના મનને મથે છે, તેમને કંઈક કરી બતાવવા માટે તૈયાર કરે છે, એક આંશિક સમયદાની સદ્ગૃહસ્થ બનીને સમાજના એક રચનાત્મક ઘટક બનવા માટે પ્રેરણા આપે છે; તો ક્યારેક તેમના તેજસ્વી વાણી પ્રવાહથી પ્રવાહિત થઈને દશ્ય જીવનમાં પ્રખર તપ તથા ગહન મમત્વસભર પ્રાણ ફૂંકનારી પોતાની આ વિદ્યાથી અનેક લોકોના જીવનની દિશા બદલી નાખે છે. જ્યારે અધ્યાત્મ દષ્ટિએ સમાજ તથા રાષ્ટ્રના નવનિર્માણનાં કાર્યો તે સાધક - સંગઠકના માધ્યમથી થવા માંડે છે ત્યારે આ ગાયત્રી પરિવારને સરકારની જેમ જ એક વિરાટ આદર્શ સ્વયંસેવી સંગઠનના રૂપમાં સ્થાપિત કરી દે છે.

દુર્ગમ હિમાલયથી માંડીને ઉત્તરકાશી અને ઋષિકેશના ગંગાકિનારે બનેલ કાલી કમલીવાલા બાબાની નાની ઝૂંપડી હોય કે સપ્તર્ષિ આશ્રમની પરસાળમાં અંતર્મુખી બનાવનારી નાનકડી સાધનાકુટીર હોય, અખંડ જ્યોતિ સંસ્થા અને ગાયત્રી તપોભૂમિહનો તેમનો સાધનાકક્ષ હોય અથવા શાંતિકુંજના મુખ્ય ભવનમાં ઉપરના માળે આવેલ તેમનું સાધનાસ્થળ હોય- દરેક સ્થળે આ મિશનના સંગઠનને ઊભી કરનાર શક્તિની ઉપસ્થિતિ અનુભવાય છે. હિમાલયયાત્રાથી પાછા ફર્યા પછી વિશિષ્ટ લોકો માટે પ્રાણપ્રત્યા વર્તન, સત્ર, સામાન્ય વર્ગની વ્યક્તિઓ માટે જીવન સાધના - સંજીવની સાધના સત્ર, ૧૯૮૦થી શરૂ કરેલ વીસ વર્ષીય સાધના અનુષ્ઠાન અંતર્ગત વિશિષ્ટ અભિયાન સાધના, પ્રાણ અનુદાન વિતરણની મહાસાધના, સૂક્ષ્મીકરણ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાધના સમયમાં (૧૯૮૪ થી ૧૯૮૬) વિશિષ્ટ શક્તિનું ઉત્પાદન – દેવાત્મા ભારતની કુંડલિની જાગરણની પ્રક્રિયા અને ૧૯૮૮ના આસો નવરાત્રિથી શરૂ કરેલ બાર વર્ષના યુગસંધિ મહાપુરશ્ચરણ દ્વારા અનિષ્ટ નિવારણ અને એકવીસમી સદીનું આગમન તેમની સતત ચાલતી રહેલ સાધનામય જીવનના માઈલ સ્ટોન છે. બ્રહ્મવર્ચસ સંપાદન - આત્મબળ ઉત્પાદન માટે તેઓ સ્વયં સક્રિય રહ્યાં અને બીજાંઓને પણ ગતિશીલ કરતાં રહ્યાં. પરમ વંદનીય માતાજી પણ ૧૯૪૩ સુધી તેમના દરેક સંકલ્પમાં સાથ આપતાં રહ્યાં. લોક કલ્યાણ માટે કરેલા અહર્નિશ તપ કોના માટે અને શા માટે કરવામાં આવ્યું ? તો તેનો જવાબ એક જ આપી શકાય કે માનવમાત્રના કલ્યાણ માટે - આસ્થાઓના સંકટરૂપી દુષ્કાળ સામે લડવા માટે, લોકોને તે તરફ વાળવા માટે તથા સત્યુગને પાછો લાવવાની પ્રક્રિયાને વેગવાન બનાવવા માટે તપની પ્રક્રિયા કરવામાં આવી હતી.

એકવીસમી સદી આજના સામાન્ય માનવી માટે શું છે ? કયા રૂપમાં છે ? તે બધાં જાણે છે. કરોડો લોકોએ 'મિલેનિયમ' રૂપે ઉત્સવ ઊજવીને ૩૧ ડિસેમ્બર ૧૯૯૯માંથી ૧ જાન્યુઆરી ૨૦૦૦માં પ્રવેશ કર્યો. શું તેનાથી યુગ બદલાઈ ગયો ? યુગપરિવર્તન તો એક શાશ્વત - સનાતન પ્રક્રિયા છે. કેલેન્ડરની તારીખો બદલવા સાથે તેનો કોઈ સંબંધ નથી. તેથી જ આજથી ૭૫ વર્ષ પહેલાં આપણાં ગુરુદેવ સંવત ૨૦૦૦ના આગમનની ભવિષ્યવાણી પણ કરી દે છે અને તેને યોગ્ય વાતાવરણ બનાવવાની પ્રક્રિયા પણ આપણને યુગસાધના દ્વારા સમજાવી જાય છે. માનવ ઇતિહાસમાં પહેલી જ વાર કોઈએ જીવન અને સાધનાને એકાકાર કરીને રજૂ કરી, અને તેને જીવન જીવવાની કળાના રૂપે પોતાના આચરણ દ્વારા રજૂ કરીને લાખો લોકોના ઉજ્જવળ ભવિષ્ય માટે, સ્વનિર્માણની પ્રક્રિયાને વેગવંતી બનાવી દીધી.

વિશ્વજીવનને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલો એક વિરાટ સાધનાત્મક પુરુષાર્થ આપણા પૂજ્ય ગુરુદેવના જીવનનો એક મુખ્ય પ્રવાહ બનીને આવ્યો છે. સામાન્ય રીતે સાધક પોતાના જીવનનું પરિમાર્જન મોક્ષ અથવા તો કોઈ સિદ્ધિને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય બનાવીને જ પુરુષાર્થ કરતા હોય છે, પરંતુ આચાર્યશ્રીએ સ્પષ્ટ કહ્યું – "મારી સાધનાનો ઉદ્દેશ કોઈ મોક્ષ કે નિર્વાણનો નથી. પરંતુ આનો મુખ્ય ઉદ્દેશ જીવનના અને અસ્તિત્વના પરિવર્તનનો છે." વિશ્વમાનવતા પ્રત્યે ઉછાળા મારતી ભાવસંવેદનાએ જ વિશ્વાત્મબોધ જાગૃત કર્યો અને તેમના શબ્દોમાં કહીએ તો જનજીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ભગીરથોનું સર્જન કરવું એ જ તપશ્ચર્યાનું લક્ષ્ય રહ્યું છે.

જ્યારથી પોતાના ગુરુના આદેશાનુસાર પંદર વર્ષની ઉંમરમાં તપમાં લીન બનીને અખંડ દીપ-ધૂપ જલાવીને ગાયત્રી મહાશક્તિની યુગ વિશ્વામિત્ર સ્તરની સાધનામાં લાગી ગયાં હતાં ત્યારથી તેમને ભવિષ્ય દેખાઈ રહ્યું હતું. સત્યુગ - નવયુગના આગમનના પૂર્વકાળમાં બ્રાહ્મ મુહૂર્તમાં તેમને કયા ઉદ્દેશ માટે ઋષિસત્તાએ અહી મોકલ્યા છે તેનો પણ તેમને ખ્યાલ હતો. પહેલાં પણ ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, ગૌતમ બુદ્ધ, કબીર, સમર્થ રામદાસ, રામકૃષ્ણ પરમહંસના સમયમાં લીલાવતારના પ્રગટીકરણના સમયે આવાં જ અવતરણ સંપન્ન થયાં હતાં. આ વખતની વિશેષતા એ હતી કે લાખો - કરોડો લોકોની ચેતનામાં પ્રજ્ઞાવતારની સત્તાના - વિચારપ્રવાહના અવતરણની આ બાબત માટે તેમણે સૂક્ષ્મીકરણની સાધના દરમિયાન લખ્યું હતું – "આવનારા દિવસોમાં આપણે જે આગમાં તપવાના છીએ તેની ગરમી અસંખ્ય જાગૃત આત્માઓ અનુભવશે. ભવિષ્યના મહાભારતનું સંચાલન કરવા માટે કેટલાયે કર્મનિષ્ઠ મહાન માનવો પોતાની વર્તમાન મૂર્છાને છોડીને આગળ આવે છે. આ ચમત્કારને નજીકના ભવિષ્યમાં પ્રત્યક્ષ જોવા માટે દરેકે પ્રતીક્ષા કરવી જોઈએ. અશક્ય ને શક્ય બનાવનારી અને નર્કને સ્વર્ગમાં ફેરવી દેનારી લોકસેવકોની એક ચતુરંગિણી સેના ખડી કરવી એ જ અમારા જ્વલંત જીવનક્રમનો ચમત્કાર હશે. (વાઙ્મય ખંડ ૧,૮ - ૭-૮)

આજે આપણે એ મોડ પર આવીને ઊભાં છીએ કે જ્યાંથી વિજ્ઞાનના શિખર પર પહોંચેલો વિશ્વસમુદાય


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

તેના સમસ્ત અભિશાપો - સાઈડ ઈફેક્ટ (દુષ્પ્રભાવ) નો શિકાર થઈને એકવીસમી સદીમાં જીવવા માટે પગ રાખવાની જગ્યા શોધી રહ્યો છે. માનવકૃત પરિસ્થિતિઓને કારણે કુદરતી આપત્તિઓ વધી રહી છે. પ્રદૂષણ, વસતીવધારો, ઉદ્યોગીકરણ, શહેરીકરણ નિર્વનીકરણની (હરિયાળી નાબૂદીની) પ્રતિક્રિયા મનુષ્યને ભોગવવી પડે છે. તેને જોડવાનો પ્રયાસ - સમાધાન શોધવાનો પ્રયત્ન કરતાં બીજી બાજુથી કંઈક તૂટી જાય છે. બુદ્ધિવાદે સગવડદાયક સાધનોના આડંબર ઊભા કરી દીધા છે. પરંતુ આજનો અશક્ત - નબળા મનોબળવાળો મનુષ્ય તેને ભોગવી શકતો નથી. પૈસા વધવાની સાથેસાથે દુર્વ્યસન અને ખોટા ખર્ચાઓ પણ વધી ગયા છે. મોટાભાગના લોકો ક્રોધજન્ય - આવેશજન્ય તણાવભરી મનઃસ્થિતિમાં જીવી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવે એકવીસમી સદીને ભાવસંવેદનાની સદી કહી છે. સમર્થતા, કુશળતા અને સમગ્રતાથી પણ આગળ વધીને તેમણે ભાવસંવેદનાને ચોથી શક્તિરૂપે ગણાવી છે અને કહ્યું કે લોકમાનસની સફાઈ આદર્શોના પાલનથી, ચારિત્ર્ય તથા પ્રયત્નોમાં આદર્શોનો સમાવેશ કરવાથી જ એકવીસમી સદી આવશે. પછી ભલે આ કાર્ય પૂર્ણ કરવા માટે મહાકાળને લોકોના ચિંતન (વિચારો) બદલવા માટે કોઈ ક્રિયા કરવી પડશે તો તે કરશે અને એકવીસમી સદીનો પ્રથમ દશક પૂરો થતાં થતાં લોકો કે જે વીસમી સદીના અંતમાં દેખાતા હતાં તેના કરતાં બદલાઈ ગયાં હશે. ભાવસંવેદનાનો સતયુગ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનની સજાવટ રૂપે આવશે. સમજદાર લોકોની ગેરસમજ, ભ્રમણાઓ, અનિચ્છનીયતા આનાથી દૂર થઈ જશે. સમર્થ અને પ્રખર અધ્યાત્મ જ ઉજ્જ્વળ ભવિષ્યની રચના કરશે અને તે જ તંત્રના નિર્માણ હેતુ ઋષિયુગ્મનાં સમસ્ત કાર્યો થતાં રહ્યાં છે.

ફેબ્રુઆરી, ૧૯૮૭ના 'એકવીસમી સદી અંક'માં પૂજ્યવર લખે છે — "એ દિવસ હવે દૂર નથી જ્યારે ભારત આગળની હરોળમાં ઊભું હશે અને મૂંઝવણોના નિરાકરણમાં પોતાની દૈવી વિલક્ષણતાનાં ચમત્કારિક સત્પરિણામ રજૂ કરશે." — " જે લોકો યુગપરિવર્તનનું સ્વરૂપ પ્રત્યક્ષ જોવા ઈચ્છે છે તેમણે વસંતની ઉપમા સમજવી પડશે. વસંતઋતુના દિવસો દરમિયાન ધીમે ધીમે ઋતુ બદલાતી જાય છે, ચારે તરફ ફૂલોની બહાર નજરે પડે છે. લોકમાનસની સજાવટ અને સત્પ્રવૃત્તિના સંવર્ધનનાં વિવિધ પ્રકારનાં કાર્યો આ રીતે જ વધતાં જતાં હશે. ભાવનાક્ષેત્રમાં સુધારકોની એક મોટી સેના આયોજનબદ્ધ કામ કરતી જોવા મળશે." આપણે બધાંએ ધીરજથી આ નવયુગની એકવીસમી સદીની પ્રતીક્ષા કરવી જોઈએ.

### *આપણું જીવનલક્ષ્ય*

*અધ્યાત્મદર્શનનો સાર-નિષ્કર્ષ એટલો જ માત્ર છે કે પોતાને ઓળખો - 'આત્માનં વિદ્ધિ' પોતાની જાતને વિકસિત કરો. અને એવા રાહ ઉપર ચાલો, જે ક્યાંક ઊંચા લક્ષ સુધી પહોંચતો હોય. આ જ્ઞાન પોતાના માટે જ છે. આનો સ્વીકાર-અંગીકાર કરવા સિવાય જ તે પ્રયોજન સધાય છે, જેમાં અન્ય પાસેથી કંઈક સમર્થન સહાયતા, અનુદાન પામવાની આશા કરવામાં આવે. દેવતા પણ તપસ્વીઓને જ વરદાન આપે છે, બાકી તો ફૂલ-પ્રસાદના પડિયા લઈને દેવસ્થાનોની આજુબાજુ ચક્કર લગાવતા રહે છે. ભિખારી કેટલું કમાઈ શકે છે, તે બધા જ જાણે છે. તેમને જીવનભર અભાવની ઉપેક્ષાની ફરીયાદ હોય જ છે.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

युगगीता – १२

# વ્યાવહારિક અધ્યાત્મનો મર્મ શીખવે છે ગીતાનો કર્મયોગ

**(કર્મયોગ નામના ગીતાના ત્રીજા અધ્યાયની યુગાનુકૂળ વિવેચના)**

*યુગગીતા અંતર્ગત 'કર્મયોગ' નામના ત્રીજા અધ્યાયની શરૂઆતના પાંચ શ્લોકોની વ્યાખ્યા પાછલા અંકમાં આપવામાં આવી હતી. તેનો સારસંક્ષેપ એક જ છે કે કર્મોમાં તેની કોઈ આસક્તિ હોય નહિ કે તે અતિવાદી બનીને "नैष्कर्म्य" ને જ પરમસિદ્ધિ માની બેસે નહિ. યોગેશ્વર કૃષ્ણ આ અધ્યાયમાં પ્રારંભિક વ્યાખ્યામાંજ અર્જુનને "निष्पाप" સંબોધન કરે છે. નિષ્પાપ વ્યક્તિ જ નિર્મળ મનની હોય છે. જેનાં 'પાપ' ક્ષય થઈ ગયાં હોય, જે અતિ સરળ તેમજ નિર્મળ ભાવથી પ્રભુની શરણાગતિ સ્વીકારી લે, તેનાથી અન્ય શ્રેષ્ઠ પાત્ર બીજું કયું હોઈ શકે છે - ગીતાનો પરમપાવન સંદેશ સાંભળવાને માટે. આપણી ઉપર પણ પ્રભુકૃપા ત્યારે જ વરસે છે, જ્યારે આપણે પોતાને નિયમિત ગાયત્રી ઉપાસના – સાધનાના 'भर्ग' ઉપર ધ્યાન કેન્દ્રિત કરી દોષ-દુર્ગુણોથી મુક્ત પાપરહિત અંતઃકરણ વાળું બનાવી શકીએ. આ પ્રારંભિક ઉપદેશમાં ભગવાન બે પ્રકારની નિષ્ઠાઓની વાત કરે છે. 'નિષ્ઠા' શબ્દનો પ્રયોગ અહીં સાધનાની પરાકાષ્ઠાના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. નિષ્ઠા જ આસ્તિકતાનો પ્રાણ છે. તેઓ કહે છે કે નિષ્ઠાની સાધના બે પ્રકારે થઈ શકે છે – એક જ્ઞાનયોગથી, બીજી કર્મયોગથી. પહેલો માર્ગ બુદ્ધિપ્રધાન છે. વિચારતંત્ર સાથે સંબંધિત છે, જ્ઞાનતંતુઓને ઢંઢોળે છે, તો બીજો માર્ગ સક્રિયતાનો - કર્મઠતાનો છે. પછી તેઓ કહે છે કે કર્મોના ત્યાગમાત્રથી સિદ્ધિ હસ્તગત થતી નથી કે કર્મોની શરૂઆત કરી મનુષ્ય યોગનિષ્ઠા પ્રાપ્ત કરી શકતો નથી. બંને માર્ગો એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. ત્યારે પછી ભગવાન કહે છે કે કોઈ પણ મનુષ્ય કોઈ પણ કાળમાં ક્ષણમાત્ર પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી. આવું શા માટે ? કેમકે દરેકને પોતાની પ્રકૃતિને અનુરૂપ વિવશ થઈને કર્મ કરવાં જ પડે છે. "कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः" ગીતા ૩/૫. સત્ત્વ, રજસ્, તમસ્ આ ત્રણ પ્રકારના ગુણો વડે પ્રકૃતિનો લીલા વેપાર ચાલે છે. આ જ આપણાં કર્મોનાં મૂળ સ્રોત છે. આને વશીભૂત થઈ મનુષ્ય કર્મ કરે છે. આનો અર્થ એ છે કે આપણે ક્યારેય નિષ્ક્રિય રહી શકતાં નથી. જીવનનું સકારાત્મક સ્વરૂપ સક્રિયતાથી ભર્યું પડ્યું છે. આજની દરેક સમસ્યાઓ - દરેક પ્રકારની અશક્તિ - માનસિક તાણનું સમાધાન એક જ છે કે આપણે 'જીવિતમૃતક' બનવા કરતાં સતત કર્મ કરતા રહીએ, સક્રિય બનીને જીવીએ તેમજ નિર્ભય બનીને જીવતાં શીખીએ. હસતાં - હસાવતાં મસ્તી ભરી જિંદગી જીવીએ. આના પછીની વ્યાખ્યાનો આરંભ છઠ્ઠા શ્લોકથી થાય છે, જે આ વખતની પ્રસ્તુતિમાં પાઠકો સમક્ષ પ્રસ્તુત છે.*

ભગવાન આગળ કહે છે કે, 'નિષ્કામ - ભાવ' એક ઉચ્ચસ્તરીય સિદ્ધિ છે. આને યોગ્ય અર્થમાં સમજવું જોઈએ. જો સમજવામાં નહીં આવે તો એક નિરુદ્યમી મૂર્ખ વ્યક્તિ તો એવું જ કહેશે કે ઓછામાં ઓછું કામ અને વધુમાં વધુ ભોગમય જીવન જ સૌથી આકર્ષક છે. આજે સંન્યાસની સાથે આ જ વિડંબના જોડાઈ ગઈ છે. જ્યાં વર્ણાશ્રમ પરંપરામાં વાનપ્રસ્થ સક્રિય થઈને સમાજને માટે જીવવાની પ્રેરણા આપતું હતું, ત્યારે સંન્યાસ વધુ સક્રિય થઈને કર્મોનો ક્ષય કરીને પૂર્ણતઃ વિશ્વકલ્યાણને સમર્પિત જીવન હતું.મૂળ અર્થ ક્યાંય બીજે રહી ગયો તેમજ આજના સંન્યાસીઓએ યુગધર્મની ઉપેક્ષા કરી પોતાને ભોગ-વિલાસ સાથે, અકર્મણ્યતા સાથે જોડી લીધા. બધા જ આવા છે એવી વાત નથી. પરંતુ લગભગ આવું જ જોવા મળે છે કે જેંને પલાયન થવું છે, સક્રિય જીવન જીવતાં ગભરાય છે, તે એ જ ભીડમાં જઈને ઊભો રહી જાય. જો આ સંસ્થા સક્રિય રહી હોત ગીતાકારના ઉપદેશનું પાલન કરી રહી હોત, તો ભારતવર્ષના એક કરોડ કરતાં વધુ બાબાજી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પરમપૂજ્ય ગુરુદેવની જેમ સંપૂર્ણ રાષ્ટ્રને શિક્ષિત - વિદ્યાવાન સ્વાવલંબી બનાવી ચૂક્યા હોત.

આનો અર્થ એ કે કર્મ કરતા રહેવામાં જ આપણી શાન છે. તેનો કોઈ વિકલ્પ નથી. એક સાચો કર્મયોગી તથા નિમ્ન સ્તરના મિથ્યાચારી વચ્ચેનું અંતર સમજી લેવું યોગ્ય રહેશે.

ભગવાન કૃષ્ણ છઠ્ઠા શ્લોકમાં કહે છે —

**कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।**
**इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥ ३/६**

એટલેકે — "જે મૂઢ બુદ્ધિ મનુષ્ય સમસ્ત ઇન્દ્રિયોને હઠપૂર્વક ઉપરથી રોકીને મનથી તે ઇન્દ્રિયોના વિષયો વિષે ચિંતન કરતો રહે છે તેને મિથ્યાચારી એટલે કે દંભી કહેવામાં આવે છે."

આ એ જ શિક્ષણ છે જે આપણને બતાવે છે કે કર્મ કેવી સારી રીતે કરવું જોઈએ ? આદર્શ જીવન કેવું હોવું જોઈએ ? એક સાચા લોકસેવક તેમજ એક દંભી વચ્ચે કેટલું અંતર હોય છે ? શારીરિક વિષયભોગની તુલનામાં માનસિક કામુકતા - વિષય ચિંતન કેવળ આપણી પ્રાણશક્તિનો હ્રાસ જ કરતી નથી પણ આપણી કાર્ય કુશળતાને પણ પ્રભાવિત કરે છે. આંતરિક વિષય ચિંતનના કારણે તે ધીરે ધીરે અસફળતા તરફ વધવા લાગે છે, ભલેને પછીતે કેટલાંય કર્મો કરતો નજરે પડે, કેટલાય આકર્ષક વ્યક્તિત્વવાળો, ઊંચા પદવાળો કેમ ન હોય !

કર્મ ન કરવા છતાં પણ માનસિક કામુક-અશ્લીલ ચિંતન કરનારા દ્વેષભર્યા વિચાર મનમાં પાળનારા મિથ્યાચારી દંભી કહેવાય છે. કર્મ માત્ર બહિરંગથી નહીં, અંતરંગથી તેમજ નિષ્પાપ મન દ્વારા કરેલું હોવું જોઈએ. શ્રીકૃષ્ણ ભગવાન અહીં એવા લોકોની ચર્ચા કરી રહ્યા છે, જેઓ સમાજની કશી જ સેવા કરતા નથી, સમાજને માટે ભારરૂપ છે. મનથી વિષયોનું ચિંતન કરતા રહે છે, કામના પ્રત્યેનો આસક્તિ ભાવ અંદરથી છોડી શકતા નથી. આવી વ્યક્તિઓથી ભિન્ન આપણે એક આદર્શ જીવન જીવનાર બુદ્ધિમાન, પ્રજ્ઞાવાન વ્યક્તિ બનવાનું છે. તેઓ સાતમા શ્લોકમાં કહે છે —

**यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।**
**कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥ ३/७**

એટલે કે— "હે અર્જુન ! જે પુરુષ ઇન્દ્રિયોને મન દ્વારા સંયમમાં રાખીને નિરાસક્ત બનીને સમસ્ત ઇન્દ્રિયો દ્વારા (શરીર દ્વારા) કર્મયોગનું આચરણ કરે છે તે જ શ્રેષ્ઠ છે."

આ જ મહામાનવની પરિભાષા છે. અનાસક્તિનો ભાવ મનમાં ઉત્પન્ન થવો. મન દ્વારા જ ઇન્દ્રિયોનો સંયમ સંભવ છે. મન ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા જ બહાર ભાગતું રહે છે. સંયત મન દ્વારા પોતાની ઇન્દ્રિય ક્રિયાઓને સંપાદિત કરતા રહીને - બહિરંગ સંસારના સ્વામી માત્ર જ નહીં, પોતાના ઉદ્વિગ્નતારહિત મનના સ્વામી બનીને જીવવું એ જ મનુષ્યને શોભા આપે છે. આવી વ્યક્તિએ અનાસક્ત મન દ્વારા સંસારમાં પોતાનાં કર્મોનું સંપાદન કરવું જોઈએ.

આ શબ્દ 'અનાસક્ત'ને અહીં જ સારી રીતે સમજી લેવો જોઈએ. આ શબ્દ ગીતાયોગની મૂળ ધરી છે. 'આસક્તિ'નો અર્થ છે— હું (અહંકાર) ઇચ્છું છું. (પ્રાપ્ત કરવાની - ભોગવવાની ઇચ્છા છે) અહંકાર અને અહંકેન્દ્રિત ઇચ્છાના યુગ્મને જ આસક્તિ કહેવામાં આવી છે. જ્યારે શ્રીકૃષ્ણ 'અનાસક્તિ'ની વાત કહે છે, ત્યારે તેઓ કહે છે કે અહંકાર અને અહંતા - કેન્દ્રિત ઇચ્છાઓ અને વાસનાઓથી રહિત થઈને સંસારના સેવક બનીને જીવવું. તેને માટે કર્મક્ષેત્ર એક એવા મંચ સમાન હોય છે, જ્યાં તે નવી વાસનાઓ ઉત્પન્ન કર્યા વગર વર્તમાન વાસનાઓનો ક્ષય કરતો જાય છે.

સ્વામી વિવેકાનંદ કહે છે, "કર્મ (સકામ) જ્યાં સુધી ક્ષય થયું હોતું નથી, ત્યાં સુધી સંન્યાસ કોઈ કામનો નથી." આદ્ય શંકરાચાર્ય વિવેક ચૂડામણિમાં કહે છે, "નિષ્કામ કર્મ કરતા રહી જ્યારે આપણે આગળ વધીએ છીએ ત્યારે આપણા કુસંસ્કારો વૃક્ષ પરથી પાંદડાં ખરે એ રીતે ખરે છે. જૂનાં પીળાં પાંદડાં ખરે એ રીતે ખરે છે. જૂનાં પીળાં પાંદડાં એવી રીતે ખરતાં જાય છે કે ખબર પણ પડતી નથી." નિષ્કામ કર્મ, આસક્તિ વગર કરવામાં આવેલ કર્મ સૌથી મોટું તપ છે, યોગ છે.

આપણે જેટલા પણ મહામાનવ જોઈએ છીએ, તે બધા કર્મો વડે જ મહાન બન્યા છે, એવું જાણવામાં આવે છે. નિષ્કામ કર્મ જ તેમના જીવનની મૂળ ધરી રહી છે. આદ્ય શંકરાચાર્ય, સ્વામી વિવેકાનંદ, મિલ્ટન વગેરેએ થોડા જ સમયમાં અભીષ્ટ લક્ષ પ્રાપ્ત કરીને પોતાનું નામ ઇતિહાસમાં લખાવ્યું. પરમપૂજ્ય ગુરુદેવે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જીવનભર નિષ્કામ કર્મ કર્યું. યુગસાધનામાં કાર્યરત રહીને, યુગધર્મનું પાલન કર્યું. જ્યારે પૂજ્યવરે પોતાના ગુરુદેવના આદેશ અનુસાર ૨૪ લાખનાં ૨૪ મહાપુરશ્ચરણ શરૂ કર્યાં ત્યારે એક બીજો આદેશ સાથે સાથે મળ્યો કે આધ્યાત્મિક પુરુષાર્થ ઉપરાંત લૌકિક દૃષ્ટિથી પોતાને ૩ વર્ષ માટે સ્વતંત્રતા સંગ્રામ માટે પણ નિયોજિત કરવા પડશે. આવું કરવામાં ૨૪ વર્ષનાં મહાપુરશ્ચરણ જો ૨૭ વર્ષમાં સંભવ થતાં હોય તો કોઈ વાંધો નથી, પરંતુ તેને પણ તેઓ યુગધર્મ માનીને કરે. કોઈ કામના વગર, આસક્તિ ભાવ વિના, જ્યાં સુધી જણાવવામાં આવ્યું ત્યાં સુધી પૂજ્યવરે સ્વતંત્રતાસંગ્રામના સેનાની બનીને ભાગીદારી કરી અને પુનઃ સાધનામાં લાગી ગયા. આપણે સૌને માટે પણ આજના સમયનો સ્વતંત્રતા સંગ્રામ એક જ છે - યુગનિર્માણનું આંદોલન વિચારક્રાંતિ - જ્ઞાનયજ્ઞ અભિયાન. શરીર બીમાર છે, મન બેચેન છે, તો પણ કોઈ વાંધો નહીં. શરીર આપમેળે જ ધોવાઈ જશે, આ તપથી મન પણ સ્વસ્થ થઈ જશે. કુસંસ્કાર રૂપી પાંદડાં જો આ કર્મના માધ્યમ દ્વારા ખરતાં રહે, તો નક્કી દૈવી અનુકંપા મહાનતાના રૂપમાં વરસશે. આપણે કર્મોનું સંપાદન સતત કરીએ, કરતા રહીએ તેમજ આસક્તિ વગર કરીએ.

હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે કયું કર્મ કરીએ ? કઈ પ્રકૃતિનાં તે કર્મો હોય ? શું કંઈક એવાં કર્મ પણ હોઈ શકે છે જેના સંપાદનથી આપણા સંવેદનશીલ મનને આઘાત પહોંચતો હોય, આપણી આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધ આવતો હોય ? ત્યારે ભગવાન કૃષ્ણ અર્જુનના મનને વાંચતાં કહે છે કે—

**नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।**
**शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥३/८**

એટલે કે "અર્જુન ! તું શાસ્ત્રવિહિત કર્મ કર. કેમ કે કર્મ ન કરવા કરતાં કર્મ કરવું શ્રેષ્ઠ છે તથા કર્મ ન કરવાથી તારો શરીર નિર્વાહ પણ સિદ્ધ થશે નહિં."

જેવું શાસ્ત્ર કહે છે, જેવું સમયની જરૂરિયાત પ્રમાણે જરૂરી છે, તેવાં જ કર્મો કરવાં જોઈએ. બધી જ તત્પરતા- બધી જ ઇન્દ્રિયોનું નિયોજન યુગધર્મના નિર્વાહમાં થાય- એવું મંતવ્ય પ્રસ્તુત શ્લોકમાંથી નીકળે છે. આપણા ઋષિઓએ કર્મોના વિષયમાં ઘણું જ સ્પષ્ટ વિભાજન કરી આપણું માર્ગદર્શન કર્યું છે. તેઓએ આને ચાર ભાગમાં વહેંચ્યું છે.

(૧) નિષિદ્ધ કર્મ — જે માનવીના વિકાસને અનુરૂપ છે નહીં તથા શાસ્ત્રોમાં જેમની નિંદા કરવામાં આવી છે.

(૨) કામ્ય કર્મ — જે અંગત ઇચ્છાઓ - કામનાઓથી પ્રેરિત થાય છે.

(૩) નિત્ય કર્મ — દૈનિક કર્મ દરેક પાસેથી માનવી હોવાના સંબંધને લીધે જેના સંપાદનની અપેક્ષા કરવામાં આવે.

(૪) નૈમિત્તિક કર્મ — આપણી પાસેથી વિશેષ અને અસાધારણ પરિસ્થિતિઓમાં જે કાર્યોના સંપાદનની અપેક્ષા રાખવામાં આવે.

આમાંથી પહેલાં બેથી આપણે બચવું જોઈએ, કેમકે તે માનવીય ગરિમાને અનુરૂપ નથી કે આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક પણ નથી. શાસ્ત્રમત અનુસાર આગળનાં બે નિત્ય - નૈમિત્તિક કર્મ જ આપણાં કર્તવ્યો - કર્મોનું નિર્માણ કરે છે. બંને મળીને એ શબ્દ બને છે, જેને યોગેશ્વર શ્રીકૃષ્ણએ નિયત કર્મના નામથી સંબોધિત કર્યો છે.

આપણે આ સંસારમાં એક સ્વાર્થીની જિંદગી જીવવા નથી આવ્યા. આપણે સામાજિક પ્રાણી છીએ, એટલે આપણી પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે આપણે આપણા પરિવાર, જાતિ-સમાજ-સંસાર દરેક પ્રત્યે આપણાં કર્તવ્યોનું સંપાદન કરીએ. નિયત કર્મોને આપણે શ્રેષ્ઠ રીતે અનાસક્તિના ભાવથી પ્રસન્નતાપૂર્વક સંપાદિત કરતા રહીએ, એમાં જ આપણું માન છે. કર્મ કરતા રહીને એક અન્ય પ્રક્રિયા થતી રહે છે. આપણા સંસ્કારો - દબાયેલી ઇચ્છાઓ, ભાવનાત્મક ગ્રંથિઓ- માંથી આપણને મુક્તિ મળે છે. કર્મઠ જીવન આળસપૂર્ણ નિષ્ક્રિયતાના જીવન કરતાં અધિક શ્રેષ્ઠ છે. આપણે સમયને વ્યર્થ ન બગાડીને ઉદ્યમપૂર્વક કર્મ કરતા રહીએ, એ જ ગીતાકારનો સંદેશ છે. શ્રીકૃષ્ણ કહે છે કે શરીર યાત્રા પણ કર્મ કર્યા વગર તો સધાશે નહીં. જીવન- વ્યાપાર સંપૂર્ણ ઉદ્યમ ઉપર ટકેલો છે. એટલા માટે નિર્ધારિત - નિયત કર્મોને નિષ્ઠાપૂર્વક સંપન્ન કરતા રહેવું એ જ મનુષ્યની સર્વાંગપૂર્ણ પ્રગતિનો આધાર બને છે. બધાં જ રાષ્ટ્રો જે સમૃદ્ધ-સંપન્ન-વિકસિત કહેવાય છે, આ જ કર્મઠતાની ધરી ઉપર ચાલીને જ એ સ્થિતિમાં પહોંચ્યાં છે. જ્યાં પણ આળસ, પ્રમાદ, અકર્મણ્યતા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે, ત્યાં નિશ્ચિતપણે અવિકસિત-અર્ધવિકસિત-અણઘડ સ્થિતિ છે, એવું માનીને ચાલવું જોઈએ. આપણા રાષ્ટ્રની ભાવિ પ્રગતિ-આર્થિક મહાશક્તિના રૂપમાં સફળ હોવાની ચાવી પણ આ જ છે - ઉદ્યમશીલતા.

પરમપૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે કર્મ કરતા રહેવાથી, શારીરિક શ્રમથી કુસંસ્કાર કપાય છે. સક્રિય જીવન શારીરિક સ્વાસ્થ્ય માટે સ્થૂળ તેમજ સૂક્ષ્મ બંને દૃષ્ટિએ અનિવાર્ય છે. એટલા માટે તેમણે પ્રાતઃ જાગરણથી માંડીને સંધ્યા સુધી કાર્યકર્તાઓને નિયત કર્મોમાં વ્યસ્ત રહેવાની પ્રેરણા આપી - શ્રમદાનના માધ્યમ દ્વારા અહંકારને ઓગાળવાની તથા નિરંતર આ પ્રક્રિયા દ્વારા પોતાની સાધનાને પ્રખર કરવાની વાત કરી. પત્રલેખન, જનસંપર્ક, વિશિષ્ટ શોધપૂર્ણ લેખ આપણા માટે ગુરુ દ્વારા નિર્ધારિત નિયત કર્મ છે, તો તેમાં શ્રમદાન નૈમિત્તિક કર્મ છે, જે આપણા વ્યક્તિત્વના ઉચ્ચસ્તરીય વિકાસનો પથ પ્રશસ્ત કરે છે. કર્મ કરતા રહેવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે તેમજ આપણે તેને યોગસાધના સમજીને નિયમિત કરતા રહેવું જોઈએ.

શ્રી અરવિંદ 'નિયતકર્મ'ની વ્યાખ્યા કરતાં લખે છે કે આ શબ્દનો પ્રયોગ પાછલા શ્લોક (સાતમા)ના **'नियम्य'** શબ્દના તાપ્યર્યને લઈને કરવામાં આવ્યો છે. એટલે કે મુક્ત બુદ્ધિ દ્વારા નિયત કરેલું નિષ્કામ કર્મ. **'मनसा नियम्यारभते कर्मयोगम्'** આ અવતરણ સાતમા શ્લોકમાં આવ્યું છે એટલે કે જે કોઈ મન દ્વારા ઇન્દ્રિયોનું નિયમન કરતા રહીને કર્મેન્દ્રિયો દ્વારા કર્મયોગ કરે છે, એ જ શ્રેષ્ઠ છે. આનો જ સાર આગળના શ્લોકમાં **'नियतं कुरु कर्म त्वं'** ના માધ્યમથી પ્રસ્તુત છે.આનો અર્થ આ કોઈ વેદોક્ત યાજ્ઞિક અનુષ્ઠાનપરક નિત્યકર્મ તેમજ દિનચર્યા માત્રથી લેવો જોઈએ નહીં. આ શ્રેષ્ઠ સ્તરનું નિષ્કામ કર્મ જ છે, જેની વ્યાખ્યા ગીતાકારે કરી છે. (ગીતા પ્રબંધ, પાન ૧૧૫)

ગીતાનું જ્ઞાન અણઘડ તો નથી જ - લૌકિક સ્તરનું નથી. ગીતાનું શિક્ષણ અતિ ગંભીર સ્તરનું તેમજ સૂક્ષ્મતમ છે, સર્વકાલીન છે. દરેક મનુષ્યને માટે છે. ગીતા બહિરંગના પાખંડો - સાંપ્રદાયિક ધારણાઓનાં બંધનોને તોડીને મૂળ સિદ્ધાંત તરફ આપણું ધ્યાન આકર્ષે છે. ગીતા વ્યાવહારિક અધ્યાત્મનો ગ્રંથ છે, માત્ર દાર્શનિક સૂત્રો અને બાંધેલા-બંધાવેલા મતવાદોનો ગ્રંથ નથી.

ગાતાના આ જ જ્ઞાનને જે 'નિયત કર્મ'ની વ્યાખ્યાના માધ્યમ દ્વારા બતાવવામાં આવ્યું છે, તે જો યોગ્ય રીતે સમજી લેવામાં આવે તો કર્મયોગનો કક્કો આપણી સમજમાં આવી જશે. તે કર્મ પછી કામનાથી મુક્ત થઈને કરવામાં આવશે. કોઈ ફળની અપેક્ષા વગર સંપન્ન થશે. પરંતુ આવું થઈ શકે છે ખરું ? પુણ્યસંચય, દેશ સેવા, માનવ સમાજની સેવા - સાધના પણ કર્મનાં ઉત્પ્રેરક કારણ હોઈ શકે છે. પછી કર્મ કામનાથી મુક્ત કઈ રીતે હોય, આની વ્યાખ્યા આ માધ્યમના આગળના શ્લોકોમાં છે, જ્યાં યજ્ઞાર્થાય કર્મ કરવાની વાત કરવામાં આવી છે. આમાં જ આસક્તિથી મુક્ત થઈને યજ્ઞના નિમિત્ત કર્મ કરવાની વાત ઘણી જ વિસ્તારથી સમજાવવામાં આવી છે. હવે તે પ્રકરણને પરિજન આગળના અંકની યુગગીતામાં વાચશે, પરંતુ અહીં 'કર્મ'ના વિષયમાં થોડું સરખું ચિંતન પરમપૂજ્ય ગુરુદેવની કલમના પરિપેક્ષ્યમાં પ્રસ્તુત છે. પરમપૂજ્ય ગુરુદેવ નિયત કર્મની પરિભાષા એવી જીવનચર્યાના રૂપમાં કરે છે, જેમાં આત્મકલ્યાણ અને લોકકલ્યાણનાં બંને પ્રયોજન પૂરાં થાય છે, સાથેસાથે નિર્વાહ અને પરિવાર - પોષણમાં પણ કોઈને કોઈ મુશ્કેલીનો અનુભવ થતો ન હોય. તેઓ લખે છે. "આઠ કલાક કમાવાને માટે, સાત કલાક વિશ્રામને માટે, પાંચ કલાક ઘરના કામકાજને માટે યોગ્ય નિયોજન કરી કાઢી શકાય, તો નિત્ય કૂવો ખોદીને - પાણી પીવાવાળાની નિર્વાહ - જરૂરિયાત સારીરીતે પૂરી થતી રહી શકે છે. સાથેસાથે ચાર કલાકનો સમય સામયિક પરમાર્થ પ્રયોજનોની પૂર્તિને માટે નિત્ય સરળતાપૂર્વક નીકળી શકે છે." જે પણ અવકાશના દિવસો મળતા હોય તેનો યુગસર્જનના કાર્યમાં ઉપયોગ કરીએ તો ઘણી વધુ સ્ફૂર્તિ અને સમયની સાર્થકતાનો આનંદ લઈ શકાય છે. પૂજ્યવરની દૃષ્ટિએ આ સમયદાન જ આ સમયનું નિયત કર્મ છે - યુગધર્મ છે.

મહાપૂર્ણાહુતિ પુસ્તકમાળા ક્ર. ૨૦ના રૂપમાં પ્રકાશિત પુસ્તક 'સમયદાન જ યુગધર્મ'માં મહાકાલની અંશધર સત્તાએ લખ્યું છે કે "યુગપરિવર્તનના આ પરાક્રમમાં દુષ્પ્રવૃત્તિઓનું ઉન્મૂલન અને સત્પ્રવૃત્તિ સંવર્ધન આ બે જ મુખ્ય કાર્ય છે." આને નિમિત્ત નિયોજિત સમયદાન આ સમયનો યુગધર્મ છે. શ્રેષ્ઠતમ કર્મ છે - યજ્ઞો માટે કરવામાં આવેલું કર્મ છે. શેષ વ્યાખ્યા આગળના અંકમાં. ●●●●●●●●●


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# શિષ્યની અંતર્વેદના

જોઈ રહ્યો છું આપની રાહ, જીવનના એકાંતમાં શોધી રહ્યો છું આપની જ છવિ જીવનની અંતહીન અંતર્વેદનામાં. વિચારી રહ્યો છું કે સૂર્યની સામે અંધારું કેવું ! આપ જેના રક્ષક છો તેની સહચરી વિપત્તિઓ બની રહે, એ નથી બંધબેસતું કે નથી શક્ય. શું મારામાં ધીરજ, કર્મઠતા, મહેનત અને સાહસની ઊણપ છે અથવા મારો વિશ્વાસ કમજોર છે ! ઝડપથી ફરતું ગૂંચવણભર્યું ઘટનાચક્ર - વિપરીત અને સંઘર્ષશીલ ઘોર દૈન્ય, માયાવી, છળથી ભરેલી અને ઠગી દેતી પરિસ્થિતિઓનો સતત સામનો કરવાની સ્થિતિમાં મારી નિષ્ઠાને ડગતી બચાવો. આપની કૃપાથી નિરાશ થવા દેશો નહીં. અસંતુલિત મનથી રુદન કરતા રહેવું એમાં બુદ્ધિમાની તો નથી જ. પરંતુ નિરુપાય અને બધી રીતે અસુરક્ષિત મનોદશામાં કરું તો શું કરું ? લોકો ઉપહાસની દૃષ્ટિથી જુએ, અર્થ લગાવી-લગાવીને હસે, એમાં હું કયા વશમાં !

સાધુ-સંતોની કુટીરો જોઈ, મહંતો અને મઠાધીશોના તંબૂઓ-પડાવો જોયા. વિદ્વાનોની શેરીઓ ખૂંદી, ગ્રંથાલયોનાં ચક્કરો કાપ્યાં. વેરાન ખંડેરો તથા વિકટ વન-પર્વતોના ખૂણેખૂણા ફરી વળ્યો. સદીઓની પીડાની ગાથા પળવારમાં કહી દેતી ભીની સૂની નજરોથી બધાને નિહાળ્યાં. પરંતુ હે દયાળુ ગુરુદેવ ! બધી જગ્યાએ મને ઉપેક્ષા, તિરસ્કાર અને નિરાશા સિવાય કશું ન મળ્યું. બધી જગ્યાએથી થાકીને જ્યારે હું આપની શરણમાં આવ્યો ત્યારે આપે જ મને પોતાની મમતાના જળથી સિંચન આપ્યું, આપના આશીર્વાદની છાયામાં મને રાખ્યો.

દીનપ્રતિપાલક દયાધામ ! આ સ્વપ્ન-સ્મૃતિઓ, આશા-પ્રતીક્ષા, કામના-કલ્પના, અંધકાર અને અજ્ઞાનની પીડાઓ મને અનાથની જેમ સતાવી રહી છે. પ્રભુ ! મારી આર્ત પ્રાર્થનાની આપે ક્યારેય ઉપેક્ષા કરી નથી. મારાં થોડાંક દુઃખથી પણ આપને દુઃખી થતાં મારી આ જ આંખોથી મેં કોણ જાણે કેટલી વખત જોયા છે. આજે આ અસહ્ય પીડાઓ જે મને ઘેરી વળી છે, શું એ મારી મિથ્યા ધારણા છે કે અસત્યનો આભાસ છે.

હે પરમ સદ્‌ગુરુ ! મારા દુર્ગુણો, દોષો અને દુષ્પ્રવૃત્તિઓને એક-એક કરીને ગણી રાખશો અને બધાનો બદલો આ જન્મમાં જ ચુકાવીને આગળનો માર્ગ સાફ કરી દેશો. મને પવિત્ર થવાનું વરદાન પણ આપે જ તો આપ્યું છે. આપના એ વરદાનને સાકાર કરજો. આપના સિવાય પહેલાં પણ મને કોઈ નજરમાં આવ્યું નહીં અને આજે કોઈ નજરમાં આવતું નથી. જે મળે છે તેઓ જતા રહે છે. સમસ્યાનું સમાધાન તે આપના જ વરદ હાથોમાં છે. પ્રભુ ! જીવનથી મોહ નથી અને મૃત્યુનો ભય નથી. જે કાંઈ કષ્ટ છે તે શરીરને છે. અપમાન, તિરસ્કાર, ઉપેક્ષા, અવજ્ઞા તો એક રીતે શુભ જ છે, કેમ કે એનાથી અહંકારનો નાશ થાય છે. હા, બસ મારી અંતર્વેદના પર ધ્યાન આપજો. મને આપનાં ચરણોથી વંચિત થવા દેશો નહીં.

આપની પાસેથી બધાએ કંઈ ને કંઈ માગ્યું જ છે. આપની પાસે કંઈ ન ઈચ્છવું તે બધું ઈચ્છવા સમાન છે. અને એ પણ સાચું છે કે આપનું કશું ન આપવું પણ બધું આપવા જેવું છે. હે પરમદયાળુ અંતર્યામી ! મારી ઘરઘર ભટકતી, ઠોકરો ખાતી, મટી જતી અને બરબાદ થતી વ્યાકુળ, અશાંત અને અંધકારથી ઘેરાયેલી જિંદગી માટે, મારા માટે કંઈક કરો એવું મારી વાણી દ્વારા નીકળી શકતું નથી. આપની યાદ આવતાં જ શબ્દો મૂક બની જાય છે, મન નિસ્પંદ થઈ જાય છે અને હૃદય ચક્ષુઘટો દ્વારા તેની પીડાના અશ્રુઅર્ઘ્ય આપને અર્પણ કરવા ઈચ્છે છે.

મારી આ અકથ્ય અને અવર્ણનીય અંતર્વેદનાની વ્યથાકથાનો કોઈ અંત નથી. એની સીમા જ કયાં છે ? હું ભલા શું જાણું ? અંતર્વેદનામાં તો આપ પણ વ્યાપ્ત છો, પછી જાણવું શું ? હા, હું માનું છું કે મારી આ વ્યથા મારા એકલાની નથી, બધા શિષ્યો-સંતાનોની વ્યથાગાથા છે. ફક્ત શબ્દો મારા છે, ભાવ તો એ બધાના છે. યુગને ભલે ધીરે-ધીરે બદલાવા દો, પરંતુ અમારા સૌના જીવનને જલદી પરિવર્તિત કરી દો, પ્રભુ અમારામાંથી દરેક એ અનુભવી શકે કે એણે જ્યોતિર્મય સ્પર્શ મેળવ્યો છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી

# કલ્પસાધના સત્ર

ગાયત્રીમંત્ર અમારી સાથે સાથે

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યંભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।

દેવીઓ, ભાઈઓ !

જ્ઞાનયોગ, કર્મયોગના સંદર્ભમાં હું આપની સાથે પાછલા દિવસોમાં કરી રહ્યો હતો કે તમારે દૂરદર્શી તથા વિવેકવાન થવું જોઈએ. જેવી રીતે મહાપુરુષો પોતાનાં કર્તવ્યો પ્રત્યે સજાગ રહે છે. તેવીરીતે તમારે તમારા કર્તવ્ય પ્રત્યે સજાગ રહેવું જોઈએ. જ્ઞાનયોગ અને કર્મયોગ પછી એક મુખ્ય યોગ રહી જાય છે. જેનું નામ - ભક્તિયોગ છે. અમે એ યોગની વાત કરી રહ્યા છીએ, જે મનુષ્યને ભગવાન સાથે જોડી દે છે. આત્મજ્ઞાન મનુષ્યને ભગવાન સાથે જોડી દે છે. આજે અમે આ જ ભક્તિયોગના વિષયમાં તમારી સાથે ચર્ચા કરવા ઈચ્છીએ છીએ.

આજે ભક્તિના સંદર્ભમાં લોકોના વિચાર વિકૃત થઈ ચૂક્યા છે. આજે ભાવસંવેદનાને, રડવાને લોકોએ ભક્તિભાવ સમજી લીધો છે. દેવીની સામે નાક રગડવુ, તેની સામે રડવું - આને ભક્તિ કહી શકાય નહીં. ઊંધા બેસી જવું, સીધા બેસી જવું, આંસુ વહાવવાં - આ ભક્તિ નથી. આ ભાવુકતા છે, ભક્તિ નહીં. આધ્યાત્મિક પ્રગતિ અને ભક્તિના સ્વરૂપને સંબંધ છે. ત્યાં સુધી આ યોગ્ય નથી.

ભક્તિ કોને કહે છે - આનો સીધો- સાદો અર્થ છે પ્યાર - મહોબ્બત. જેની, અંદર આ હોય છે તે ભાવનાથી છલોછલ હોય છે. પ્યારથી મોટી કોઈ વસ્તુ નથી. જીવાત્મા આની જ શોધમાં રહેતો હોય છે. આનંદ પ્રાપ્ત કરવા માટે મનુષ્ય ઇન્દ્રિયોનો ભોગ કરે છે, સિનેમા જુવે છે, કામવાસનાના ચક્કરમાં રહે છે. પરંતુ જો તમે ત્રણ કલાકથી વધારે સિનેમા જોશો તો આંખો ખરાબ થવા લાગશે. આવી જ રીતે કામવાસનાનો આનંદ પણ થોડા સમય-થોડીક મિનિટોનો હોય છે. પરંતુ જીવાત્માને જે સ્થિર અને ચિરસ્થાયી આનંદ પરમાત્માને પ્રાપ્ત કરવાથી મળે છે. તેને ભક્તિ કહે છે. તમે જો આનો અનુભવ કરીને જોયું હોય તો મજા આવી જાત.

તમને તમારી જાત સાથે, પોતાની સાથે પ્રેમ થઈ જાત. પોતાની મોટર સાથે, સાઈકલ સાથે પ્રેમ હોય છે. આપ આવી જ રીતે દરેક વ્યક્તિને પોતાની માનો. પડોશીના બાળકને પણ પોતાનું માનશો તો તમને આનંદ થશે. જો કોઈ પોતાની વ્યક્તિ ઘરમાં આવી જાય છે, તો તમને મજા આવી જાય છે. વાસ્તવમાં આનંદ પોતીકાપણા લીધે હોય છે. પોતાનો તથા પારકાનો જે ફર્ક છે. તે ઘણો જ મોટો છે. જ્યાં ટોર્ચનો પ્રકાશ પડતો હોય છે, ત્યાંની વસ્તુઓ દેખાતી હોય છે. જ્યાં પ્રકાશ નથી પડતો ત્યાં અંધકાર છવાયેલો રહે છે. મિત્રો ! આપ પ્રેમની ટોર્ચ જ્યાં પણ ક્યાંક સળગાવશો, જે કોઈ પણ વસ્તુ ઉપર નાંખશો, તે વસ્તુ તમને પ્યારી તેમજ સુંદર - આનંદદાયક જ દેખાશે. મજનૂ - લૈલા કંઈ ખાસ સુંદર તો નહોતાં જ, પરંતુ બંનેને એક બીજા પ્રત્યે પ્રેમ હતો. એટલા માટે બંને એક બીજાં માટે મરવા-જીવ આપવા તૈયાર રહેતાં હતાં.

મિત્રો ! ભગવાન એક રસનું નામ છે. જેને શાસ્ત્રકારોએ रसो वै सः જણાવ્યું છે. રસ કોને કહે છે ? આનંદને કહે છે. આ આનંદ કયાં છે ? ભગવાનમાં છે. જો તમે ભગવાનની સાથે આત્મીયતા જોડી લો તો તમને ભગવાનની ભક્તિનો આનંદ મળી જશે. આપણે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભગવાનના છીએ તથા ભગવાન આપણો છે, જો આવી ભાવના મનુષ્યની અંદર આવી જાય તો મજા આવી જાય છે. મીરાએ ભગવાનને પોતાના પતિ માન્યા હતા. આ કારણે જ તે પ્રેમને માટે ભગવાન અને મીરા બંને ભૂખ્યાં હતાં. આ જ ભક્તિ છે.

મિત્રો ! જરાસંધ તથા કંસ બંનેએ કૃષ્ણ ભગવાનને પારકા ગણ્યા હતા. આ જ કારણે તેમનાથી તેમને રાગ દ્વેષ હતો. પોતાના હોવા છતાં પણ તે પારકા લાગતા હતા, તો પછી આનંદ તેમજ પ્રેમ ક્યાંથી ઊભરે ? આનંદ તથા પ્રેમ એક જ વસ્તુનું નામ છે. જો તમારે આનંદ મેળવવો હોય તો પ્રેમનું પ્રમાણ વધારવું પડશે. અ બતાવવું પડતું નથી. પરંતુ અંદરથી ઊપજે છે અને બદલાની ઇચ્છા વગર પોતાનું બધું જ બીજાઓ ઉપર ઢોળી નાંખે છે. ઉદાહરણ તરીકે જો તમે તમારા શરીરને થોડોક પણ પ્રેમ કર્યો હોય તો જ્યારે તેમાં થોડીક પણ ગરબડ થઈ જાય તો તમે એને ઠીક કરો છો. દવા ખાવ છો, ધ્યાન રાખો છો. એનું કારણ એ છે કે આપણે આપણા શરીરને આપણું માનીએ છીએ. પોતાપણાનો ભાવ જ્યાં ક્યાંક પણ હોય છે, ત્યાં આનંદ તથા પ્રેમ વરસતો રહે છે. બોલ જ્યારે દીવાલ ઉપર ફેંકવામાં આવે છે, ત્યારે તે અથડાઈને પાછો તમારી પાસે આવી જાય છે. ગુંબજમાં જે અવાજ કરવામાં આવે છે, તેવો જ અવાજ અથડાઈને પ્રતિધ્વનિના રૂપમાં આપણને ફરીથી સંભળાતો હોય છે. એટલે કે તે પાછો આવતો હોય છે.

મિત્રો ! કંઈક આવી જ રીતે જ્યારે આપણે કોઈને પ્રેમ કરીએ છીએ, મહોબ્બત કરીએ છીએ તો તે પણ તે અવાજની માફક આપણી પાસે પાછી આવી જાય છે. કહેવાનો અર્થ એ છે કે આપણે જેને પ્રેમ કરીએ છીએ, તે પણ આપણને પ્રેમ કરે છે. આ સંસારમાં જો તમે લોકોને રાગ-દ્વેષના રૂપમાં જોશો તો સંપૂર્ણ સંસારમાં તમને રાગ-દ્વેષ જ મળશે. જો તમે લોકોની ઉપેક્ષા કરવાનું શરૂ કરી દેશો. તો તમને ચારે બાજુ ઉદાસી, એકલતા તથા ઉપેક્ષા જ મળશે. બધું જ માયા તથા મિથ્યા દેખાશે. પરંતુ તમારી ભાવનાઓ ઠીક હશે તો તમને દરેક જગ્યાએ રામ અને સીતા નજરે પડશે. જેમ તુલસીદાસજીએ કહ્યું છે -

**સીયરામ મય સબ જગ જાની ।**
**કરઉ પ્રનામ જોરિ જુગ પાનિ ॥**

સાથીઓ ! હજુ સુધી તમે તમારું વર્તુળ તમારા શરીર તથા તમારા કુટુંબ સુધી સીમિત રાખ્યું છે તે વર્તુળને વધારી દો. તમે પોતે પોતાને આખા સંસારને અનુરૂપ વધારી દો. સ્વામી રામતીર્થ પોતે પોતાને રામબાદશાહ કહેતા હતા. કોનો બાદશાહ છું ? વાદળો નો, આકાશનો બાદશાહ છું, એવું કહેતા હતા. તમે ગંગાજીનું પાણી જોવા ઇચ્છો તો તમને કોણ રોકી શકે છે ? તમે કોઈને ઉપયોગી થાવ, કોઈની સાથે મધુર વચનમાં વાત કરો, પક્ષીઓને ચણ નાંખો, તો તમને કોઈ રોકી શકે છે ? જો કોઈના ઘરમાં ઘૂસીએ અથવા તો કોઈનો સામાન વગેરે ચોરી લઈએ તો તમને કોઈ રોકી પણ શકે. કાનૂનના હવાલે કરી શકે છે એ સાચું છે. પરંતુ તમે જો સારું કાર્ય કરો તો તમને કોણ રોકી શકે છે ? તમે જેને પણ પ્રેમ કરશો તેને માટે હમેશાં સેવા માટે તૈયાર રહેશો.

મિત્રો ! પ્રેમનું વાસ્તવિક સ્વરૂપ સેવામાં જ દેખાય છે.એના દ્વારા જ પ્રેમમાં નિખાર આવે છે. પ્રેમ કરવાની ઓળખ જ એ છે કે તમે તેની સેવા કરવા ઇચ્છો છો કે નહીં ? પ્રેમ કરનાર પોતાનું અનુદાન બીજાને આપે છે. પ્રેમ કરનારો સ્વયં કષ્ટ ઉઠાવે છે તથા અન્યને સુખી કરે છે. પ્રેમ સેવા છે. પ્રેમ અનુદાન આપવાનું શીખવે છે. દેશભક્તિ,વિશ્વભક્તિ, ભગવાનની ભક્તિ આનું જ તો નામ છે. જો તમને મુશ્કેલ લાગતું હોય તો ભલે લાગે, પરંતુ આપ આપનાં બાળકો, દેશ, સંપૂર્ણ સંસારને સુખી બનાવવાનો પ્રયત્ન કરતા હો, તો એ જ ભક્તિ કહેવાય છે. આ દુનિયાની સર્વશ્રેષ્ઠ વસ્તુ આ જ છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આ રીતે ભક્તિયોગ કેવળ માનસિક તથા ભાવનાત્મક સંપદા નથી, પરંતુ તેના આધારે પરમાર્થ તથા પુણ્યનો મોકો પણ મળે છે. આપ ભક્તિ કરો તથા સેવા કરો, આ બેવડો લાભ પ્રાપ્ત થાય છે. પ્રેમનો વાસ્તવિક અર્થ આ જ છે. જેની સાથે મનુષ્યને પ્રેમ અને મહોબ્બત હોય છે તેની જ સાથે તેનાં મોહ અને બંધન હોય છે. આપણે શંકર ભગવાનની ઉપાસના કરીએ છીએ તો આપણે શંકરની ભક્તિની સાથે ભૂતપલીત લોકોની એટલે કે નિમ્ન સ્તરના લોકોની ગરીબ તથા પછાત લોકોની સેવા કરવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. જેની સમજદારી ઓછી છે, તેને ઉપર ઉઠાવવા જોઈએ. તેમની સેવા કરવી જોઈએ. શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે — 'भज सेवायम्' એટલેકે આપણે ભજનની સાથે સાથે સેવા પણ કરવી જોઈએ. બંને વસ્તુ તો એક જ છે. જો આપણે ભક્તિ કરીએ તથા સમાજના પછાત લોકોની સેવા કરતા નથી તો આપણું ભજન સાર્થક થતું નથી.

સેવા આપણે કોની કરી શકીએ છીએ ? મિત્રો ! આ દુનિયામાં વ્યક્તિ તેની જ સેવા કરી શકે છે, જેની સાથે વાસ્તવમાં તેને પ્રેમ છે. એટલા માટે તમે તમારા પ્રેમનો વિસ્તાર વધારો. જેમ-જેમ તમારો આ વિસ્તાર વધશે તેમ તેમ સેવાભાવી થતા જશો અને જેમ જેમ આપ સેવાભાવી થતા જશો તેમ તેમ આપની ભક્તિ પણ વધતી જશે.

ભક્તિનો અભ્યાસ આપણે ભગવાન પાસેથી કરીએ છીએ. આ વ્યાયાશાળા છે. જે રીતે પહેલવાન વ્યાયામશાળામાં જઈને કસરત કરે છે, શ્રમ કરે છે તથા પોતાના સ્વાસ્થ્યને ઠીક કરી લે છે તેવી જ રીતે મનુષ્ય ભગવાનની સાથે ભક્તિ એટલે મહોબ્બત કરીને સમાજની વચ્ચે જઈને પણ પ્રેમ તથા મહોબ્બત કરે છે, કરી શકે છે.

ભગવાન આદર્શોના - સિદ્ધાંતોના સમુચ્ચયને કહે છે. ભગવાનની કોઠરીમાં બેસીને આપણે એ વસ્તુઓ શીખીએ છીએ, જેનું વ્યાવહારિક સ્વરૂપ આપણે સમાજની વચ્ચે જઈને પ્રસ્તુત કરીએ છીએ. ભગવાન કોઈ વ્યક્તિ નથી. તે તો એક નિયામક સત્તા છે. એક કાયદો છે, એક કાનૂન છે. ભગવાન તો સેવાનું નામ છે. તમે શું એને મીઠાઈ ખવડાવશો ? કેવો મુગટ પહેરાવશો ? આ તમારી ભૂલ છે. આને સુધારવી આવશ્યક છે.

પૂજા - ઉપાસનાના સમયે, ભક્તિના સમયે તમે કોઈ મૂર્તિ અથવા ચિત્ર રાખ્યું છે, તો તેમાં કોઈ ખોટી વાત તો છે જ નહીં, પરંતુ તમે ભગવાનને આદર્શ અને સિદ્ધાંતોનો સમુચ્ચય માનો. તમે જો ભગવાન શંકરને વ્યક્તિ વિશેષ માન્યા તો તમે ભ્રમ - જંજાળમાં પડી જશો. જો શંકર ભગવાનને તમે એવા માન્યા હોય કે તે એક વ્યક્તિ છે, જે બળદ ઉપર બેસીને જ્યાં ત્યાં ફરતા રહે છે. વેલનાં પાન, આંકડાનાં પાન, ધતૂરાનાં ફૂલ ખાતા રહે છે. તેના માથા ઉપર ચંદ્રમા છે, માથામાંથી ગંગા નીકળી રહી છે તથા ભૂત-પ્રેત તેની સાથે રહે છે. જો તમે એવું માનવા લાગશો, તો તમે ભ્રમ તથા જંજાળમાં પડી જશો.

મિત્રો ! તમારે શંકર ભગવાનને આદર્શો તેમજ સિદ્ધાંતોનો એક સમુચ્ચય માનવા જોઈએ, સાથે સાથે તમારે એ સમજવું જોઈએ કે શંકર ભગવાનના માથામાંથી ગંગા નીકળવાનો અર્થ - જ્ઞાનનો પ્રવાહ; ગળામાં મુંડમાળાનો અર્થ - હંમેશાં મોતને ગળે લગાડવું, નંદીની સવારીના અર્થ - પરિશ્રમી બનવું, ચંદ્રમાનો અર્થ - માનસિક સંતુલન, ભૂત-પ્રેતનો અર્થ-વેરાનમાં રહીને પણ સમાજના વિકાસના વિષયમાં વિચારવું છે. આ જ છે શંકર ભગવાનની વિશેષતા, જેના વિષે દરેક ભક્તે વિચારવું જોઈએ.

આવી જ રીતે દરેક ભગવાનના વિષયમાં આવી જ વાત છે. દરેક ભગવાન આ જ રીતે આદર્શો તેમજ સિદ્ધાંતોનો એક સમુચ્ચય છે, પછી તે ગણેશજી હોય, હનુમાનજી હોય, રામચંદ્રજી હોય અથવા ભગવાન શ્રી કૃષ્ણજી હોય. આવી રીતે દરેક દેવી તેમજ દેવતા તથા અવતારોને તમારે માનવા જોઈએ. તમે જે પણ દેવતાની


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ભક્તિ કરતા હો, તેમનો અર્થ સમજતા હો, તે દેવતાના સિદ્ધાંતો તેમજ આદર્શોને માનતા હો, તે રસ્તા ઉપર ચાલો. વાસ્તવમાં આ જ સાચી ભક્તિ કહેવાય છે. જો આ સિદ્ધાંતો પ્રત્યે આદર્શો પ્રત્યે, તમારી શ્રદ્ધા આસ્થાનો વિકાસ થતો જશે; તો તમારી ભક્તિ પણ વૃદ્ધિ પામતી આગળ વધશે. જો વાસ્તવમાં તમે આવી ભક્તિ કરશો તો આપને ફાયદો થશે. આપ સાચા અર્થમાં ભગવાનના ભક્ત કહેવાશો. મૃત્યુ પછી આપ સ્વર્ગ-મુક્તિમાં જશો કે નહીં, કહી શકતો નથી. પરંતુ આપને આ જીવનમાં ચારે બાજુ એવું દશ્ય નજરે પડશે કે ચારે તરફ સ્વર્ગ છે. આપને ચારે બાજુ તરફ દિવ્ય વાતાવરણ નજરે પડશે. આપ ન્યાલ થઈ જશો.

મિત્રો ! આપ કોઈના પણ પ્રત્યે નફરત ન કરો. આપ વ્યક્તિને નહીં, તેના અવગુણોને નફરત કરો તથા તેનામાં સુધાર લાવવાનો પ્રયત્ન કરો. આપ પ્રેમના આધારે પણ લોકોને બદલી શકો છો. આપ કોઈ સાથે રાગ-દ્વેષ ન કરો. આપ એવું કાર્ય કરો કે તેના વ્યક્તિત્વની રક્ષા પણ થઈ જાય તથા તેના અવગુણ પણ દૂર થઈ જાય. ગાંધીજીએ આ રીતે અંગ્રેજો સામે પ્રેમની લડાઈ લડી પ્રેમનું અનુદાન કર્યું. ત્યારબાદ શું થયું ? મિત્રો ! અંગ્રેજ ભારત છોડીને ચાલ્યા ગયા. પ્રેમ ઘણો જ મોટો આધાર હોય છે, એ આપ ન ભૂલો. પ્રેમના લીધે મનુષ્યની અંદર શાંતિ આવે છે, તેના વ્યક્તિત્વનો વિકાસ થાય છે.

મિત્રો ! અમે ગાયત્રી માતાને પ્રેમ કર્યો છે અને આખા સમાજની સેવા કરી છે. આપ પણ ઇચ્છો તો આવી રીતે આનંદની અનુભૂતિ કરી શકો છો તથા બધીજ બાજુએથી પ્રેમ તથા આનંદ પ્રાપ્ત કરી શકો છો. જો તમે તમારા દૃષ્ટિકોણ તથા વિચાર બદલી નાખો તથા બધાજ લોકોને પ્રેમ કરો તો તમે પણ અમૃતપાન કરી શકો છો. આ અમૃત ચારે તરફ ઢોળાયેલું પડ્યું છે. આપ ઇચ્છો તો આ અમૃતને પી શકો છો તથા અન્યને પણ પીવડાવી શકો છો. આ ભક્તિયોગ છે, આ પ્રેમ-મહોબ્બત છે. આપ ઇચ્છો તો આને અપનાવીને આપના જીવનને મહાન બનાવી શકો છો, આત્મવિકાસ કરી શકો છો. આજની વાત સમાપ્ત.

## *વિદ્યાવિસ્તાર પ્રચારકો જાગી જાય*

*જેમણે વિદ્યાવિસ્તાર પ્રચારક તરીકે મથુરાથી નોંધણી કરાવી છે તેમની પાસેથી ગુરુદેવને ઘણી આશાઓ છે. આ સૂવાનો નહીં, જાગૃત થવાનો સમય છે. યુગનિર્માણ યોજના પત્રિકાના જાન્યુઆરી ૨૦૦૦ થી જૂન ૨૦૦૦ સુધી બધા અંકો એકાગ્રતાથી વાંચો અને નિર્ણય કરો કે સક્રિય થવાનું છે અથવા સહચર થઈને સાથ છોડી દેવાનો છે. અહીંથી સ્મરણિકા પ્રકાશિત કરવાની યોજના છે એમા આપના કાર્યોની માહિતી અને પ્રગતિના સમાચાર આપવાનો વિચાર છે. યુગચેતના સાહિત્ય યોજના અંતર્ગત સાહિત્ય મગાવીને પ્રચારકાર્યનો શુભારંભ કરી સક્રિય સહચર બનવાનો શીઘ્ર પ્રયાસ કરશો. જે ભાઈબહેન કોઈ કારણવશ પ્રચારકનું કાર્ય કરવા ઇચ્છતા નથી તેઓએ પોતાનું નોંધણી પ્રમાણપત્ર અમાનત જમા ધન રસીદ વહેલી તકે મોકલીને પોતાનું નામ નોંધણીમાંથી રદ કરાવી લેવું. રકમ અથવા સાહિત્ય મંગાવી શકે છે. હવે આવનાર જવાબદારીઓ સંભાળવા માટે મજબૂત ખભાઓની જરૂર છે, ભીડની નહીં. આશા છે આપ મહાકાલની આકાંક્ષા પૂર્ણ માટે જાગૃત થઈ પ્રાણવાન સિંહોની હરોળમાં પોતાનું મહત્ત્વ સમજી ન્યૂનતમ ૧૦ પ્રચારકની નોંધણી કરાવવાનો પ્રયાસ કરશે. પોતે કરેલાં કાર્યોની માહિતી આપતા રહેશો.*


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**આત્મીય અનુરોધ**

# અનુશાસન અને શ્રદ્ધાનું પર્વ ગુરુ પૂર્ણિમા

ગુરુ પૂર્ણિમાને અનુશાસનનું પર્વ પણ કહી શકાય છે. આધ્યાત્મિક સ્તરે ગુરુ શિષ્યના સંબંધોમાં અનુશાસન વધુ મહત્વનું તથા અનિવાર્ય બની જાય છે. ગુરુ શિષ્યને પોતાના પુણ્ય, પ્રાણ અને તપનો એક અંશ આપે છે. તે અંશ મેળવવાની પાત્રતા, ધારણ કરવાનું સામર્થ્ય, વિકાસ તથા ઉપયોગની કલા એક સુનિશ્ચિત અનુશાસનના અંતર્ગત જ સંભવ છે. એ ત્યારે નભે છે. જ્યારે શિષ્યમાં ગુરુ પ્રત્યે ખૂબ શ્રદ્ધા, વિશ્વાસ તથા ગુરૂમાં શિષ્ય વર્ગની પ્રગતિ માટે સ્નેહભરી લગન જેવા દિવ્ય ભાવ હોય. અનુશાસન તથા શ્રધ્ધા-ગુરુપૂર્ણિમા આ બંનેનો તહેવાર છે. અનુશાસન આદર્શો પ્રત્યે શ્રધ્ધા અર્થાત્ પ્રત્યક્ષ નુકશાન દેખાતું હોવા છતાં આસ્થા, વિશ્વાસ, આદર્શોને ન ભૂલવા. શ્રધ્ધાથી સિધ્ધિ આવે છે. શ્રધ્ધામાં મુસીબતો સહેવી પડે છે તથા સિધ્ધાંતોનું સંરક્ષણ કરવું પડે છે.

ગુરુ અંતરાત્માના એ અવાજનું નામ છે. જે ભગવાનના ગવર્નર છે. અમારી સત્તા તેને સમર્પિત છે. એ જ અમારા સદ્ગુરુ છે. સારું કામ કરતા તે આપણને શાબાશી આપે છે. ખોટું કામ કરતા જ ધિક્કારે છે. ગુરુ એટલે ભગવાનના પ્રતિનિધિ. ગુરુ પૂર્ણિમા શ્રધ્ધાના વિકાસનો તહેવાર છે. શ્રધ્ધા અમારા માટે ભગવાન છે. શ્રધ્ધા જ માનવીનો પ્રાણ છે. આસ્તિકતાનો પ્રાણ છે. આધ્યાત્મિકતાનો દેવી અનુદાનોનો, ચમત્કારનો, આત્મ સાક્ષાત્કારનો પ્રાણ-આ શ્રધ્ધા જ છે. શ્રધ્ધા વગર વ્યક્તિ ભગવાન પાસે કેવી રીતે આવે ? દેવતા ક્યાંથી આવે ? મંત્ર ક્યાંથી આવશે ? શ્રધ્ધા વિનાના પૂજાપાઠ તથા કર્મકાંડ અધૂરા છે. એનાથી મનુષ્યને કદી કોઈ લાભ મળી શકતો નથી. શ્રધ્ધા વગર બધો મનનો લોભ છે.

**પૂજ્ય ગુરૂદેવે કહ્યું છે-ગુરૂ કોઈ વ્યક્તિને નથી કહેતા. ગુરૂ એક શક્તિ છે. ગુરૂ એક ફિલોસોફી છે, દર્શન છે. અમે ગુરૂ તત્વને સમજવાની કોશિશ કરી છે. અધ્યાત્મમાં જેટલું સામર્થ્ય છે, સિધ્ધિઓ છે તે એક વ્યક્તિના માર્ગદર્શન પર ટકેલી છે, અને તેનું નામ છે-ગુરૂ.**

**પ્રેરણા, પ્રકાશ અને સુવ્યવસ્થાનું નામ છે ભગવાન. પ્રેરણા અને પ્રકાશ દ્વારા તેની વ્યવસ્થા ચાલે છે. આપણે સૌ ઈચ્છીએ છીએ કે આવા ગુરૂ અમને પણ મળે. એમ કહીએ છીએ કે તમારામાંથી દરેક માનવીને આવા ગુરૂ મળી શકે છે, પરંતુ શરત એ છે કે તમારી શ્રધ્ધા તમે એને પેદા કરવા માંગતા નથી અને ન તમને એના પર વિશ્વાસ છે. તમને ચાલબાજી અને છેતરપીંડી પર વિશ્વાસ છે. શ્રધ્ધા પર વિશ્વાસ નથી. અમે શ્રધ્ધા પર વિશ્વાસ કર્યો છે. સ્વામી વિવેકાનંદને પોતાની સત્તા અને શક્તિ રામકૃષ્ણ પરમ હંસે સ્વયં સોંપી દીધી હતી. અમે પણ એ જ ઈચ્છીએ છીએ કે તમે બધા અમારા બાળકો મોટા થઈ ગયા છો અને પોતાની જ્વાબદારી સંભાળી શકો એવા છો. તેથી અમે અમારી બધી શક્તિ તમને આપીને નિશ્ચિત થઈ ગયા.**

**અમારા જીવનમાં સફળતાની આ જ વાત છે. અમે શ્રધ્ધા સાથે પોતાનું માર્ગદર્શન અપનાવ્યું છે. અમને પોતાના ગુરૂ પ્રત્યે અતૂટ શ્રધ્ધા છે. અમે કદી પાછું વળીને નથી જોતાં. એકલા ચાલીએ છીએ. અમારી સાથે અમારી શ્રધ્ધા અને વિશ્વાસ ચાલે છે અને અમે સફળ થઈએ છીએ.**

**આપ કદી પણ અમને વ્યક્તિ ન સમજશો. આપ અમને એક શક્તિ સમજશો. બધા કામ સમય પર થઈ જશે. અમે એકલા કામ કરતા નથી. અમારી પાંચ શક્તિઓ કામ કરે છે. તમે જો જો અમે આગળ ચાલીને સામાજિક કુરીતિઓનું સમાધાન કેવી રીતે કરીએ છીએ. આપ આગામી દિવસોમાં અમારો ચમત્કાર**


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જોશો. બધી સમસ્યાઓનો ઉકેલ કેવળ મનુષ્યના દિલ અને દિમાગ બદલવાથી થશે. આગળના દિવસોમાં અમે અસંખ્ય મનુષ્યોના દિલ અને દિમાગ બદલી નાંખીશું. અમે ભગવાનનું એક સાધન (ઓજાર) છીએ.

ગુરૂ તત્ત્વને અમે શ્રધ્ધા તત્ત્વ કહીએ છીએ. એના દ્વારા જ ચમત્કાર થાય છે. જો તમારી અંદર આવી જાય તો તમારું જીવન પણ અમારી જેમ મસ્તીનું થઈ જતું. ચમત્કારો, રિધ્ધિ-સિધ્ધિઓથી ભરેલું હોત. ભગવાન કરે આ દિવસ તમારા ઉપર સૌભાગ્ય વરસાવે.

અમારી સ્થિતિ શંખ જેવી રહી છે. પોતાને પોલું-ખાલી જરૂર રાખ્યું છે જેથી પ્રેરક સત્તાને યોગ્ય રીતથી કામ કરવાનો અવસર મળી શકે. બસ આટલી અમારી વિશેષતા છે. જો આટલું પણ ન થાય અને પોતાની વ્યક્તિગત કામનાઓ, તૃષ્ણાઓ તથા મહત્ત્વાકાંક્ષાઓને મનમાં ભરી રાખી હોત તો સંભવ છે તે પ્રેરક સત્તા માટે પણ મુશ્કેલ હોત કે અમારા શરીરથી કંઈક કામ કરાવી શકત. સાચો શિષ્ય પોતાને ખાલી જ રાખે છે.

ગુરુ પૂર્ણિમાંના પાવન પર્વ પર જ્યારે આપણે આપણા શ્રધ્ધા સુમન ઋષિ યુગ્મના ચરણોમાં અર્પિત કરી રહ્યા છીએ, ત્યારે અમે એક પ્રશ્ન માત્ર પોતાની જાતને પૂછી શકીએ છીએ. અમારા શિષ્યત્ત્વમાં ક્યાંક કોઈ ખામી તો નથી રહી ગઈ, ક્યાંક હજી પણ તે યુગાંતરકારી સત્તાના સામર્થ્યમાં અમને સંદેહ તો નથી ? ક્યાંક સમર્પણ અડધું અધૂરું તો નથી ? આ પ્રશ્નોનો જો આપણે જવાબ શોધી લઈએ તો વર્તમાન પરિસ્થિતિમાં એક શિષ્યના નાતે અમારી ગુરુ ભક્તિ, અમારી જવાબદારી શું હોવી જોઈએ ? એ સમજવામાં જરા પણ મુશ્કેલી નહીં પડે. સ્વયં ગુરૂદેવે પોતાના ગુરૂ પ્રત્યે પોતાના સમર્પણના સંદર્ભમાં લખ્યું છે-અમે પોતાનું શરીર, મન, મસ્તિષ્ક, ધન અને અસ્તિત્વ, અહંકાર બધું જ માર્ગદર્શકના હાથોમાં સોંપી દીધું અમારું શરીર જ નહીં, અંતરંગ પણ એમણે ખરીદી લીધુ. પોતાની કોઇ ઇચ્છા બાકી ના રહી. ભાવનાઓનો સમસ્ત ઉભરો તે અજ્ઞાત શક્તિ ના નિયંત્રણમાં સૌંપી દીધો એનાથી ન તો કોઈ અમારો અનુરોધ છે, ન આગ્રહ, ન મના, ન સંશોધન. છાયા તો કાયાની પાછળ ચાલે છે. પછી સરળ માર્ગે ચાલવું પડે કે ખાડા-ટેકરા પર. બધે ચાલતા આવ્યા છીએ. ચાલતા રહીશું. હવે આદેશ-પાલનનો ધર્મ રહી ગયો, તો પછી પૂછપાછની શી જરૂર છે જ્યાં રાખશે ત્યાં રહીશું, જે કરાવશે તે કરીશું.

સ્વાભાવિક રીતે સમર્પણ કેવા સ્તરનું હોવું જોઈએ. એ આપણે પૂજ્યવરની લેખની દ્વારા અપાયેલ માર્ગદર્શનથી સમજી શકીશું. ગુરૂસત્તા સાથેના સંબંધ આપણા હમણાંના નહીં જન્મ જન્માંતરોના છે. એ વાત પણ જો આપણે સમજી લઈએ તો બધી ભ્રાંતિઓ દૂર થઈ શકે. આપણે સર્વે ગુરૂ ભાઈઓ છીએ છતાં પણ આપણે પોત પોતાના અહંમને કારણે કેકડો બની એક બીજાની ખેંચાખેંચી, ખરું-ખોટું કહેવામાં પડયા છે, પોતાને મોટા બીજાને નાના સમજીએ છીએ પ્યાર સંવેદના આપણામાંથી દૂર થતા જાય છે અને આપણે ગુરુ સત્તાની પ્રેરણા બનાવી પોતે કંઈક છીએ તે બતાવવામાં લાગી ગયા છીએ આપણે પોતાની ભૂલ સુધારવી જોઈએ. પૂજ્ય ગુરૂદેવે કહ્યું-અમે આસ્થા જગાડી શ્રધ્ધા જગાડી, નિષ્ઠા જગાડી. વાસ્તવમાં સિધ્ધાંતો પ્રત્યે શ્રધ્ધા હોય છે. આદર્શો પ્રત્યે શ્રધ્ધા હોય છે. વ્યકિતઓ પ્રત્યે શ્રધ્ધા, મૂર્તિઓ પ્રત્યે શ્રધ્ધા, દેવતાઓ પ્રત્યે શ્રધ્ધા ટકાઉ નથી હોતી. એનું વધારે મહત્વ નથી હોતું. જો સિધ્ધાંતો પ્રત્યે આપણે આસ્થાવાન ન થયા હોત તો સંભવ છે કે કેટલીય વાર આપણે ભટકી ગયા હોત અને ક્યાંથી ક્યાં ચાલ્યા હોત અને હવાનો ઝપાટો ઉડાવી આપણને ક્યાંય લઈ ગયો હોત. લોભ, નામ, યશ, દંભની માયા એવી છે કે માનવીને લાંબા રસ્તે ચાલવા મજબૂર કરે છે. તે માનવીઓને ઘસડીને લઈ જાય છે. આપણને પણ ઘસડી ગયા હોત. ઘણી વ્યકિતઓ જે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સિધ્ધાંતવાદના રસ્તે ચાલ્યા અને ભટકી ભટકી ક્યાંથી ક્યાં જઈ પહોંચ્યા. તમારા લોકોને માટે એ જ કહેવાનું કે તમે ગ્રેવિટીથી (આકર્ષણ-શક્તિ) ન ખેંચાશો, રોજ સવારે ઉઠી ભગવાનનું નામ લેતા રહેશો કે આપણે ક્યા સિધ્ધાંતો માટે સમર્પણ કર્યુ હતું અને પહેલું પગલું ભર્યુ હતું. એ સિધ્ધાંતોને રોજ યાદ કરી લેજો કે અમારી શ્રધ્ધામાં અને નિષ્ઠામાં, તે સંકલ્પમાં, તે સત્પ્રવૃત્તિમાં કંઈ ફર્ક તો નથી આવી ગયો ? સંસારે અમને ખેંચી તો નથી લીધા ? આપણે કોઈ ખરાબ લોકોની નકલ તો નથી કરવા લાગ્યા ? તમે એવું ન કરશો.

એવું નહીં કરીએ તો શું થઈ જશે ? જો તમારી શ્રધ્ધા કાયમ રહે તો પછી નવી ચીજ ઉદ્‌ભવશે નહિ, તમને કામ કરવાની લગન પૈદા થશે. એવી લગન કે તમે જે કામ લીધું છે. તેને પૂરું કરવા માટે કેટલા મજબૂત અને ઝડપી પગલાં લેવાય, એ તમારા કરવાથી જ થશે. તમે કર્યા વગર રહેશો નહિ.

પૂજ્યવરે સપ્ટેમ્બર ૫૮ માં લખ્યું છે. યુગ નિર્માણની દિશામાં અનેક કામ કરવા પડયા છે. એ જવાબદારીઓને ના પાડવાથી કામ નહીં ચાલે, પરંતુ આવશ્યક કર્તવ્યો પૂરા કરવા માટે આપણે તૈયાર થવું પડશે. ભાવનાત્મક, બૌધ્ધિક તથા સામાજિક ક્રાંતિની, સમાજમાં સ્વસ્થ પરિસ્થિતિઓ ઉભી કરવાની જવાબદારી આજે આપણી ઉપર આવી છે, તેને પૂરી કરવા આપણે બધી રીતે તૈયાર રહેવું પડશે.

**યુગ નિર્માણ યોજનાનો સ્થાપના પર્વ**

પૂજ્ય ગુરૂદેવે અખંડ જ્યોતિ ૧૯૬૩ માં લખ્યું છે કે યુગ નિર્માણ યોજનાની બૌધ્ધિક રૂપરેખા સન્ ૧૯૫૮ થી પરિજનો સામે પ્રસ્તુત કરવા ઉપરાંત હવે એ ગુરૂપૂર્ણિમા ૬ જુલાઈ ૧૯૬૩ થી તેને ક્રિયાત્મક રૂપ આપવામાં આવ્યું. આ ક્રિયા પ્રક્રિયામાં પરિવારના પ્રત્યેક પરિજનોએ ભાગ લેવો જોઈએ. યોજનામાં ધનની કોઈ જરૂર નથી. ન તેના માટે સંગ્રહ કરવા કે દાન માંગવાનો કાર્યક્રમ છે. ધનના આધારે ચાલનારી યોજનાઓ સફળ પણ નથી થતી. પ્રસ્તુત યોજનામાં સમય અને ભાવનાઓની જ જરૂર પડશે. પૂર્ણિમા ૬ જુલાઈ ૧૯૬૩ થી તેને વ્યાવહારિક રૂપમાં કાર્યશીલ કરવામાં આવી રહી છે.

પ્રત્યેક સદસ્યે ઉપવાસ કરવો જોઈએ. એકાંત સેવન અને જેટલું બને તેટલું મૌન રાખવું જોઈએ. જીવનનો આટલો સમય તો અસ્ત-વ્યસ્ત ગયો. હવે જે થોડા દિવસો રહ્યા છે તેનો સદુપયોગ કરવા માટે શું કરી શકીએ. એ પ્રશ્ન પોતાની જાતને બરાબર પૂછવો જોઈએ અને જો અંતરાત્મામાંથી જે અવાજ નીકળે કે કંઈક કરવું યોગ્ય અને જરૂરી છે તો પોતાની મનઃસ્થિતિ અનુસાર તેને કાર્યશીલ કરવાનો આરંભ કરી દેવો જોઈએ. જે પણ પગલાં ભરવામાં આવે સમજી વિચારી તથા સાહસપૂર્વક ઉઠાવાય જેથી પાછા વળવાંમાં મનોબળ તૂટવાનો અવસર ન આવે.

''આ વિચાર બીજ છે, જેના આધારે યુગ નિર્માણની સંભાવનાઓ સુનિશ્ચિત થશે.'' યુગ પરિવર્તનની વાત એક ક્રાંતિકારી જ કહી શકે. તે વ્યક્તિ વિચારી શકે જે પોતે પોતાના વિચારો જડ-મૂળથી બદલે. પરિસ્થિતિઓ બદલવાની વાત તો બધા કહે છે, પણ મનઃસ્થિતિને બદલીને વિચાર કરવાની શક્તિ દ્વારા પોતાના શ્રેષ્ઠ સંકલ્પોને જાગ્રત કરી જો વ્યક્તિ સ્વયંને બદલી લે તો પૂરો સમાજ બદલાઈ જાય. એ એક દાર્શનિક તથા મનોવિજ્ઞાનનો મનીષી-વિદ્વાન જ વિચારી શકે. યુગને બદલવા જેવાં અસંભવ દેખાતાં કાર્યને ત્યારે વ્યાવહારિક રૂપ આપી શકાય જ્યારે સમાજ, પરિવાર, વ્યક્તિનો સર્વાંગપૂર્ણ સુધાર થાય. મનુષ્ય બદલાય તો જમાનો બદલાવા લાગે છે. દૃષ્ટિકોણમાં પરિવર્તન આવતાં જ વાતાવરણ બદલાયેલું લાગે છે. ''એક-એક વ્યક્તિનું નિર્માણ થતું જાય તો યુગ નિર્માણ થયેલ દૃષ્ટિગોચર થશે.'' એ એક અવતાર સત્તા જ કહી શકે જેને ભવિષ્ય દેખાતું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય છે તથા વર્તમાનને બદલવા પૂરા તાણા-વાણા પણ જે પરોક્ષ જગત સાથે જ ગૂંથતી જાય છે.

યુગ પુરુષ દ્વારા લખેલ આ સત્સંકલ્પ/ઘોષણા પત્ર સ્વયંમાં એક દસ્તાવેજ છે, યુગ નિર્માણની લાંબી સફરમાં એક કીર્તિ સ્તંભ છે. આ ઘોષણા પત્રનું વિવેચન યુગ ચેતના સાહિત્ય પુસ્તકમાળામાં ૨૦ પુસ્તકોમાં (૫૧ થી ૭૦) પ્રકાશિત થઈ ચૂક્યા છે. સર્વે કાર્યકર્તા પ્રત્યેક ભાઈ, બહેન તથા નવયુવકો પાસે આ સેટ પહોંચાડી વિચારક્રાંતિ અભિયાનના સક્રિય સદસ્ય બનવામાં પાછળ ન રહે.

હવે યુગની રચના માટે એવા વ્યક્તિત્વોની જ જરૂર છે, જે વાચાળતા અને પ્રોપેગેંડાથી (અભિમાનથી, અહંકારથી) દૂર રહી પોતાના જીવનને પ્રખર તથા તેજસ્વી બનાવી અનુકરણીય આદર્શ ઉપસ્થિત કરે. મુશ્કેલીઓનો સામનો કરતા કરતા સદ્ ઉદ્દેશ્ય તરફ ધૈર્ય અને નિષ્ઠાપૂર્વક આગળ વધવું મનસ્વી લોકોનું કામ છે. કાયર મનુષ્ય થોડા ડગલા ભરતાં જ ડગમગ થાય છે.

**પૂજ્યવરે નવેમ્બર ૧૯૬૪ માં લખ્યું છે-જે લોકો અમારા અનેક અનુરોધ માનતા ઉપાસના તથા જીવન નિર્માણની દૃષ્ટિથી ઘણું કર્યુ છે. તેનાથી એ આશા પણ આપણે કરવી જોઈએ કે રાષ્ટ્રીય નવનિર્માણના એટલા જ મહત્વપૂર્ણ કાર્યમાં પણ તેમનું યોગદાન રહેવું જોઈએ.**

**વ્યક્તિવાદ આપણા દેશમાં દરેક વ્યક્તિ પર બુરી રીતે છવાયેલો છે. પોતાની જ વાત આપણે વિચારતા હોઈએ છીએ. સામૂહિક ભાવનાઓ ઉઠતી જ નથી. સમાજ સેવાના કાર્યમાં જ્યાં સુધી ઉત્સાહ ન ઉઠે, ત્યાં સુધી એ મનુષ્યના વિષે એ કહી ન શકાય કે તેની અંદર અધ્યાત્મનો પ્રકાશ આવી ગયો.**

**સ્વાર્થી મનુષ્ય પછી ભલે સ્વર્ગ મુક્તિ માટે દિવસભર માળા કેમ જપતો ના રહે, શંકાશીલ મનોભૂમિનો જ માનવામાં આવે અને જ્યાં સુધી આત્મ વિસ્તારની, વસુધૈવ કુટુંબકમની વૃત્તિ જાગૃત ન થાય ત્યાં સુધી કોઈને ઈશ્વર ભક્ત કે અધ્યાત્મના અનુયાયી કહેવું અયોગ્ય છે.**

**જાન્યુઆરી ૬૫ માં લખ્યું છે કે જેનામાં સાહસ હોય તે આગળ આવે. અમારું પોતાનું કંઈ પણ કાર્ય કે પ્રયોજન નથી. માનવતાનું પુનરૂત્થાન થવા જઈ રહેલ છે. ઈશ્વર તેને પૂરું કરશે. દિવ્ય આત્માઓ તે દિશામાં કાર્ય કરી પણ રહી છે. ઉજ્જવળ ભવિષ્યના આત્માનો ઉદય થઈ રહ્યો છે. પુણ્ય પ્રભાતનો ઉદય થવાનો સુનિશ્ચિત છે, આપણે ધારીએ તો તેનું શ્રેય લઈ શકીએ અને પોતે પોતાને યશસ્વી બનાવી શકીએ.**

**બૌધ્ધિક, નૈતિક, સામાજિક, ક્રાંતિ જરૂરી છે. તેનો મોરચો રાજનૈતિક લોકો નહીં, ધાર્મિક કાર્યકર્તા સંભાળશે. આ પ્રક્રિયા યુગ નિર્માણ યોજનાના રૂપમાં આરંભ થઈ છે. અમે ઈચ્છીએ છીએ કે સંચાલનનો ભાર મજબૂત હાથોમાં રહે. એવા લોકો પોતાના પરિવારમાં જેટલા પણ હોય, જ્યાં પણ હોય, જે પણ હોય એકત્રિત થઈ જાય અને પોતાના કામ સંભાળી લે.**

**પરમ પૂજ્ય ગુરૂદેવની પાંચ સ્થાપનાઓ**

**પાંચો સંસ્થાન એક જ ધરી પર ટકેલ છે. એક જ ગંગોત્રીથી નીકળેલ પાંચ હિમનદી છે તથા પૂજ્ય ગુરૂદેવ તથા વંદનીય માતાજી રૂપી ઋષિયુગ્મના સંરક્ષણમાં કાર્યરત છે. ઋષિ યુગ્મની પ્રેરણાથી જ મનુષ્યમાં દેવત્વ તથા ધરતી પર સ્વર્ગ અવતરણ હેતુ એ કાર્ય થઈ રહેલ છે. પોતાના અહમને છોડી સર્વજનહિતાય પૂજ્ય ગુરૂદેવની આકાંક્ષાઓ અનુસાર મિશનના હિતો ને ધ્યાનમાં રાખી સમજી બધા કાર્યક્રમ સંપન્ન થવા જોઈએ. સ્થાનીય પરિસ્થિતિ અનુસાર કાર્ય સંચાલન યુધ્ધ સ્તર પર થવું જોઈએ. ત્યારે આપણે વરિષ્ઠ-કનિષ્ઠ પરિજન પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં સાચી પુષ્પાંજલિ અર્પિત કરવામાં સફળ થઈ શકીએ.**

**-લીલાપત શર્મા**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**અપનો સે અપની બાત**

# સંભાગીય મહાપૂર્ણાહુતિ પછી હવે ત્રણ સ્તર રૂપે અતિ મહત્ત્વપૂર્ણ ચતુર્થ ચરણ

આ પત્રિકાના પાઠકો પાસે પહોચતા સુધી સંભાગીય સ્તરની રાષ્ટ્રવ્યાપી ૧૦૮ મહાપૂર્ણાહુતિઓ સમાપ્ત થઈ ગઈ હશે. ભારતની બહાર વિદેશની ધરતી પર એવા વિરાટ ચોવીસ આયોજન સંપન્ન થવાના છે, જે ત્યાની પરિસ્થિતિઓને અનુરૂપ ૧૮ જૂન ૨૦૦૦ થી ૨૨ જાન્યુઆરી ૨૦૦૧ સુધીની અવધિમાં લગભગ ચોવીસ દેશોમા આયોજન થઈ રહ્યા છે રાષ્ટ્રવ્યાપી ૧૦૮ સભાગીય પૂર્ણાહુતિઓ એક પ્રકારે રાષ્ટ્રની સંઘટનાત્મક મંથન પ્રક્રિયાના પ્રથમ ચરણનું સમાપન છે આ ૧૦૮ સ્થાનોમાં રાષ્ટ્રનો કોઈ પણ ખૂણો બાકી રહ્યો નથી. જ્યાં દક્ષિણ ભારતમાં ચેન્નઈ, બેંગલોર, હૈદરાબાદમાં કાર્યક્રમ થયા છે. ત્યાં પૂર્વાન્તરના સિલીગુડી, કલકત્તા, વીરગજમાં પશ્ચિમના જમ્મુ, શ્રી ગંગાનગર, જોધપુર, ભૂજમાં પણ એ સંપન્ન થયા. ઉત્તરમાં પાલમપુર, સિમલા, ટેહરી, અલમોડા આદિ ક્ષેત્રોમા પણ પૂર્ણાહુતિ સંપન્ન થઈ. રાષ્ટ્ર જાગરણ તીર્થયાત્રા જે લગભગ ચૌદ રથો દ્વારા ૯૦ દિવસમાં લગભગ પચાસ હજારથી પણ વધારે માઈલની યાત્રા સપન્ન કરી પૂરા રાષ્ટ્રના ખૂણે ખૂણામાં ગાયત્રી મહાશક્તિનું બીજારોપણ કરી દીધુ હતું તો આનાથી સુદર સમાપન શું હોઈ શકે

પોત પોતાના ક્ષત્રની જવાબદારી ઉઠાવવાનો સકલ્પ જે જાગ્રત પ્રજ્ઞાપુત્રોએ લીધો છે, તેમને હવે આગળના મોરચા માટે તૈયાર રહેવુ પડશે. સાત આદોલનોના માધ્યમથી સમાજ તથા રાષ્ટ્રના નવ નિર્માણને સકલ્પિત યુગ નિર્માણ યોજના તે પ્રતિભાઓની વાટ જોઈ રહી છે જેને આ વર્ષ ગામ, બ્લોક, જિલ્લા તથા સંભાગ સ્તરે ચાલતી મથન પ્રક્રિયાના માધ્યમથી શોધવામાં આવેલ છે

કદીક સસ્કૃતિની સીતાને શોધવા ભગવાન શ્રીરામે હનુમાનજીને મોકલ્યા હતા તથા તે પોતાના સ્વામીની કસોટીમાથી પાર ઉતર્યા, બિલ્કુલ એવી રીતે આ યુગના શ્રીરામે પોતાના પ્રજ્ઞાપુત્રો તથા પ્રજ્ઞાપુજો રૂપી હનુમાનોને તે પ્રતિભાવાનોની શોધના હેતુએ વધુ આધ્યાત્મિક પુરૂષાર્થ કરવા પ્રેરિત કર્યા, જે સમાજની વિભિન્ન જવાબદારીઓ પોતાના ખભા પર ઉઠાવી શકે. મહાપૂર્ણાહુતિના સળગતા દીપોની ઊષ્માથી બાર વર્ષથી ગરમ થઈ રહેલ પ્રત્યક્ષ તથા પરોક્ષ જગતમાં તે પ્રચડ હિલોળા જન્મ લઈ રહી છે. જે તે ચક્રવાતને જન્મ આપશે, જેનું નામ પ્રજ્ઞાવતાર છે સમષ્ટિગત વિભૂતિઓના, વરિષ્ઠ સ્તરના પ્રાણવાનોના સુધરેલ ચિંતનના રૂપમાં જ આ યુગના નિષ્કલક અવતાર, ઋતુભરા પ્રજ્ઞાની સ્થાપનાના રૂપમા આવી રહેલ છે.

ગાયત્રી જયતી અથવા પૂર્ણિમા સુધી સમાપ્ત થયેલ આ તૃતીય ચરણ પછી હવે ચતુર્થ ચરણ ગતિ પકડશે. એમાં ત્રણ પુરૂષાર્થ સંપન્ન થવાના છે. ૧ જુલાઈથી ૧ ઓક્ટોબર સુધીના ત્રણ મહિનાના સમયમા પૂરા ભારતમાં સ્થળે સ્થળે દોઢ દિવસીય પ્રતિભા સુધાર પ્રધાન બુધ્ધિજીવી વર્ગના તથા સગઠનાત્મક પ્રજ્ઞામંડળોના કાર્યક્રમ સંપન્ન થવાના છે. આ કાર્યક્રમોને નક્કી કરેલ સ્થાનો પર કરવામાં આવશે જ્યાં કોઈ જગ્યાએ તૃતીય ચરણે ગતિ પકડી હશે, કયાંક સભાવનાઓ દેખાશે, ત્યાં વિભિન્ન સમાજ સેવી સગઠનોના સમૂહો, રોટરી કલબ, લાયન્સ કલબ, ભારત વિકાસ પરિષદ, ચેમ્બર ઓફ કોમર્સ, આય.એમ.એ વિદ્યાર્થી સંઘ, શિક્ષક સંઘ, પ્રજ્ઞામડળ, સ્વાધ્યાય મંડળોના માધ્યમથી આ કાર્યક્રમ સંપન્ન થશે તેનાથી તૃતીય ચરણમા થયેલ કાર્યને સ્થાયીત્વ મળશે, સાથે સાથે અલગ અલગ સ્થાનની અજાણી પ્રતિભાઓને નવેસરથી યુગચેતનાના પ્રવાહમા જોડાવાનો અવસર પણ પ્રાપ્ત થશે

એના પછી તરત ૧૩ ઓકટોબર શુક્રવારે શરદ પૂર્ણિમાના પાવન દિવસે સાંજે ૫ થી ૯ જવાહરલાલ નહેરૂ સ્ટેડીયમ નવી દિલ્લીમાં એક વિશિષ્ટ વિભૂતિ જ્ઞાનયજ્ઞ સમારોહ થવાનો છે. એમાં ૧૦૮ સ્થળોમાંથી પ્રત્યેક જગ્યાની ૧૦૦-૧૦૦ વિભૂતિઓ તથા લગભગ પચીસ હજાર વિશિષ્ટ જવાબદારી ઉઠાવનારા કાર્યકર્તા ભેગા થશે. ભારતના રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી મહોદયની ગરિમામય ઉપસ્થિતિ સાથે બધા ધાર્મિક તથા સ્વૈચ્છિક સંગઠનોના પ્રમુખ જે રચનાધર્મી કાર્યથી જોડાયેલ છે, તે આમાં મળી જશે. બધા દેશોના રાજદૂતોને પણ આમાં આમંત્રિત કરવામાં આવ્યા છે આ કાર્યક્રમનું સીધું પ્રસારણ વિભિન્ન ચેનલોથી થાય, એ પણ પ્રયાસ થઈ રહ્યો છે લક્ષ્ય એક જ છે એક જ મંચથી બધા લોકોનુ ઉજ્જવળ ભવિષ્ય કઈ તરફ આવી રહ્યુ છે

ચતુર્થ ચરણના અંતિમ સમાપન પરક સમાયોજન સમારોહ ૭ થી ૧૧, નવેમ્બરની તારીખોમાં 'સૃજન સંકલ્પ વિભૂતિ મહાયજ્ઞ'ના રૂપમા શાંતિકુંજ ગાયત્રી તીર્થ હરિદ્વાર તથા તેની આસપાસના લગભગ ચોવીસ માઈલના ક્ષેત્રમા સંપન્ન થશે. ૨૮, ૨૯, ૩૦ એપ્રિલ શાતિકુજમા વિશિષ્ટ કાર્યકર્તાઓના એક સંમેલન માં એની વિસ્તૃત રૂપરેખા બનાવી લીધી છે. આ આયોજન પણ આમંત્રિત વિશિષ્ટો માટે હશે. જે પોતાના ક્ષેત્રની મહત્ત્વની જ જવાબદારી આગળના દિવસોમાં સંભાળશે. તે કંઈક વિશેષ સમયદાન, શ્રમદાન, સાધનદાન, મિશનના ઉદ્દેશ્યોની પૂર્તિ નિમિત્તે સભાળી રહ્યા છે.

એક વિષમતા ભરેલ સમયના સમાપનની વેળા સમીપ આવી રહી છે. સંભાગીય, રાષ્ટ્રીય તથા અંતરાષ્ટ્રીય સ્તરના ત્રણ સમારોહોથી ચોક્કસ નૂતન એકવીસમી સદીનું સતયુગી સ્વરૂપ ઉભરી આવશે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## ગુરુ વંદના

ગુરુના પાદપંકજમાં નમાવું શીષ સદ્ભાવે,
જીવનમાં આત્મગૌરવની, અમોને દ્રષ્ટિ સમજાવે.
નથી કોઈ નામની પરવા, જીવન નિષ્કામ જેનું છે,
અમારી સંસ્કૃતિમાં જે, નિરંતર પ્રાણ પ્રગટાવે.
ગુરુના પાદપંકજમાં...........

જગતના દર્દથી રડતું નિરંતર જેહનું અંતર,
સમર્પિત સંસ્કૃતિ કાજે, જીવનના રાહ બદલાવે.
ગુરુના પાદપંકજમાં...........

કરે જે ધર્મ-કર્મોની અને ઈમાનની વ્યાખ્યા,
નમન ''શ્રીરામ'' ને ચરણે, જીવનમાં ભાવ પ્રગટાવે.
ગુરુના પાદપંકજમાં...........

જીવનમાં ઝંખના જેની, સ્થપાયે સંસ્કૃતિ ગૌરવ,
જીવનમાં અસ્મિતા પ્રગટે, અગર જો દ્રષ્ટિ બદલાવે.
ગુરુના પાદપંકજમાં...........

સરિતા સ્નેહની વહેતી, નિરંતર નમ્ર નયનોથી,
હજારો રાહીના જીવન તણાએ રાહ પલટાવે.
ગુરુના પાદપંકજમાં...........

**વિઠ્ઠલભાઈ ડી. પટેલ**
રાંધેજા



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.